بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-માર્ચ-૨૦૦૯**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર

હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૦૩, સળંગ અંક : ૬૩



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | મીલાદુન્નબી ﷺની બરકતો | ૦૨ |
| ૦૨ | હે સુન્ની મુસલમાનો ! થોભો ! ગંભીર બનો અને જુઓ ! આપણે ક્યાં છીએ ? જન્નતના માર્ગે કે જહન્નમના માર્ગે ? | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | અઝાન પછી દુરૂદ શરીફ પઢવું કેવું ? | ૧૪ |
| ૦૬ | કાનૂને શરીઅત | ૧૬ |
| ૦૬ | કુર્આન શરીફ અને તેના આદાબ તથા અહકામ | ૧૮ |
| ૦૬ | ઈમાનવાળાઓની નવ ખૂબીઓ | ૨૦ |
| ૦૬ | ઈસ્લામમાં હલાલ કમાણીનું મહત્વ | ૨૬ |
| ૦૬ | ઈસ્લામમાં સ્ત્રીનો મર્તબો અને પશ્ચિમી જગત ! | ૨૮ |
| ૦૬ | ઈસ્લામી પર્દા વિરુદ્ધ યૂરોપનો સાંસ્કૃતિક આતંકવાદ ! | ૩૩ |
| ૦૬ | મઝારો પર હાજરી આપનારાઓને બે વાતો... | ૩૮ |
| ૦૬ | હસદના અરીસામાં આપણો ચેહરો | ૪૨ |
| ૦૬ | કા'બા શરીફનું ગુસ્લ ઈતિહાસની રોશનીમાં | ૪૫ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## રઝા કા કલમ બોલતા હૈ

સિતમગર જહાં ભી સિતમ બોલતા હૈ
વહાં એક રઝા કા કલમ બોલતા હૈ
મુજદ્દિદ થે અહમદ રઝાખાં યકીનન !
અરબસે ઈમામે હરમ બોલતા હૈ
રઝા થે રઝાએ ઈલાહી મેં રાઝી
ઝમાને કા એહલે કલમ બોલતા હૈ
યે અહમદ રઝા ખાં મમ્બએ ઈલ્મો હિકમત
ષનાએ રઝા મેં અજમ બોલતા હૈ
રિયાઝી મેં મન્તિક મેં હયૂઅત મેં કામિલ
સુખનમેં રઝા કા કલમ બોલતા હૈ
રહો બદ્ અકીદોં સે હોશિયાર હરદમ
યે ઈલ્મે રઝા દબ બદમ બોલતા હૈ
ઝુકેગા કભી ભી ન બાતિલ કે આગે
યે અહમદ રઝા કા ઈલ્મ બોલતા હૈ
યે રાઝી ગિઝાલી કે જૈસે રઝા ભી
હમારા યે 'આસી' ફહમ બોલતા હૈ

રજૂ. : **મુહમ્મદ રફીક દાઊદ દહેગામી** (તા. જંબુસર)

# મીલાદુન્નબી ﷺની બરકતો

કાર્યાલય

જે રીતે સૂરજ ઉગતાં પહેલાં લુપ્ત થતા તારા, સુબ્હે સાદિકની સફેદી અને આકાશની લાલિમા સૂર્યોદયની ખુશખબર આપવા માંડે છે, એ જ રીતે જ્યારે રિસાલતના સૂર્યનો ઉગવાનો સમય નજીક આવ્યો ત્યારે ચારેબાજુ એવી સંખ્યાબંધ અજબ ગજબની ઘટનાઓ અને માનવીની નિયમિત ટેવો વિરૂધ્ધની સંખ્યાબંધ નિશાનીઓ જાહેર થવા લાગી અને સમગ્ર બ્રહ્માંડને એ ખુશખબર આપવા લાગી કે હવે સંપૂર્ણ ચમક દમક સાથે રિસાલતના સૂર્યનો ઉદય થઈ રહ્યો છે.

આથી જ અસ્હાબે ફીલના મૃત્યુ પામવાની ઘટના, એકાએક રહમતોની વર્ષાથી અરબની ભૂમિનું લીલીછમ થઈ જવું અને વર્ષોનો દુકાળ દૂર થઈને સમગ્ર દેશમાં ખુશાલી થઈ જવી, મૂર્તિઓનું ઊંધા મોંઢે પડી જવું, ઈરાનના મજૂસી (પારસી)ઓની એક હજાર વરસની સતત બળતી આગનું એક ક્ષણમાં ઓલવાઈ જવું, કિસરાના મહેલમાં ધરતીકંપ અને તેના ચૌદ કંગૂરાનું તૂટીને પડી જવું, 'હમ્દાન' અને 'કુમ' વચ્ચે આવેલા છ માઈલ લાંબા અને છ માઈલ પહોળા સરોવર 'બુહૈરએ સાદા'નું એકાએક સૂકાઈ જવું, સીરિયા અને કૂફા વચ્ચેના પ્રદેશમાં સમાવહ નામની સૂકી નદીનું એકાએક વહેવા લાગવું, હુઝૂર ﷺની વાલિદાના પવિત્ર શરીરમાંથી એક એવા નૂરનું નીકળવું જેનાથી બસરાના મહેલ પ્રકાશિત થઈ ગયા.

ખતીબ બગદાદીએ પોતાની સનદ (પ્રમાણ) સાથે આ હદીષ શરીફ રિવાયત કરી છે કે હુઝૂર ﷺ નાં વાલિદા માજેદા હઝરત બીબી આમેનાએ ફર્માવ્યું કે જ્યારે હુઝૂરે અકદસ ﷺનો જન્મ થયો ત્યારે મેં જોયું કે એક બહું જ મોટુ વાદળ આવ્યું જેમાંથી પ્રકાશ સાથે ઘોડાઓનો હણહણાટ અને પક્ષીઓના ઉડવાનો અવાજ સંભળાતો હતો. ત્યાર પછી એકાએક હુઝૂર ﷺ મારી સામેથી ગાયબ થઈ ગયા અને મેં સાંભળ્યું કે એક એલાન કરનાર એલાન કરી રહ્યો છે કે મુહમ્મદ ﷺ ને પૂર્વ અને પશ્ચિમમાં ફેરવો અને એમને સમુદ્રોની સહેલ કરાવો જેથી સમગ્ર કાઈનાત (બ્રહ્માંડ)ને એમનું નામ, એમની સૂરત શક્લ અને એમની વિશેષતાઓની ખબર પડી જાય. અને એમને બધા જ સજીવો સમક્ષ રજૂ કરો એટલે કે જિન, માનવ, ફરિશ્તા અને પશુ પક્ષીઓ સમક્ષ રજુ કરો અને એમને બધા જ પયંગબરોના કમાલાત (નિપૂણતા અને કૌશલ્યો) અને અખ્લાકે હસના (શિષ્ટ આચરણ)થી શણગારી દો. ત્યાર પછી એ વાદળું જતું રહ્યું પછી મેં જોયું કે આપ ﷺ રેશમના લીલા કપડામાં લપેટાયેલા છે અને આ કપડામાંથી પાણી ટપકી રહ્યું છે અને કોઈ એલાન કરનારો એલાન કરી રહ્યો છે કે વાહ ! વાહ ! કેવું સરસ ! મુહમ્મદ ﷺ ને સમગ્ર દુનિયાનો કબજો આપી દેવામાં આવ્યો છે. અને બ્રહ્માંડની કોઈ વસ્તુ એવી નથી જે એમના પ્રભુત્વના કબ્જામાં અને આજ્ઞાકારીઓના વૃંદમાં ન હોય. હવે જ્યારે મેં ચેહરએ અન્વર (નૂરથી ઝગમગતો ચેહરો) જોયો તો એ ૧૪ મીના ચાંદની જેમ ચમકી રહ્યો હતો અને શરીરમાંથી કસ્તૂરીની સુગંધ આવી રહી હતી. ત્યાર પછી ત્રણ જણા જોવામાં આવ્યા. એકના હાથમાં ચાંદીનો લોટો, બીજાના હાથમાં લીલા ઝમર્રુદનો થાળ, ત્રીજાના હાથમાં એક ચમકદાર અંગૂઠી હતી, અંગૂઠીને સાત વાર ધોઈને તેણે હુઝૂર ﷺ ના બંને ખભા વચ્ચે નબુવ્વતની મહોર લગાડી દીધી. પછી હુઝૂર ﷺ ને રેશમી કાપડમાં લપેટીને ઉપાડયા અને એક ક્ષણ બાદ મને સોંપી દીધા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભા. ૧, પેજ–૧૧૩ થી ૧૧૫)*

'અસ્હાબે ફીલ'ની ઘટનાના ૫૫ દિવસ બાદ ૧૨ મી રબીઉલ અવ્વલ ઈ.સ. પ્રમાણે ૨૦ મી એપ્રિલ ઈ.સ. ૫૭૧ આપની વિલાદતે બા સઆદત (પવિત્ર જન્મ)ની તારીખ છે. મક્કવાસીઓ પણ એના પર જ અમલ કરે છે. એ લોકો રબીઉલ અવ્વલની બારમી તારીખે જ દરબારે નબવીની ઝિયારત માટે જાય છે અને ત્યાં મીલાદ શરીફની મેહફિલોનું આયોજન કરે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૧૪)* હાલ નજદી વહાબી ગુસ્તાખે નબીની હુકૂમત હોવાથી એ બધા પર પ્રતિબંધ છે.

જે પવિત્ર મકાનમાં હુઝૂરે અકદસ ﷺ નો જન્મ થયો હતો. ઈસ્લામી ઈતિહાસમાં એ સ્થળનું નામ મવલિદુન્નબી (નબીનું જન્મ સ્થળ) છે. આ અત્યંત પવિત્ર સ્થળ છે. ઈસ્લામના સુલ્તાનોએ આ મુબારક યાદગાર પર ખૂબ જ શાનદાર ઈમારત બંધાવી આપી હતી જ્યાં હરમૈન (મક્કા મદીના) શરીફૈનના લાકો અને વિ□ભરમાંથી આવતા મુસલમાનો રાત દિવસ મેહફિલે મીલાદનું આયોજન કરતા અને સલાતો સલામ પઢતા રહેતા હતા. આથી જ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના પુસ્તક ફયૂઝુલ્ હરમૈનમાં લખ્યું છે કે : ''હું એકવાર તે મેહફિલે મીલાદમાં હાજર થયો જે મક્કા મુકર્રમહ્માં ૧૨ મી રબીઉલ અવ્વલના રોજ મવલિદુન્નબીમાં યોજાયી હતી. જ્યારે વિલાદતનું બયાન વંચાઈ રહ્યું હતું ત્યારે મેં જોયું કે, એકાએક એ મજલિસમાંથી કેટલાક અન્વાર બુંલદ થયા. મેં એ અન્વાર વિશે વિચાર્યું તો ખબર પડી કે એ તો અલ્લાહની રહમત અને એ ફરિશ્તાઓના અન્વાર હતા કે જેઓ આવી મેહફિલોમાં હાજર થયા કરે છે.'' *(ફયૂઝુલ્ હરમૈન બહવાલા સીરતે મુસ્તફા, અઝ : આ'ઝમી رحمۃ اللہ علیہ)* રબ્બે કરીમ આપણને સૌને મેહફિલે મીલાદ મનાવવાની તૌફીક્ આપે અને તેની બરકતોથી માલામાલ કરે. (આમીન)

**હે સુન્ની મુસલમાનો ! થોભો ! ગંભીર બનો અને જુઓ !**

**આપણે ક્યાં છીએ ?**

# જન્નતના માર્ગે કે જહન્નમના માર્ગે ?!




ખુશી મનાવવી એ માનવ પ્રકૃતિ છે. જ્યારે કોઈ નેઅમત મળી જાય, કોઈને કોઈ હોદ્દો કે કાંઈ દુનિયવી દૌલત અચાનક મળી જાય અથવા કોઈને ત્યાં પુત્રી કે પુત્ર જન્મ થાય, કોઈની કોઈ હરીફાઈમાં કે ઈલેક્શનમાં જીત થઈ જાય, કોઈ ગોલ્ડ મેડલ મેળવી લે, તો વળી કોઈ પરીક્ષામાં સારા નંબરે પાસ થાય, કોઈને સારી નોકરી મળી જાય, ફોરેનની વીઝા મળી જાય, કોઈને ત્યાં શાદી પ્રસંગ આવી જાય તો માણસમાં ખુશીના ઉમંગો જાગી ઉઠે છે અને તે પોતાની ખુશી પ્રદર્શિત કરવા થનગની ઉઠે છે અને અવનવા પ્રોગ્રામ રચે છે, દિલમાં ખુશીનો દરિયો ઉછાળા મારે છે અને માણસ બેકાબૂ બનીને ક્યાંક તાળીઓ પાડી ઉઠે છે, ક્યાંક ખુશીની ચીસો પાડી ઉઠે છે, ક્યાંક નાચવા કૂદવા લાગે છે ! ક્યાંક ફટાકડા ફોડવા માંડે છે !

## ★ ખુશી મનાવો પણ ખુશીમાં છકી ન જાવ ! ★

એ જ પ્રમાણે જ્યારે કોઈક કૌમનો ખુશીનો પ્રસંગ હોય છે, જેમ કે કોઈક દેશ અન્યની ગુલામીમાંથી જે તારીખે આઝાદ થયો હોય અથવા ક્યાંક વારે તહેવારે આનંદ મેળા રચાતા હોય છે તો ત્યાં પણ ખેલકૂદ, રમત ગમત, હરવા ફરવા, મનોરંજનના પ્રોગ્રામો ગવર્નમેન્ટ તથા પબ્લિક ગોઠવે છે. વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામોના નામે લોકોનું મનોરંજન કરાય છે તો વળી લશ્કરના યુવાનો થકી એડવન્ચર્સના પ્રયોગો લોકો સમક્ષ દેખાડવામાં આવે છે.

બેશક ! જેને કોઈ નેઅમત મળે, ખુશી મળે તેણે તેને પ્રદર્શિત કરવી જોઈએ, અલ્લાહની મળેલ નેઅમતની ખુશી માણવી તથા મનાવવી જોઈએ, ઈસ્લામ ખુશી મનાવવાથી કોઈને રોકતો નથી, પણ મુસલમાને ખુશીમાં છકી ન જવું જોઈએ ! બલ્કે રસૂલે પાક ﷺની મીલાદની મેહફિલો કરવી જોઈએ, નઅતની તથા ઈસ્લામના અહકામની સમજ માટે વાએઝની તથા નબી પાક ﷺની તથા અવલિયાની શાન દર્શાવતી મેહફિલો કરવી જોઈએ, ગરીબોને પકવાનો ખવડાવીને તથા સગાં વહાલાંઓની મિત્રોની ઝિયાફતો કરીને ખુશી મનાવવી જોઈએ. પણ શરીઅતની મર્યાદાઓનો ભંગ કરી ખુશીના નશામાં આવારગી તથા ઐયાશીમાં ન પડી જવું જોઈએ, નહીં તો રબને ત્યાં તમારી સખત પકડ થશે. ક્યાંક એવું ન બને કે આ ખુશીનો પ્રસંગ તમારા માટે દુનિયાની મુસીબતો તેમજ આખેરતના અઝાબનો સબબ બની જાય !

## ★ હિંદુઓની "હોળી" તથા "દીવાળી" અને મુસલમાનોની "પીઠી" તથા "શાદી" ★

અત્યારે હું થોડીક કડવી પણ સત્ય તથા લાભદાયી વાતો રજૂ કરવા ન ચાહવા છતાં મજબૂર બનીને અનાયાસે પ્રેરાયો છું, કેમ કે આજકાલ થોડાક સમયથી આપણી મુસલમાન કહેવડાવનારી કૌમમાં પણ શાદીઓમાં ફોરેનરોની દેખાદેખી કેટલીક અતિ શરમજનક રસમો એવી ચાલુ થઈ ગઈ છે કે અલ્લાહની પનાહ ! હિંદુઓમાં હોળી ખેલવાનો રિવાજ છે અને હોળીના દિવસે બાળકો, યુવાનો, યુવતીઓ, આધેડો સૌ આનંદના અતિરેકમાં બેકાબૂ બની જાય છે અને એકબીજા પર રંગ ઉડાડે છે, રંગની પીચકારીઓ મારે છે, ક્યાંક ડોલો ભરીને રંગો ફેંકવામાં આવે છે, એકબીજાની પકડા પકડી, ખેંચા ખેંચી, જુવાન જુવાન છોકરા છોકરીઓમાં મઝાક મસ્તી, નાસભાગ અને ખૂબ જ તમાશા મનોરંજનના રચાતા હોય છે, રંગ તથા પાણીથી ભીંજાવાથી યુવતીઓનાં છુપાવવાનાં અંગો પણ જાહેર થઈ જાય છે અને ખૂબ જ શરમજનક દશ્યો ઘણે ઠેકાણે ખડાં થાય

છે. અને બીજુ શું શું થાય છે એ તો લગભગ લોકો જુએ તથા જાણે છે. આ છૂટછાટવાળી મસ્તીના કારણે ઘણે ઠેકાણે આડા સંબંધો જન્મ પામે છે અને જે વ્યભિચારમાં પરિણામી ભયાનક ખરાબીઓ પણ સર્જે છે અને કુટુંબો પર આફતો પણ લાવે છે.

ખૈર ! એ તો બિનમુસ્લિમ લોકોનો તહેવાર છે અને એમના માટે કોઈ શરીઅત નથી, પણ આવાં જ દશ્યો જ્યારે મુસલમાન કહેવડાવનારા લોકો કરે, નબી કરીમ ﷺના તથા અહલે બયતના, ઈમામે હુસૈનના આશિકો તથા ચાહકોમાં થાય, ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہાની કનીઝાઓ કરવા માંડે ત્યારે અત્યંત દુઃખ તથા અફસોસ થાય છે. શાદીના એક દિવસ અગાઉ જાહેરમાં પબ્લિક વચ્ચે દુલ્હા કે દુલ્હનને પીઠી લગાડવાનો પ્રોગ્રામ થાય છે જેમાં પહેલાં તો એવું થતું હતું કે છોકરાની ભાભીઓના હાથે સર્વ મેહરમ નામેહરમ સ્ત્રીઓની રૂબરૂ મઝાક મશ્કરી, ધક્કા મુક્કી સાથે છોકરાનાં કપડાં કેસર કે હળદર વડે પીળાં કરવામાં આવતાં હતાં. **આ પણ હરામ જ પ્રક્રિયા છે કે બેપર્દા નામેહરમ સ્ત્રીઓ વચ્ચે બેસવું તથા ભાભીઓ કે જે નામેહરમ જ ગણાય છે તે તેણીઓનું ઠઠ્ઠા મશ્કરી મઝાક મસ્તી સાથે દિયરના શરીર પર કપડાં પર હાથો મારીને રંગી દેવું,** આ સઘળુ ઈસ્લામમાં **સખત હરામ** જ છે, પણ હવે તો બેશરમીની હદો પાર થઈ રહી છે કે ફક્ત દુલ્હાને જ પીળો કરવામાં નથી આવતો બલ્કે ઘરના યુવાનો યુવતીઓ આમને સામને હોળી જેમ એકબીજાને પીળા પાણી વડે રંગે છે તો ક્યાંક ટામેટાં તથા ઈંડા મારીને સ્ત્રી પુરૂષો સમૂહમાં એકબીજાને ખરડીને આનંદની ચીચીયારીઓ પાડે છે ! હોળી જેવી જ ભાગમ ભાગ થાય છે કે ખેંચા ખેંચી થાય છે ! આપણી સ્ત્રીઓ આમેય કપડાં પારદર્શક જેવાં આરપાર તથા ટૂંકા પહેરે છે ! વળી પાણીથી ભીનાં થતાં સર્વ પબ્લિક સામે નગ્નતા જાહેર થાય છે અને આ બધું પિક્ચર VDO માં ઉતારાય છે ! અફસોસ ! જેના માથે દુનિયાની કૌમોને સુધારવાની જિમ્મેદારી છે, જે "ખયરે ઉમ્મત" (શ્રેષ્ઠ ઉમ્મત) કહેવાય છે તે જ કૌમ ગૈરોના તરીકા અપનાવી રહી છે ! અને ન સમાજમાં કોઈ રોકનાર છે ન ઘરમાં તેમને કોઈ ટોકનાર હવે રહ્યું છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !)

વળી શાદીની રાતોમાં ફાસિક઼ ક઼વ્વાલોને બોલાવી વાજિંત્રો સાથે ક઼વ્વાલીના હરામ પ્રોગ્રામો તો **ક્યાંક પાર્ટીમાં રંડી નચાવવી તો ગરબા દાંડીયા રાસ ખેલવાના પ્રોગ્રામો** વગેરે કરી રાતોને રંગીન તથા મદહોશ બનાવાય છે ! **આ બધું આપણા આશિક઼ે રસૂલ ભાઈ બહેનો કરે છે !** અને રૂપિયાની નોટો કવ્વાલી ગાનારાઓ પર હજારોમાં ઉડાડવામાં આવે છે ! તો વળી શાદીના દિવસે બારાતમાં હિંદુઓની દીવાળી જેમ ફટાકડાના ધડાકા કરવામાં આવે છે અને મ્યૂઝિક બેન્ડ તથા ડી.જે.ની સાથે નાચગાનની રમઝટ બોલે છે ! અને ખૂદ મુસલમાનો ઈસ્લામી સંસ્કાર તથા સંસ્કૃતિ તથા શરીઅતના આદેશોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી **ઈસ્લામના બાગીની જેમ જાન લઈને દુલ્હનના ત્યાં પહોંચે છે** તો વળી ત્યાં નિકાહ વિધિમાં 'ઈજાબો કુબૂલ સિવાય" હરામ કામોની તથા ગુનાહોની પણ જાણે બારાત નીકળે છે.

## ★ આજે મુસ્લિમો યહૂદી–ક્રિશ્ચ્યન કલ્ચર અપનાવી ગર્વ લે છે ! ★

નિકાહ બાદ સ્ટેજ પર હોલમાં નાટયગૃહ જેમ સ્ત્રી પુરૂષોની ભેળસેળ ખુરશીઓ પર ડ્રામો જોવા ભેગી બેઠી હોય છે. **દુલ્હાને મેહરમ નામેહરમ સ્ત્રીઓ ગળે મળી મુબારકબાદ આપે છે જે સદંતર હરામ છે,** પછી નવો શો રજૂ થાય છે કે બે સાથે સાથે ખુરશીઓ પર દુલ્હા દુલ્હન બેસે છે. એક તરફ દુલ્હાના મિત્રો બીજી તરફ દુલ્હનની સહેલીઓ મોડેલો જેમ બની ઠનીને ઉભી રહે છે. **યહૂદીઓ તથા ક્રિશ્ચ્યનો જેમ સામે કેક મૂકી કાપીને દુલ્હા દુલ્હન એકબીજાને ખવડાવે છે,** પછી દુલ્હાવાળા તરફથી તથા દુલ્હનવાળાં તરફથી એવું પ્રવાહી ઉડાડાય છે કે દુલ્હા દુલ્હન વગેરે તેનાથી ઢંકાઈ જાય, એવા ફુવારા સ્નોકરની બોટલો વડે ઉડાડવામાં આવે છે જેનાથી છોકરા છોકરીઓ ચીસો પાડે છે, તાળીઓ પાડે છે અને ધક્કા મુક્કી

રચાય છે, છોકરા છોકરીઓ પર ઉડાડે છે તો છોકરીઓ છોકરાઓ પર ઉડાડે છે અને સૌ મસ્તીના તાનમાં એકબીજા સાથે ખેંચાખેંચી એકબીજા પર પડાપડી કરે છે, અંગો ઉપાંગો ભીડાય તથા અથડાયને અત્યંત બેશરમીનો માહોલ ખડો થાય છે, અને **આ બધું સૌ યુવાન યુવતીઓનાં મુસલમાન (!) માંબાપો વડીલો પણ જોતાં હોય છે !** અને પોતાની ફોરવર્ડ ઔલાદની બહાદુરીઓ પર ગર્વ લેતાં હોય છે ! અને વળી આ બધાની ફિલ્મ ઉતરે છે જેને દેશ દેશાવર પહોંચાડી આપણી જ વહુ દીકરીઓની એક્ટીંગો, અંગ ઉપાંગોનું પ્રદર્શન દેખાડીને લોકોને મફતમાં મનોરંજન માણવાનો મોકો આપવામાં આવે છે ! અસ્તગફિરુલ્લાહ ! લા હૌલ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ ! ઈસ્લામનો કલમો પઢનારાઓના આ હાલ થઈ ગયા ! કે મુસ્લિમોના ખૂન વડે રોજ જે યહૂદી–ક્રિશ્ચ્યન કૌમના હાથો લાલ થઈ રહ્યા છે તેમનો જ તરીકો અપનાવીને મગન મગન થઈ ફરી રહ્યા છે !

## ★ ખુશીના આ તરીકા ઈસ્લામના આઈનામાં ★

અલ્લાહ ! અલ્લાહ ! ક્યાં ઉપરોક્ત ગંદી નાપાક બેહયાઈભરી રસ્મો અને ક્યાં ઈસ્લામ ! હે મુસલમાનો ! **રબ તે છે જે તમને તમારી માં કરતાંય અધિક ચાહે છે, તેને જે માર્ગ સૂચવ્યો તે યકીનન ! તમારી ભલાઈનો માર્ગ છે.** અને હે મુસલમાનો ! **તમે તે રસૂલ ﷺના હુકમોથી બગાવત કરી રહ્યા છો જેમણે ધરતી પર કદમ મૂક્તાં જ પોતાની ઉમ્મતની ફિકર શરૂ કરી, તે કબ્રમાં દફન થતી વેળા પણ ઉમ્મતને ન ભૂલ્યા !** અને તમને બે પૈસા હાથમાં આવતાં અને સહેજ ખુશી મળતાં તેમનાથી જ બગાવત કરવા માંડયા ?! **ઈસ્લામ પાકીઝા મઝહબ છે તેમાં ઘરમાં પણ દિયર, જેઠથી પર્દો કરવો ફર્ઝ છે, મસ્યાય, પિત્રાઈ, ફોયાઈથી પર્દો કરવો ફર્ઝ છે. સગી બહેન, સગી માસી, સગી નાની, દાદી, સગી ફોઈ, માં સિવાય અન્ય સ્ત્રીઓએ અન્ય પુરૂષોથી પર્દો કરવો ફર્ઝ છે. મામી તથા કાકી પણ યુવાન ભાણ્યા તથા ભત્રીજાથી પર્દામાં રહે.** આજે તો કોઈ મર્યાદા સચવાતી નથી, સૌ ભેગાં મળી લચ્છેદાર વાતો તાળીઓ લઈ લઈને કરે છે, ઠઠ્ઠા ખેલાય છે. સારાં સારાં ઘરોનો આ હાલ છે !

'પીઠી' માટે એવું છે કે એ વિધિ કાંઈ જરૂરી નથી, છતાં માં કે બહેનો મહરમો હોય તેમની સમક્ષ છોકરો બેસે અને તેઓ તેને રંગી આપે તો મના નથી, પણ **નામેહરમ સ્ત્રીઓ ભાભીઓ વગેરેએ બેપર્દા સામે આવવું પણ હરામ અને તેને રંગવું પણ હરામ. અને સૌ યુવાન યુવતીઓ દિયર, જેઠ, ભાભીઓ, બહેનો વગેરે એકબીજાને રંગવા માટે પકડદાવ કરે તથા ભાગમ ભાગ થાય એ સખત હરામ** છે અને રંગવાની તથા ફટાકડા ફોડવાની તથા સ્ટેજો પર યહૂદી–ક્રિશ્ચ્યન ટાઈપ કેક કટીંગ તથા સ્નોકર વડે ફીણ ઉડાડી યુવાન યુવતીઓની થતી ઝપાઝપી તથા ભેળસેળ એ તો **અત્યંત હરામ** છે. આ મુશ્રિક, યહૂદી, ઈસાઈ કૌમની મુશાબેહત (સરખાપણુ) છે. અને હદીષે પાકમાં છે : અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, **"જે જે કૌમની મુશાબેહત (મળતાપણુ) કરશે તેનો હશ્ર (અંજામ) તેમની સાથે થશે."** અને તેમનો અંજામ એ છે કે **કાફિરોને તો ઊંધે માથે ઘસેડીને જહન્નમમાં ફેંકવામાં આવશે.** (બહારે શરીઅત) તો પછી દેખીતુ છે કે **આવું કરનારનો અંજામ પણ એ જ તેમના જેવો થશે !** જો તમારામાં સહેજ શરમ બચી હોય અને દિલમાં ઈમાનની કાંઈક હુંફ બાકી હોય તો નીચેનો આ પ્રસંગ વાંચો અને તમારાં કરતૂતોથી તૌબા કરી લો !

## ★ આંધળાથી પણ પર્દો કરવા નબીની બીવીઓને હુકમ ! ★

હઝરત ઉમ્મે સલમહ્ رضی اللہ عنہاથી રિવાયત છે કે, હું અને હઝરત મૈમૂનહ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં, એવામાં (એક નાબીના સહાબી) હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ رضی اللہ عنہ સામેથી હુઝૂરની ખિદમતમાં આવી રહ્યા હતા. તો સરકારે (અમને બંનેને) ફર્માવ્યું કે, પર્દો કરી લો ! (હઝરત ઉમ્મે સલમા ફર્માવે છે કે)

મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ? તે અમને જોઈ શક્શે નહીં. ફર્માવ્યું, શું તમે બંનેવ પણ નાબીના છો ? શું તમે નહીં જુઓ ! (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ) એટલે કે,''પુરૂષને જેવી રીતે અજનબી ઔરતને જોવી જાઈઝ નથી એ જ રીતે (શરઈ તથા તબઈ જરૂરત વિના) **સ્ત્રીએ અજનબી (નામહરમ) પુરૂષને જોવો પણ જાઈઝ નથી.** આ તો અતિ પાક પવિત્ર નબીની બીવીઓને હુકમ થયો, તો આજની આવી બેશરમ ઔરતો માટે પર્દાનો હુકમ કેમ નહીં ?!

હદીષમાં ફર્માવ્યું કે, **પુરૂષોને હુકમ છે કે અજનબી સ્ત્રી પર અચાનક નજર પડે તો તેને ફેરવી લે.** (અન્વારુલ હદીષ) જ્યારે શાદીમાં યુવાનીના જોશમાં તોફાને ચઢેલા યુવાનો યુવતીઓનું એકબીજાને વાસના સાથે ફક્ત જોવું જ નહીં બલ્કે ઝપાઝપી કરવી, ચીસો પાડવી, હસાહસ અને ઠઠ્ઠા કરવા આ બધું શું છે ? **આ સૌ આંખ, કાન, ઝબાન, હાથ, પગનો ઝિના છે અને એ સર્વનો અંજામ જહન્નમની આગ છે.** આ સર્વથી કૌમના વડીલો, નહીં તો ઘરના વડીલોએ તો રોકવું **વાજિબ** છે અને નહીં રોકે તો કાલે કયામતમાં રબની રૂબરૂ સર્વ ખરાબીઓના જિમ્મેદાર તરીકે તેમની સખત પકડ થશે. આજે સૌ જોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે, ન પીરો કાંઈ કહે છે ન દીનના રહબરો કે વાઈઝો કાંઈ કહે છે ! (ઈલ્લા માશા અલ્લાહ !) અને એવી શાદીમાં પણ બાવાઓ, અલ્લામાઓ ખુશી ખુશી ખાવા જઈને **''મનોરંજન સાથે ભોજન !''**ની મજા માણી આવે છે પણ બે શબ્દ પોતાના તરફથી આવી ધમાલો બંધ કરવા તથા ઈસ્લામી ગૈરત અપાવવા બોલતા નથી. બલ્કે કેટલીક જગાએ તો કહેવાતા પેશ્વા જ બેન્ડબાજા લાવવાની છૂટ આપે છે ! બલ્કે ખૂદ લાવે છે ! આવો આપણા પેશ્વા કેવા હતા અને ત્યારના મુસ્લિમો પણ કેવા હતા તે પણ જોઈ લો !

## ★ આપણા પેશ્વાઓ કેવા હતા ? અને આપણે કેવા છીએ ?! ★

એક દિવસે હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના ખિલાફતકાળમાં તકરીર કરતાં શ્રોતાઓને પૂછયું કે, ''જો ધારો કે હું તમને દીનના તે નિયમોથી વિમુખ (વિરુદ્ધ) થવા મજબૂર કરું જેને તમે જાણો છો અને એવી વાતોનો હુકમ આપુ જેને તમે નથી જાણતા (એટલે દીન વિરુદ્ધ વાતોનો) તો તમારો પ્રત્યાઘાત શું હશે ?!'' તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું, ''પ્રથમ અમે તમને ગલત રવિશથી તૌબા કરવાની દા'વત આપીશું અને જો તૌબા કરી લેશો તો અમે તેને સ્વીકારી લઈશું.'' હઝરત ઉમરે ફર્માવ્યું, ''જો હું તૌબા ન કરું તો ?!'' હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ જવાબ આપ્યો, **''એ સંજોગોમાં અમે તમારું તે માથુ વાઢી નાખીશું જેમાં આપની બંને આંખો છે !''** તો હઝરત ઉમરે ખુશીના આવેશમાં ફર્માવ્યું કે, ''એ ખુદાનો હજારો હજાર શુક્ર છે કે જેણે આ ઉમ્મતમાં એવા લોકો પેદા કર્યા છે કે જો અમારામાં ગલત રવિશ પેદા થઈ જાય તો તે અમારી ગલત રવિશને ઠીક કરી શકે છે.'' *(કશ્ફુલ ગમ્મા, ભાગ-૧, પેજ-૧૫૭ બહવાલા મકાલાત, પેજ-૬૦૦)*

જ્યારે રહબરો આવા નિખાલસ અને પબ્લિક આવી ખુદા તરસ (ખુદાથી ડરનારી) તથા ઈસ્લામની ચાહક તથા ઈસ્લામ પર જાંનિષાર અને અડગ હતી ત્યારે દુનિયામાં તેમનો દબદબો હતો, દુનિયા તેમના કદમોમાં ઝુકી પડતી હતી. આપણે જોઈ રહ્યા છીએ કે **આજે તો કહેવાતા રહબરોને ત્યાં જ શાદી વગેરે પ્રસંગોએ શરીઅતના નિયમોને નેવે મૂકી દેવાય છે !** ભલે કોઈને ખોટુ લાગે પણ અમે તો કહીશું જ ! દુનિયા જોઈ રહી છે કે શું થઈ રહ્યું છે. જો કોઈ બીજાને આપણે બુરાઈથી બચવા કહીએ તો કહે છે કે **હવે તમે બહું મોટા સમજાવવા નીકળ્યા ! ફલાણી આટલી મોટી હસ્તીના ત્યાં આવું થયું હતું ને ! એ તો આવા પ્રસંગોમાં તો બધું ચાલે ! બહુ ડાહ્યા નહીં થવાનું !** પણ પહેલાંના રહબરો ખૂદ કેવું એલાન કરતા હતા તે જુઓ !

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ એ ખલીફા થયા બાદ નસીહતોથી ભરપુર પ્રથમ ખુત્બો

આપ્યો તેના અંતે ફર્માવ્યું, **"હે લોકો ! જે શખ્સ ખુદાની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે તેનું આજ્ઞાપાલન વાજિબ છે અને જે શખ્સ તેની નાફર્માની કરે તેનું આજ્ઞાપાલન જાઈઝ નથી. જ્યાં સુધી હું ખુદાની ઈતાઅત કરું તમે મારું આજ્ઞાપાલન કરો અને જો હું તેની નાફર્માની કરું તો મારું આજ્ઞાપાલન તમારા પર ફર્ઝ નથી."** *(સીરતે ઉમર બિન અબ્દુલઅઝીઝ, પેજ-૨૨, કન્ઝુલ ઈમાન, ઓક્ટો.-૦૫)* સારાંશ કે શરીઅત વિરુદ્ધ કોઈનો પણ હુકમ માનવો નહીં, ચાહે ગમે તે કહેવાતી હસ્તી હોય !

### ★ તમને શાદીની દા'વત આપનારને પૂછવાના સવાલો ! ★

ત્યારે મુસલમાન સરદારો પણ કૌમને કશાય ખચકાટ વિના બુરાઈથી રોકતા હતા એટલું જ નહીં ખૂદ કૌમ પણ સાવધાન હતી. નો ડાઉટ ! આજે પણ સારા માણસો છે, સાચા પીર બુઝુર્ગો છે અને તેઓ પોતાની શક્તિ અનુસાર બુરાઈથી લોકોને રોકે છે, પણ તે જુઝ છે, જ્યારે **મોટા ભાગે પબ્લિક ગુમરાહીમાં વહી રહી છે અને પેશ્વા કહેવાતાઓની ઝબાનો ગુંગી છે !** હદીષમાં છે કે, "ક્યાંક બુરાઈ થાય છે અને જેને ખાત્રી હોય કે મારા કહેવાથી કે રોકવાથી તેઓ રોકાઈ જશે, તો તેના પર તેમને રોકવું **વાજિબ** છે." અને છતાં ન રોકે તો તે પણ ગુનેહગાર થશે. જેથી **જ્યારે શાદીની દા'વત કોઈ પીર કે આલિમને મળે તો તેમણે પોતાના મુરીદ કે ચાહકને મહોબ્બતથી પૂછવું જોઈએ કે શાદી કોઈ વહાબી દેવબંદી જમાઅતી સાથે તો નથી થતી ને ?! જો એવું હોય તો તે સંબંધ કટ કરવા સમજાવે, અને જો બધું ઓ.કે. હોય તો રબની નારાજગીથી બચવા તથા ફુઝૂલખર્ચીઓ તથા હરામ કામોથી બચીને સાદી શાદી કરવા સમજાવે ! આ તેમની ફરજો છે, અને જો એવું નથી કરતા અને ચૂપચાપ રહે છે તો પછી તેવા રહબરો દુનિયાના લાલચુ અને મુરીદની ઝેબ તરફ નજર રાખનારા સ્વાર્થી શિયાળો જેવા છે ! અને તેવાઓથી કોઈને કોઈ દુનિયાવી કે રૂહાની ફયુઝ હરગિઝ મળી શકતો નથી.** એવા લોકોએ ઉપરોક્ત હઝરત ઉમર رضی اللہ عنہ તથા હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہما ના કથનો પરથી બોધ લેવો જોઈએ કે ઈસ્લામની જાહોજલાલી એવા લોકોથી જ બાકી હતી.

### ★ દા'વતમાં જવા ન જવા વિશે "પબ્લિક" તથા "આલિમ-પીર" વિશે હુકમો ★

જો શાદીમાં વહાબી દેવબંદી છોકરો કે છોકરી હોય તો ત્યાં તો કોઈ "નિકાહ થતા જ નથી ભલે વિધિ થાય !" **એવી દા'વતમાં દરેકે જવું હરામ** છે. અને હાજર રહેનારાં ઝિનાનાં દલાલ ગણાશે, પણ બંને સુન્ની હોય તથા ગવાહો પણ સુન્ની હોય તો પબ્લિકે તથા આલિમે, પીરે શું કરવું તેના વિશે શરીઅતના હુકમ જોઈ લો !

**મસ્અલા : દા'વતમાં જવું ત્યારે જ સુન્નત ગણાશે જ્યારે ખબર જ હોય કે ત્યાં ગાવું, બજાવવું, લહવો લઈબ (મનોરંજન) નથી અને જો ખબર હોય કે આ બધી ખરાબીઓ (બેહૂદા વાતો) ત્યાં છે તો ન જાય.** ગયા પછી ખબર પડી કે અહીં તો બધી બેહુદા વાતો, ખરાબીઓ છે ! (ખરેખર) ત્યાં એવી ચીજો (બેહૂદા) જોવા મળે **તો પાછા ચાલ્યા આવવું.** જો મકાનના બીજા ભાગમાં હોય અને જ્યાં ખાવા ખવડાવવામાં આવતું હોય ત્યાં ન હોય તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો તે જનાર માણસ એને રોકી શકતો હોય તો રોકે અને જો ન રોકી શકતો હોય તો સબર કરે.

આ વાત તેને માટે છે કે એ (જનાર) માણસ મઝહબી પેશ્વા ન હોય અને જો મુક્તદા (પેશ્વા) હોય તો દા.ત. **આલિમ, મશાઈખ એ લોકો જો ન રોકી શકતા હોય તો ત્યાંથી ચાલ્યા આવવું, ત્યાં બેસે નહીં અને ખાય પણ નહીં. અને જો પહેલેથી જ ખબર હોય કે ત્યાં આવી બધી ખરાબીઓ**

**છે તો પેશવા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના તે હિસ્સામાં આ બધી ચીજો હોય કે ન હોય.** જેથી લોકો ઈબ્રત પકડે અને સુધરે. *(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર, બહવાલા ક઼ાનૂને શરીઅત, ભાગ–૨)*

## ★ મુસ્લિમ યુવાન યુવતીઓને અંતિમ આજીજીભરી અપીલ ! ★

હે મારાં સુન્ની નવયુવાન ભાઈઓ તથા બહેનો ! તમારા દિલમાં ઈમાનનો ચિરાગ રોશન છે, અલ્લાહ વ રસૂલની મહોબ્બત તમારા દિલમાં ધડકે છે જેથી જ અમને તમારી લાગણી છે, અને એટલે જ તમને આજીજીભરી વિનંતિ કરીએ છીએ કે જ્યારે તમે સુન્ની મુસ્લિમ છો, આશિકે઼ રસૂલ છો, આશિકે અહલે બયત, આશિકે હુસૈન છો, હઝરત ફ઼ાતમા ઝહરા رضی اللہ عنہاની કનીઝાઓ છો, તો શા માટે ઈસ્લામના દુશ્મનોના તરીક઼ા પર ચાલી રહ્યાં છો ?! જહન્નમનો માર્ગ છોડો અને જન્નતનો માર્ગ પકડો ! સાંભળો ! આ બે ઘડીની ગમ્મત તથા મસ્તીથી અલ્લાહ તથા રસૂલે પાક ﷺ નારાજ થાય છે, ફ઼ાતિમા ઝહરા رضی اللہ عنہاની રૂહ તમારાં આ કરતૂતોથી તડપી ઉઠતી હશે ! **જન્નતી જવાનોના સરદાર ઈમામ હુસૈન رضی اللہ عنہએ જેના કારણે યઝીદ પલીદની બયઅત ન કરી અને ખાનદાને અહલે બયત શહીદ કરાવવાનું માન્ય રાખ્યું, તે યઝીદ પલીદનો આવો જ કિરદાર હતો જેને તમે આજે શાદીઓમાં કરી રહ્યા છો, તો ઈમામ હુસૈનની રૂહ પણ એનાથી તડપી ઉઠતી હશે !** તમે દીને ઈસ્લામનો અભ્યાસ કરો અને ફ઼ાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاની જિંદગી વિશે વાંચો કે તેમને દીનથી શરીઅતથી કેટલી મહોબ્બત હતી. **જન્નતી ઔરતોની સરદાર હઝરત ફ઼ાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاએ જીવનભર તો પર્દો કર્યો પણ મૃત્યુ થતાં પોતાનો જનાઝો પણ રાતના અંધકારમાં કાઢવા વસિયત કરી કે જેથી કોઈ નામેહરમ (પર પુરૂષ)ની નજર તેમના જનાઝા પર પણ ન પડે !** જ્યારે તમે ચૌરે અને ચૌટે અને સ્ટેજો પર ધાંધલ ધમાલ તથા અંગ પ્રદર્શન કરવામાં ગર્વ અનુભવો છો ! તો ક઼િયામતમાં તેમને શું મોઢું દેખાડશો ?!

હે યુવાનો ! તમે હઝરત હન્ઝલા رضی اللہ عنہનો પ્રસંગ ભૂલી ગયા ! તમારી સુહાગરાતના જઝબાતની કૈફ઼િયતને સામે રાખીને વિચારો કે **દીનની મહોબ્બતમાં સુહાગરાતે જ જંગના મેદાનમાં પહોંચી ગયા અને શહીદ થઈ ગયા !** (સહાબાકા ઈશ્કે રસૂલ) તો તમે કમસે કમ હરામ કામોથી તો બચો ! અને શરીઅત પ્રમાણે સાદગીથી શાદી કરો ! દુનિયાના ફ઼ાસિક઼ો, કાફ઼િરોની ઝાકઝમાળ, ચમક દમક તથા ધાંધલ ધમાલ જોઈને ન લલચાવ ! બલ્કે સબ્રથી સાદગીથી શાદી પતાવો. જુઓ તમારો રબ પણ સબ્રવાળા માટે જન્નતની બશારત ફ઼ર્માવે છે : (અર્થ) : "તમારા પર સલામતી થાય એટલા માટે કે તમે સબ્ર કરી, તો કેટલું સરસ છે આખેરતનું ઘર ! *(સૂ. રઅદ–૨૪)*

અને હે વડીલો ! તમો લાખો રૂપિયા ખર્ચી જે ઝિયાફ઼તો કરો છો અને **તેમાં ખુદા વ રસૂલના દુશ્મનો દેવબંદી વહાબીઓને પણ દા'વતોમાં "દા'વતે આમ" કરીને ખવડાવો છો !** તથા બેન્ડબાજા, પાર્ટી, ગરબા, દાંડીયા રાસ, ક઼વ્વાલી, ફટાકડા વગેરેમાં હરામ માર્ગે રૂપિયા ઉડાડો છો, તો એ ન ભૂલો કે ક઼િયામતમાં તમને જરૂર સવાલ થશે કે, "રૂપિયા ક્યાંથી કમાયા અને ક્યાં ઉડાડયા ?!" વળી **હદીષમાં છે, "બરકતવાળા અફ઼ઝલ નિકાહ તે છે જેમાં ઓછામાં ઓછો ખર્ચ થાય."** (ઝિયાઉલ હદીષ) જેથી હજી સમય છે ! સમજો અને તૌબા કરો ! અને આ અલ્લાહની નેઅમત દૌલતને ફ઼ુઝૂલ તથા હરામ કામોમાં ઉડાડવાને બદલે સુન્ની ગરીબ બેવાઓની દીકરીઓની શાદીઓ પાછળ ખર્ચો તથા ગરીબોને ઘરો બનાવી આપો, ગરીબ ગામોમાં મસ્જિદ મદરસા બનાવી આપો, ત્યાં પગારોમાં સહાય આપવા માટે 'ઈસ્લામિક વેલ્ફ઼ેર મિશન–દયાદરા'નો સંપર્ક કરો અને સામાજિક સેવાનાં કામો કરો કે જેમાં પબ્લિકનો ફ઼ાયદો હોય.

રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં સૌને નેક હિદાયત આપે. (આમીન)

કુર્આને પાકની તફ્સીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફ્સીર

وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ
اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ اِذَا تَرَاضَوْا
بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ ؕ ذٰلِكَ يُوْعَظُ بِهٖ مَنْ كَانَ مِنْكُمْ يُؤْمِنُ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ ذٰلِكُمْ اَزْكٰى لَكُمْ وَاَطْهَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ
وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۲۳۲﴾ وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ
كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ
رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ ؕ لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا ۚ
لَا تُضَآرَّ وَالِدَةٌ ۢ بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ ۗ وَعَلَى
الْوَارِثِ مِثْلُ ذٰلِكَ ۚ فَاِنْ اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَ
تَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ تَسْتَرْضِعُوْٓا
اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ؕ
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۳۳﴾ وَالَّذِيْنَ
يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ
اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا
فَعَلْنَ فِيْۤ اَنْفُسِهِنَّ بِالْمَعْرُوْفِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۳۴﴾

**ત.....ર્જુ.....મો.....**

અને જ્યારે તમે તલાક઼ આપો સ્ત્રીઓને પછી તેણીઓ પૂરી કરી ચૂકે પોતાની ઈદ્દત તો ન મના કરો તેમને[૩૦૨] કે નિકાહ કરી લે પોતાના પતિઓથી જ્યારે કે રાજી થઈ જાય આપસમાં યોગ્ય તરીક઼ાથી. આ અલ્લાહનું ફર્માન (છે) નસીહત કરવામાં આવે છે એના ઝરીયાથી એમને જેઓ તમારામાંથી યક઼ીન રાખતા હોય અલ્લાહ પર અને ક઼યામત પર, એ ખૂબ જ પાકીઝા છે તમારા માટે અને ખૂબ જ સાફ, અને અલ્લાહ તઆલા જાણે છે અને તમે નથી જાણતા. અને માંઓ દૂધ પીવડાવે પોતાની ઔલાદને પૂરા બે વરસ[૩૦૩], (આ મુદ્દત) એના માટે છે જે પૂર્ણ કરવા ચાહે છે દૂધની મુદ્દત, અને જેનું બાળક છે તેના જિમ્મે છે ખાવા એ માંઓનું અને તેણીઓનો પોશાક યોગ્ય તરીક઼ાથી. તકલીફ નથી આપવામાં આવતી કોઈ શખ્સને પણ તેની હૈસિયતના પ્રમાણે. ન તકલીફ પહોંચાડવામાં આવે કોઈ માંને તેના પુત્રના કારણે અને ન કોઈ બાપને (તકલીફ પહોંચાડવામાં આવે) તેના પુત્રના કારણે, અને વારસ પર પણ એ જ પ્રકારની જિમ્મેદારી છે. પછી જો બંનેવ ઈરાદો કરી લે દૂધ છોડાવવાનો પોતાની મરજી તથા મશ્વરાથી તો કોઈ ગુનોહ નથી બંને પર, અને જો તમે ચાહો કે દૂધ પીવડાવો (દાયણથી) પોતાની ઔલાદને તો કોઈ ગુનોહ નથી તમારા પર જ્યારે કે તમે અદા કરી આપો જે આપવાનું ઠરાવ્યું હતું તમે યોગ્ય તરીક઼ાથી, અને ડરતા રહો અલ્લાહથી અને (સારી રીતે) જાણી લો કે યક઼ીનન ! અલ્લાહ તઆલા જે કાંઈ તમે કરી રહ્યા છો તેને જોવાવાળો છે. અને જે લોકો મૃત્યુ પામે[૩૦૪] તમારામાંથી અને છોડી જાય પત્નીઓ તો તે પત્નીઓ રાહ જુએ[૩૦૫] ચાર મહીના દસ દિવસ, અને જ્યારે પહોંચી જાય પોતાની (એ) મુદ્દતને, કોઈ ગુનોહ નથી તમારા

પર એ મુદ્દતમાં જે કરે એ પોતાની જાતના બારામાં યોગ્ય તરીકાથી, અને અલ્લાહ તઆલા તમે જે કાંઈ કરો છો તેને સારી રીતે જાણે છે.

**તફસીર...............**

**૩૦૨.** એટલે કે જ્યારે તલાક પામેલી સ્ત્રી પોતાની ઈદ્દત પૂર્ણ કરી લે અને પોતાના પ્રથમ પતિ સાથે નિકાહ કરવા ચાહે તો સ્ત્રીના વાલી તેણીને મના ન કરે. એનો બીજો મતલબ એ પણ દર્શાવવામાં આવ્યો છે કે, આવી સ્ત્રી જો પોતાના તજવીઝ કરેલા પતિ સાથે ઈદ્દત ગુજાર્યા બાદ નિકાહ કરવા ચાહે તો પ્રથમ પતિ તેણીને ન રોકે અને એવી કોશિશ ન કરે કે જ્યારે મેં તેણીને તલાક આપી દીધી છે તો કોઈ બીજો હવે તેણી સાથે નિકાહ ન કરે.

**૩૦૩.** અહીં તલાક પછી એ પ્રશ્ન સ્વાભાવિકપણે ઉપસ્થિત થાય છે કે જો તલાકવાળી સ્ત્રીની ગોદમાં દૂધ પીતુ બાળક હોય તો આ જુદાઈ પછી એના ઉછેરનો શો તરીકો રહેશે. એટલા માટે જરૂરી હતું કે બાળકના ઉછેરની જિમ્મેદારીઓ જે માં બાપ પર છે એને આ મોકા પર વર્ણન કરી દેવામાં આવે. જેથી અહીં એ મસાઈલનું વર્ણન થયું.

**મસ્અલા** : માં ચાહે તલાકવાળી હોય કે ન હોય તેણી પર તેના બાળકને દૂધ પીવડાવવું વાજિબ છે, શરત એ કે પિતાને મહેનતાણુ લઈ દૂધ પીવડાવવાની શક્તિ ન હોય અથવા કોઈ દૂધ પીવડાવનારી ન મળે અથવા બાળક માં સિવાય અન્ય કોઈનું દૂધ ન સ્વીકારે. જો આ વાતો ન હોય એટલે કે બાળકનો ઉછેર ખાસ માંના દૂધ પર આધારિત ન હોય તો માં પર દૂધ પીવડાવવું વાજિબ નથી, મુસ્તહબ છે. *(મન્કૂલ અઝ હાશિયા સદરુલ્ અફાઝિલ رحمۃ اللہ علیہ મુરાદાબાદી)*

**મસ્અલા** : જો કોઈ શખ્સે પોતાની પત્નીને તલાક આપી અને ઈદ્દત ગુજરી ચૂકી તો એ બાળકને દૂધ પીવડાવવાની મજૂરી લઈ શકે છે. *(હાશિયા સદરુલ્ અફાઝિલ)*

**૩૦૪.** અહીં એ સ્ત્રીઓની ઈદ્દતનું વર્ણન છે જેમના પતિઓ મૃત્યુ પામે અને તેણીઓ સગર્ભા ન હોય. સગર્ભાની ઈદ્દત ગર્ભનું બહાર પડવું છે, એટલે કે જ્યારે તેણી બાળકને જન્મ આપશે ત્યારે તેણીની ઈદ્દત પૂરી થઈ જશે. જેની સ્પષ્ટતા સામે આવશે.

**૩૦૫.** એનો કેવળ એ મતલબ નથી કે તેણી આ મુદ્દતમાં નિકાહ ન કરે બલ્કે સહીહ હદીષોના પ્રમાણે કેટલાક બીજી ચીજોથી પણ પરહેઝ જરૂરી છે. એટલે ઈદ્દતની અંદર તે રંગીન તથા રેશમી લિબાસ ન પહેરે, ન ખૂશ્બુ લગાડે, મહેંદી તથા અન્ય શણગારોથી બચે, પોતાના મૃત્યુ પામેલ પતિના ઘરે જ રોકાય. (હા !) જરૂરી કામના હેતુથી દિવસે ઘરેથી નીકળી શકે છે, રાત્રે ફરી એ જ મકાનમાં રાતવાસો કરે. તેમજ નવા નિકાહના માટે પણ વાતચીત ન કરે.


**સાબરી મસ્જિદના બાંધકામમાં મદદ કરો**

બુખારી શરીફની હદીષ છે કે **"જેણે અલ્લાહ માટે મસ્જિદ બનાવી અલ્લાહ પાક તેના માટે જન્નતમાં ઘર બનાવશે."** તો ચોરંદા, તા. કરજણ, જિ. વડોદરા મુકામે સાબરી મસ્જિદનું બાંધકામ ચાલી રહ્યું છે, જેમાં તમારી ઈમ્દાદની ઘણી જ જરૂરત છે માટે તમારાથી બનતી મદદ કરી જન્નતમાં ઘર મેળવો.

:: સંપર્ક કરો ::

સૈયદ ચિશ્તીમિયાં નસીરમિયાં સાબરી (ચોરંદા)
મો. ૯૯૭૯૪૧૪૧૪, ૯૮૨૪૬૮૨૭૦૧

**મદદની નમ્ર અપીલ !**

નસવાડી : (જિ. વડોદરા) મુકામે મદરસા ફૈઝાને આ'લા હઝરતનું કામ અટકી પડયું છે. ભણવા પઢવાની વ્યવસ્થા સાથે અહીં સુન્ની બાળકો રહે છે, જે માટે **રૂા. ૩,૨૫,૦૦૦/–** સ્લેબ માટે તથા **રૂા. ૭૫,૦૦૦/–** અન્ય ફીનીસીંગની રકમની તાતી જરૂર છે તો તમારાં મર્હૂમોના સવાબ અર્થે આ કામ પૂર્ણ કરાવી આપો એવી નમ્ર અપીલ છે. સંપર્ક કરો :–

**મદ્રસા ફૈઝાને આ'લા હઝરત,** નસવાડી, C/o. હનીફભાઈ મેમણ, મો. ૦૯૯૭૯૧૫૫૬૧૦

**હદીષ ૭૧** હઝરત જાબિર رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે સઅદ ઈબ્ને મઆઝ[૧] વફાત પામ્યા તો અમે હુઝૂર ﷺ સાથે તેમની તરફ ગયા. જ્યારે હુઝૂર ﷺએ તેમના પર નમાઝ પઢી લીધી અને તેમને તેમની કૃબ્રમાં રાખવામાં આવ્યા અને તેમના પર માટી સરખી કરી દેવામાં આવી તો નબી ﷺએ ખૂબ જ લાંબી તસ્બીહ પઢી, અમે પણ તસ્બીહ પઢી. પછી તકૃબીર કહી તો અમે પણ તકૃબીર કહી[૨]. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ પ્રથમ તસ્બીહ પછી તકૃબીર શા માટે કહી ? ફર્માવ્યું, એ નેક બંદા પર તેમની કૃબ્ર તંગ થઈ ગઈ હતી ત્યાં સુધી કે અલ્લાહે વિશાળ કરી આપી[૩]. *(એને અહમદે રિવાયત કરી)*

હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهથી રિવાયત છે, ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, આ તે છે જેમના માટે અર્શ હાલી ઉઠયું અને એમના માટે આસ્માનના દરવાજા ખોલવામાં આવ્યા[૪]. અને એમના પર ૭૦ હજાર ફરિશ્તા હાજર થયા[૫]. બેશક ! દબાવવામાં આવ્યા દબાવવામાં આવવું. પછી અલ્લાહે એમના માટે આસાની કરી આપી[૭]. *(નિસાઈ)*

### ✪ સ....મ....જૂ....તી....✪

**૧.** આપ અન્સારમાં અવસ કૃબીલાના સરદાર છે, બયઅતે ઉકૃબાએ અવલા પછી મદીના મુનવ્વરામાં ઈમાન લાવ્યા. આપના ઈમાન લાવવાથી અબ્દે અશ્હલ પણ ઈમાન લાવ્યા. હુઝૂરે અકરમ ﷺએ એમનું નામ 'સૈયદુલ અન્સાર' રાખ્યું. જલીલુલ કૃદર સહાબી છે. હુઝૂર ﷺની સાથે બદર તથા ઓહદમાં સાથે રહ્યા. ખંદકૃના દિવસે ખભામાં તીર વાગ્યું જેનાથી લોહી વહેવા લાગ્યું અને બંધ ન થયું. એક મહીના પછી ઝી કૃઅદા હિ.સ. ૫માં ૩૭ વરસની વયે વફાત પામ્યા. હુઝૂર ﷺના હાથે જન્નતુલ બકીઅમાં દફન થયા.

**૩.** એનાથી જાણવા મળ્યું કે **દફન પછી કૃબ્ર પર તસ્બીહ તથા તકબીર પઢવી સુન્નત છે.**

**૪.** આ તંગી (કૃબ્રની ભીંસ) કૃબ્રના અઝાબની ન હતી બલ્કે કૃબ્રનો પ્યાર હતો. કૃબ્ર મો'મિનને એવી રીતે દબાવે છે જેમ કે માં બાળકને ગોદમાં લઈને, પણ મૈયત એનાથી એવી ગભરાય છે જેમ કે માંના દબાવવા પર બાળક રડે છે. એટલા માટે હુઝૂરે અબ્દે સાલેહ ફર્માવ્યું, કૃબ્રનો અઝાબ કાફિર અથવા ગુનેહગારને થાય છે. આગલી હદીષ એની શરહ (સમજૂતી) છે. હુઝૂર ﷺની બરકત અને તકબીર તથા તહલીલ થકી આ ભીંસ પણ દૂર થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે **કૃબ્ર પર તસ્બીહ તથા તકબીર મૈયતને માટે ફાયદાકારક છે.** તેમજ જાણવા મળ્યું કે **હુઝૂર ﷺની નજર જમીન ઉપરથી કૃબ્રની અંદરની સ્થિતિ જોઈ લે છે, આપના માટે કોઈ ચીજ આડ નથી.** યાદ રાખશો કે **હુઝૂર ﷺના કૃદમની બરકતથી કૃબ્રની મુસીબતો દૂર થાય છે,** આ તકબીર ફર્માવવું આપણને તા'લીમ આપવા માટે છે, કોઈ ગુસ્તાખ એવું નથી કહી શકતો કે હુઝૂર ﷺના હોવા છતાં અઝાબ શા માટે થયો, કેમ કે એ અઝાબ હતો જ નહીં.

**૫.** સઅદ ઈબ્ને મઆઝના માટે આસ્માનના દરવાજા ખુલ્યા, ત્યાંના ફરિશ્તાઓએ તેમની રૂહનું સ્વાગત કર્યું અને તેમની રૂહના પહોંચવા પર અર્શે આ'ઝમ ખુશીના આવેશમાં હાલી ઉઠયું. આસ્માનોથી ફરિશ્તા તથા રહમતો ઉતરી. મિર્કાતમાં ફર્માવ્યું, કે મો'મિનોની રૂહો જન્નતમાં રહે છે જે સાતમા આસ્માનના ઉપર છે.

**૬.** અલ્લાહની રહમતોને લઈને અથવા તેમના જનાઝામાં શરીક થવા માટે.

**૭.** આ વાક્ય પાછલી હદીષની તફસીર છે જેનાથી જણાય રહ્યું છે કે આ ભીંસ (દબાવવું) કૃબ્રનો અઝાબ ન હતી બલ્કે કૃબ્રની રહમત હતી અને એમના માટે ભય. બિલાડી પોતાના બાળકને પણ મોઢામાં દબાવે છે અને ઉંદરને પણ મોઢામાં દબાવે છે પણ બંનેમાં ફરક છે.

# શિફા શરીફ

مُّل લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

વિભાગ : ૨

## પોતાના હબીબ બનાવ્યા

આ પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય હબીબ ! જે ઈચ્છો મારાથી માંગી લો ! નબી કરીમ ﷺ બારગાહે ખુદાવંદીમાં અરજ કરવા લાગ્યા, હે પરવરદિગાર ! તેં હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને ખલીલ બનાવ્યા અને તેમને ખૂબ મોટી બાદશાહી આપી. હઝરત મૂસા علیہ السلامને હમકલામીની ઈજ્જત બખ્શી. હઝરત દાઊદ علیہ السلامને વિશાળ પ્રદેશ આપ્યો, લોખંડને તેમના માટે નરમ કરી દીધું અને પહાડોને તેમના તાબેદાર બનાવી દીધા. હઝરત સુલયમાન علیہ السلامને એવી બાદશાહી આપી કે મનુષ્ય જિન્નાત અને શયતાનો સુદ્ધાં તેમના તાબે કરી દીધા અને એવી મહાન બાદશાહી આપી કે તેમના પછી કોઈને પણ આવી બાદશાહી આપવામાં આવી નથી. હઝરત ઈસા علیہ السلامને તૌરાત અને ઈન્જીલનું ઈલ્મ આપ્યું અને એવો મો'જિઝો આપ્યો કે જન્મજાત આંધળાને અને કોઢીઓને તંદુરસ્ત કરી દેતા હતા. પછી તેમને અને તેમના વાલિદા મુહતરમા (માતા)ને શયતાન લઈનની બુરાઈથી રક્ષિત રાખ્યાં જેથી તે મલઊન તેમના પર કોઈ રીતે ક઼ાબૂ મેળવી શકે નહીં.

અલ્લાહ ﷻએ ફર્માવ્યું, અય હબીબ ! મેં તમને ખલીલ અને હબીબ બનાવ્યા, પરિણામે તૌરાતમાં મુહમ્મદ હબીબુર્રહ્‌માન રાખ્યું છે અને મેં તમને તમામ માનવજાતની તરફ રસૂલ બનાવીને મોકલ્યા છે. અને તમારી ઉમ્મતને એ ઈજ્જત બખ્શી કે તે ફઝીલતને ધ્યાનમાં લેતાં તમામ ઉમ્મતોમાં પ્રથમ અને જમાનાને ધ્યાનમાં રાખતાં સૌથી છેલ્લે છે. તેમનો ખુત્બો પઢવું તે સમય સુધી યોગ્ય નથી જ્યાં સુધી તેઓ સાક્ષી આપે કે તમે મારા બંદા અને રસૂલ છો. તમને તમામ નબીઓ પહેલાં પેદા કર્યા અને સૌથી છેલ્લે મોકલ્યા. તમને સબ્અ મષાની એટલે સાત આયતોવાળી સૂરત આપી જે સહીહ કૌલ પ્રમાણે સૂરએ ફાતિહા છે અને તમારા સિવાય કોઈ નબીને આપી નથી. સૂરએ બક઼રહની છેલ્લી આયતો પણ આપી જે અર્શે આ'ઝમના નીચેનો ખજાનો છે અને તે પણ કોઈ બીજા નબીને આપવામાં આવી નથી. પછી તમને ફાતેહ (વિજયી) અને આખરી નબી બનાવ્યા. બીજી રિવાયતમાં છે કે રસૂલ ﷺને ત્રણ ખાસ વસ્તુઓ આપવામાં આવી : (૧) પાંચ વખતની નમાઝ (૨) સૂરએ બક઼રહની છેલ્લી આયતો (૩) ઉમ્મતની બખ્શિશ એટલે ઉમ્મતે મુહમ્મદિયાની જે વ્યક્તિએ ખુદાનો શરીક (ભાગીદાર) ન ઠરાવ્યો હોય તેની મગફેરત (માફી) થઈ જશે અને તેના ભયાનક ગુનાહ સુદ્ધાં બખ્શી દેવામાં આવશે.

مَا كَذَبَ الْفُؤَادُ مَارَاٰى ۝ اَفَتُمٰرُوْنَهٗ عَلٰى مَايَرٰى ۝ ની તફસીરમાં એ પણ કહેવામાં આવ્યું છે કે આપે જિબ્રઈલ علیہ السلامને તેમની અસલ હાલતમાં જોયા અને તેમની છસો પાંખો હતી. શરીક رضی اللہ عنہની હદીષમાં છે કે આપે મૂસા علیہ السلامને સાતમા આસમાન પર જોયા. આ વિગત અલ્લાહ તઆલાથી હમકલામના કારણે છે. પછી એમાં એ પણ છે કે મને ત્યાંથી અધિક ઉપર લઈ લેવામાં આવ્યો જેની હદ અલ્લાહ તઆલા જ જાણે છે. હઝરત મૂસા علیہ السلامની એ ધારણા હતી કે મારાથી ઉપર કોઈને પણ લઈ જવામાં નહીં આવે. હઝરત અનસ رضی اللہ عنہ વાળી રિવાયતમાં છે કે આપે બયતુલ મુક઼દ્દસમાં અંબિયાએ કિરામના સાથે નમાઝ પઢી.

હઝરત અનસ رضی اللہ عنہની રિવાયતમાં છે કે હુઝૂર નબી અકરમ ﷺએ ફર્માવ્યું કે એક દિવસ હું બેઠો હતો કે જિબ્રઈલ علیہ السلام મારા પાસે હાજર થયા અને મારા ખભાના વચ્ચે ઈશારાના અંદાજમાં હાથ રાખ્યા જેથી હું એક ઝાડના પાસે જઈને ઊભો થઈ ગયો. આ ઝાડમાં બે માળા લટકી રહ્યા હતા જેવા કે પક્ષીઓના માળાઓ હોય છે. હું એક માળામાં બેસી ગયો અને બીજામાં જિબ્રઈલ علیہ السلام પછી તે ઝાડ આગળ વધવા લાગ્યું ત્યાં સુધી કે આસમાનથી ચોંટી ગયું. હું જો ઈચ્છતો તો આસ્માનને અડકી શકતો

હતો. મેં ચારે બાજુ જોયું કે જિબ્રઈલ عليه السلام સંકોચાયેલા છે. જાણવા મળ્યું કે તેઓ અઝમતે ઈલાહીની નજર સમક્ષ સંકોચાઈ રહ્યા હતા. તે પછી મારા માટે આસમાનનો દરવાજો ખોલવામાં આવ્યો. મેં એક ખૂબ મોટુ નૂર જોયું. પછી મારા વચ્ચે એક પર્દો નાખી દેવામાં આવ્યો જેની જાળમાં મોતી અને યાકૂત લટકી રહ્યા હતા. તે વખતે અલ્લાહ તઆલાએ મારા પર વહી નાઝિલ કરી જે તેણે ઈચ્છી.

## અઝાનની તા'લીમ

બઝ્ઝાઝે હઝરત અલી બિન અબી તાલિબ رضي الله عنه થી રિવાયત કરી છે કે જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلى الله عليه وسلم ને અઝાનની તા'લીમ આપવાનો ઈરાદો કર્યો ત્યારે હઝરત જિબ્રઈલ عليه السلام ને એક જાનવર આપી સરવરે કોનો મકાં عليه السلام ની ખિદમતમાં મોકલ્યા. આ જાનવરને બુરાક કહે છે. જ્યારે ફખ્રે દો આલમ صلى الله عليه وسلم એ તેના પર સવાર થવાનો ઈરાદો કર્યો ત્યારે બુરાક ઉછળવા કૂદવા લાગ્યો. જિબ્રઈલ عليه السلام એ ફર્માવ્યું, અય બુરાક ! ધીરજ રાખ ! એમનાથી બારગાહે ખુદાવંદનો કોણ શ્રેષ્ઠ અને ઈજ્જતદાર છે જે તારા પર સવારી કરતો. આ પછી આપ સવાર થઈ ગયા અને તેના પર તે હિજાબ (પડદો) સુધી પહોંચ્યા જે અલ્લાહ તઆલાની ખાસ તજલ્લીઓની નજીક છે.

આ દરમિયાનમાં એક ફરિશ્તો હિજાબના અંદરથી બહાર નીકળ્યો ત્યારે સરવરે કોનો મકાં صلى الله عليه وسلم એ ફર્માવ્યું, અય જિબ્રઈલ ! આ કોણ છે ? હઝરત જિબ્રઈલ عليه السلام એ અરજ ગુજારતાં કહ્યું કે, હુઝૂર મને તે ઝાતની ક઼સમ ! જેણે આપને હક્ક઼ સાથે મોકલ્યો છે, હું સ્થળના હિસાબે બીજાઓના કરતાં તજલ્લિયાતે ઈલાહીના વધુ નજીક રહું છું પરંતુ મારી પેદાઈશના સમયથી અત્યાર સુધીમાં મેં આ ફરિશ્તાને આ પહેલાં ક્યારેય જોયો નથી.

એ ફરિશ્તાએ જવાબમાં "અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર" કહ્યું. હિજાબના અંદરથી અવાજ આવ્યો, મારા બંદાએ યોગ્ય કહ્યું છે, વાસ્તવમાં હું ખૂબ જ મોટો છું. એ પછી ફરિશ્તાએ કહ્યું, "અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ." પર્દાના પાછળથી અવાજ આવ્યો, મારા બંદાએ સાચુ કહ્યું, વાસ્તવમાં મારા સિવાય કોઈપણ ઈબાદતને લાયક નથી. એવી રીતે બાકી અઝાનનું ઝિક્ર કર્યું "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ"ના જવાબનું કોઈ વર્ણન નથી.

પછી ફર્માવે છે કે તેમણે રસૂલ صلى الله عليه وسلم નો મુબારક હાથ પકડી આસમાનવાળાની ઉમ્મતના માટે આપને આગળ વધાર્યા અને આપની પાછળ નમાઝ પઢવાવાળામાં હઝરત આદમ, હઝરત ઈબ્રાહીમ અને હઝરત નૂહ عليهم السلام પણ હતા. ઈમામ મુહમ્મદ બાક઼ર બિન ઈમામ ઝયનુલ આબેદીન બિન ઈમામ હુસૈન رضوان الله تعالى عليهم أجمعين ફર્માવે છે કે આ સમય પર અલ્લાહ તઆલાએ તમામ પર સ્પષ્ટ કરી દીધું કે મુહમ્મદ રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ને જમીનની પ્રજા (મખ્લૂક઼) અને આસમાની તમામ પ્રજા પર ફઝીલત છે.

આ પુસ્તકના લેખક એટલે ક઼ાઝી અયાઝ رحمة الله عليه ફર્માવે છે કે આ હદીષમાં "હિજાબ"નું ઝિક્ર છે તે મખ્લૂક઼ના સંબંધી છે, નહીં તો ખાલિક઼ના માટે કોઈ પણ વસ્તુ હિજાબ બની શકતો નથી. મખ્લૂક઼ મહબૂબ હોય શકે છે પરંતુ ખાલિક઼ તો મહજૂબ હોવાથી પાક છે કારણ કે મહજૂબ તે વસ્તુ હોય છે જે......અને મહસૂસ થાય. અલ્લાહ તઆલા મખ્લૂક઼ની દષ્ટિ, બુદ્ધિમત્તા અને સમજ (પહોંચ) પર જે વસ્તુ સાથે જેવી રીતે અને જ્યારે ઈચ્છે પડદો નાખી શકે છે. જેવો કે બારી તઆલા عزوجل નો ઈર્શાદ છે :–

كَلَّا إِنَّهُمْ عَن رَّبِّهِمْ يَوْمَئِذٍ لَّمَحْجُوبُونَ "હા ! હા ! બેશક ! તેઓ તે દિવસે પોતાના રબના દીદારથી વંચિત છે." *(પારા–૩૦, સૂરએ મુતફ્ફિફીન, આ. ૧૫)*

જેથી રાવીનું આ હદીષમાં 'હિજાબ' શબ્દના ઉપયોગ કરવાથી એ જ અર્થઘટન કરવું જોઈએ કે તે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓના માટે હિજાબ રાખ્યો છે જેથી તેઓ વિશાળ સલ્તનત, અઝમત (ઈજ્જત) અને અજાઈબ મલ્કૂત (બે મિષાલ શાસન) અને શાને જબરૂતી (કુદરતની શાન) પર ઐન યક઼ીનના સાથે સૂચના મળવાથી પડદામાં રહે. આ જ અર્થ પર હઝરત જિબ્રઈલ عليه السلام નું કથન પણ દલીલ કરી રહ્યું છે, જ્યારે તેમણે કહ્યું હતું કે મેં મારી પેદાઈશના સમયથી આજ સુધી આ ફરિશ્તાને પહેલાં ક્યારેય જોયો નથી. આ વાત એ બાબતે દલીલ કરે છે કે વધુ પેજ નં. ૨૫.....પર

મિસ્રી ફત્વો

# અઝાન પછી દુરૂદ શરીફ પઢવું કેવું ?

અરબીમાં : **મુફતી અબ્દુલહમીદ અતરશ અઝહરી**
(સદર મુફતી દારુલ ઈફતા મિસ્રિય્યહ)
ઉર્દૂ અનુવાદક : **મૌલાના ફહીમ અહમદખાન**

*નીચેનું લખાણ મિસરના દારુલ ઈફતાના સદર મુફતી અબ્દુલ હમીદ અતરશ અઝહરી સાહબ ક્િબ્લાના મહામૂલા ફત્વાનો ઉર્દૂ તર્જુમો છે જેનાથી અહલે સુન્નત વ જમાઅતના અકીદા તથા માન્યતાનું સમર્થન થાય છે અને સાથોસાથ મિસ્રી દારુલ ઈફતાનો અકીદો પણ ખુલીને સામે આવે છે. આ ફત્વો* ***જામિઆ અઝહર શરીફ–મિસરથી*** *પ્રસિદ્ધ થતા અખ્બાર 'સવ્તે અઝહર'માં ૯–મે ઈ.સ. ૨૦૦૮ના રોજ પ્રસિદ્ધ થયેલ છે. તેના મહત્વ તથા ફાયદાને લક્ષમાં રાખીને મૌલાના ફહીમ અહમદખાન ષકલીની અઝહરીએ એનો ઉર્દૂ અનુવાદ કર્યો જે ઉર્દૂ માહનામા 'અલ્ જામિઆ–રોનહી, ડિસે. ૦૮'માંથી ગુજરાતી અનુવાદ કરી બરકાતે ખ્વાજા (માસિક)ના વાંચકો સમક્ષ હાજર છે.* **આ બરેલીનો ફત્વો નથી પણ અરબના મિસરનો ફત્વો છે !** જેનાથી **અરબમાં સુન્નીઓનો મસ્લક તે જ જણાય છે કે જે 'મસ્લકે આ'લા હઝરત' છે,** *એને વાંચો અને તમારા ઈમાનને તાજુ કરો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સવાલ :** મોઅઝ્ઝિન અઝાન પઢયા બાદ મોટા અવાજે દુરૂદ શરીફ પઢે છે તો શું આ શબ્દો વડે દુરૂદ શરીફ પઢવું જાઈઝ છે ? શું આ શબ્દો કુર્આન હદીષમાં આવેલા છે ?

الصلوٰة والسلام عليك يا سيدى يا رسول الله
الصلوٰة والسلام عليك يا مليح الوجه
الصلوٰة والسلام عليك يا اول خلق الله
الصلوٰة والسلام عليك يا اشرف رسول الله
الصلوٰة و السلام عليك يا من بك يرحمنا الله،
و الحمدلله رب العلمين

*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા સૈયદી યા રસૂલલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા મલીહલ્ વજહુ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા અવ્વલ ખલ્કિલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા અશ્રફ રસૂલલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા મન બિક યર્હમ્નલ્લાહ*
*વલ્ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.* બૈયનૂ તુજરૂ

**જવાબ :** અઝાનના પછી દુરૂદ શરીફ પઢવું હદીષ શરીફથી સાબિત છે. હુઝૂર નબી કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

**اذا سمعتم المؤذن فقولوا مثل مايقول ثم صلوا على وسلوا لى الوسيلة، فانها منزلة فى الجنة يعطيها الله عبدا من عباده ارجوا ان اكون انا**

**(અર્થ)** : "જયારે તમે મુઅઝ્ઝિનની અઝાન સાંભળો તો મુઅઝ્ઝિનની જેમ તમે પણ કહો (એટલે જવાબ આપો) પછી મારા પર દુરૂદ પઢો અને મારા માટે વસીલો તલબ કરો. વસીલો જન્નતમાં એક મંઝિલ છે, અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાંથી કોઈ એકને અતા ફર્માવશે. હું ઉમ્મીદ કરું છું કે તે હું હોઈશ." અને આ હદીષ સહીહ છે. **આ હદીષ શરીફમાં અઝાન સાંભળીને તેનો જવાબ આપ્યા બાદ દુરૂદ શરીફ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે અને આ હુકમમાં મુઅઝ્ઝિન પણ સામેલ છે.**

હવે રહ્યા દુરૂદ શરીફના શબ્દો જે પ્રશ્નકર્તાએ સવાલમાં વર્ણન કર્યા છે, તો તે કુર્આન તથા હદીષની રોશનીમાં બરાબર છે.

**(૧)** اصلوٰة و السلام عليك يا سيدى يا رسول الله આ દુરૂદ શરીફમાં હુઝૂર ﷺને "યા સૈયદી" એટલે "હે મારા સરદાર" કહેવામાં આવ્યું છે. આપ ﷺ યકીનન! ખુદાની મખ્લૂકના સરદાર છે અને આપને સરદાર કહેવું હદીષના હુકમથી સહીહ છે. હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે : انا سيد ولدآدم "હું આદમની ઔલાદનો સરદાર છું."

**(૨)** الصلوة و السلام عليك يا مليح الوجه આ દુરૂદ શરીફમાં હુઝૂરને مليح الوجه એટલે "હસન તથા જમીલ અને ખૂબસૂરત ચહેરાવાળા" કહેવામાં આવ્યા

છે. આપને ખૂબસૂરત કહેવા જાઈઝ તથા દુરૂસ્ત જ નહીં બલ્કે મહબ્બતે રસૂલની દલીલ છે. આપના હસીનો જમીલ તથા ખૂબસૂરત હોવામાં કોઈ કહેવાપણુ નથી. અને ન કોઈ કલ્મો પઢનાર એમાં શંકા કુશંકા કરી શકે છે. સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે :–

**نظرت الی وجه رسول الله صلی الله علیه وسلم فاذا هو فلقة بدر**

મેં જ્યારે ચહેરાની ઝિયારત કરી તો તે ૧૪મીનો ચાંદ જણાતો હતો.

**(૩)** **الصلوٰة والسلام علیك یااول خلق الله** આ દુરૂદ શરીફમાં હુઝૂર ﷺને "અવ્વલ મખ્લૂક" કહેવામાં આવ્યા છે. આપને અલ્લાહ તઆલાની "પ્રથમ મખ્લૂક" કહેવામાં કોઈ જ વાંધો નથી બલ્કે એ હદીષે મુબારકાના પ્રમાણે છે. હુઝૂર ﷺથી સવાલ કરવામાં આવ્યો કે **متیٰ کنت نبیا** "તમે ક્યારથી નબી હતા ?"

આપે ઈર્શાદ ફર્માવ્યો :–

**کنت نبیا و آدم بین الروح و الجسد** "હું એ સમયથી નબી છું જ્યારે હઝરત આદમ علیہ السلام રૂહ તથા શરીરના દરમ્યાન હતા." જેથી આપને અવ્વલ મખ્લૂક કહેવું ગલત નથી બલ્કે આ હદીષ શરીફથી સાબિત છે.

**(૪)** **الصلوٰة و السلام علیك یا اشرف رسو الله** દુરૂદના શબ્દોમાં હુઝૂર ﷺને અંબિયાએ કિરામ તથા મહાન રસૂલોમાં અફઝલ તથા આ'લા કહેવામાં આવ્યા જે કુર્આન હદીષની રૂએ તદ્દન સહીહ છે અને અયન ઈમાન છે અને અલ્લાહ તઆલા કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવે છે : **تلك الرسل فضلنا بعضهم علی بعض۔** "આ રસૂલ છે કે અમે એમનામાં એકને બીજા પર અફઝલ (ચઢીયાતા) કર્યા. ઉમ્મતે મુહમ્મદિયહ્‌ની એના પર એકમતિ તથા ઈજમાઅ છે કે સર્વ અંબિયાએ કિરામ તથા મહાન રસૂલોમાં સૌથી અફઝલ તથા આ'લા તથા અશ્રફ (ઉચ્ચ) હુઝૂર નબી કરીમ ﷺ છે. જેથી આપને "અશ્રફ રસૂલુલ્લાહ" કહેવું આ આયતની રૂએ સહીહ છે અને એમાં કોઈ ખરાબી નથી.

**(૫)** **الصلوٰة والسلام علیك یا من بك یرحمنا الله** આ સલાતમાં હુઝૂર રહમતે આલમ ﷺને રહમતે ખુદાવંદીનો સબબ કહેવામાં આવેલ છે જે યોગ્ય રીતે સહીહ છે બલ્કે કુર્આનની તર્જુમાની છે, અને કુર્આની દરેક દરેક આયત પર ઈમાન રાખવું લાઝિમ તથા જરૂરી છે. આપને ખુદાની રહમતનો સબબ કહેવું આ આયતે કરીમાથી સાબિત છે જેમાં આપને સર્વ દુનિયાના માટે સરાપા રહમત ફર્માવવામાં આવ્યા છે : **وما ارسلنك الا رحمة العٰلمین** "અને અમે તમને સર્વ જહાનના માટે રહમત બનાવીને મોકલ્યા."

જેથી સવાલમાં વર્ણવેલ દુરૂદ શરીફના સર્વ શબ્દો વાક્યો કુર્આન તથા હદીષની રોશનીમાં દુરૂસ્ત છે અને અઝાન પછી દુરૂદ શરીફ પઢવું રસૂલ ﷺની હદીષના હુકમાનુસાર સહીહ છે. આ શબ્દો વડે દુરૂદ શરીફ પઢવામાં રજ માત્ર કોઈ જ વાંધો નથી બલ્કે તા'ઝીમે રસૂલ ﷺના સબબથી અધિક અજરો સવાબની ઉમ્મીદ છે અને તા'ઝીમ તથા મહોબ્બતે રસૂલ ﷺ અયન ઈમાન છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : (સદર મુફતી) અબ્દુલહમીદ અતરશ અઝહરી–જામેઅ અઝહર, મિસર

**સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર**

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

૧. **વિધુર** : ઉંમર–૬૬ વર્ષ, ઊંચાઈ–૫.૪', એસ.એસ.સી., નિવૃત સરકારી કર્મચારી, માસિક રૂા. ૬૦૦૦/– પેન્શન, બે છોકરા, એક છોકરી સૌ પરણી ગયાં છે. એક પુત્ર અમેરિકા રહે છે. યોગ્ય પાત્રની તલાશ છે. (વલસાડ તરફ)

૨. **સૈયદ યુવાન** : ઉંમર–૨૧ વર્ષ, ઉંચાઈ–૫', PTC પ્રાઈમરી ટીચર, બે વરસથી વિદ્યા સહાયક , હાલ રૂા. ૨૫૦૦/– મળે છે. સૈયદ, શેખ નેક શરીઅતની પાબંદ યુવતીની તલાશ છે.

૩. **સૈયદ યુવતી** : ઉંમર–૨૮ વર્ષ, એજ્યુ. M.A.Bed, હાલ પ્રાઈમરી ટીચર સર્વિસ. (પાટણ તરફ)

૪. **શેખ યુવતી** : ઉંમર–૨૩ વર્ષ, ઉંચાઈ–૫.૩' વજન–૪૮ Kgs, એજ્યુ. M.Sc. (Maths), B.Ed, ગવર્નમેન્ટ સ્કૂલમાં ટીચર, સુન્ની એજ્યુકેટેડ યુવાન પસંદગી પાત્ર (અંકલેશ્વર તરફ)

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે
### એટલે
# કાનૂને શરીઅત

લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## તિલાવતનો સિજદો

આ તે સિજદો છે કે જે સિજદાની આયત પઢવા કે સાંભળવાથી વાજિબ થઈ જાય છે, એનો તરીકો એ છે કે, ઉભો થઈને "અલ્લાહુ અકબર" કહેતાં કહેતાં સિજદામાં જાય અને ઓછામાં ઓછુ ત્રણ વાર "સુબ્હાન રબીયલ આઅ્લા" પઢે. પછી "અલ્લાહુ અકબર" કહેતાં કહેતાં ઉભો થઈ જાય.

**મસ્અલો** : તિલાવતના સિજદામાં બંને વખત (પહેલાં અને પાછળ) "અલ્લાહુ અકબર" કહેવું સુન્નત છે. અને પહેલાં ઊભા થઈ પછી સિજદામાં જવું અને સિજદો કર્યા બાદ ઊભા થવુંએ બંને "કયામ" મુસ્તહબ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : જો સિજદએ તિલાવતથી પહેલાં કે સિજદો કર્યા પછી ઉભો ન થયો, અથવા "અલ્લાહુ અકબર" ન કહ્યું, અથવા "સુબ્હાન રબ્બીયલ આઅ્લા" ન પઢયો તો પણ સિજદો થઈ જશે, પરંતુ તકબીર છોડવી ન જોઈએ કારણ કે એ સલ્ફે સાલેહનની ખિલાફ છે. *(આલમગીરી, રદ્દુલ મુખ્તાર)*

**મસ્અલો** : તિલાવતના સિજદા માટે "અલ્લાહુ અકબર" કહેતી વખતે એમાં ન તો હાથ ઉઠાવવાના છે ન તો તશહ્હુદ પઢવાની છે અને ન તો સલામ ફેરવવાની છે. *(તનવીર, બહાર)*

**મસ્અલો** : પૂરા કુર્આન મજીદમાં ૧૪ આયતો સિજદાની છે. એમાંથી જે પણ આયત પઢવામાં આવે તો પઢનાર અને સાંભળનાર બંને ઉપર સિજદો વાજિબ છે. ભલે સાંભળનારે સાંભળવાનો વિચાર કર્યો હોય કે ન હોય.

**મસ્અલો** : તિલાવતના સિજદા માટે તકબીરે તહરીમા સિવાય તે જ બધી શરતો છે જે નમાઝ માટે છે.

દા.ત. : પાકી, કિબ્લા તરફ મોઢું કરવું, નિય્યત, સમય, સતર ઢાંકવું, માટે જો પાણી ઉપર કુદરત છે તો તયમ્મુમ કરીને સિજદો જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : સિજદાની આયત નમાઝની હાલતમાં પઢે તો તિલાવતનો સિજદો તરત નમાઝમાં જ કરવો વાજિબ છે. જો વાર લગાડશે તો ગુનેહગાર થશે. વાર લગાડવાનો મતલબ ૩ આયતથી વધુ પઢી લેવું છે. પરંતુ જો સૂરતના અંતમાં સિજદાની આયત હોય તો સૂરત પૂરી કરીને સિજદો કરશે, તો પણ વાંધો નથી. દા.ત. સૂરએ ઈન્શેકાકમાં સૂરત પૂરી કરી સિજદો કરે તો પણ કંઈ વાંધો નથી.

**મસ્અલો** : સિજદાની આયત નમાઝમાં પઢી અને સિજદો કરવાનું ભૂલી ગયો તો જયાં સુધી "હુરમતે નમાઝ"માં હોય સિજદો કરી લે. (ભલે સલામ ફેરવી નાંખી હોય) *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

"હુરમતે નમાઝ"માં હોવાનો મતલબ એ કે કોઈ એવું કામ ન કર્યું હોય જે નમાઝની હાલતમાં ન થઈ શકતું હોય, જેમ કે વુઝૂ ન તૂટયું હોય, કંઈ ખાધું પીધું ન હોય, કોઈ વાતચીત ન કરી હોય, તો સલામ ફેરવ્યા છતાં હજુ "હુરમતે નમાઝ"માં છે.

**મસ્અલો** : નમાઝમાં સિજદાની આયત પઢી તો તેનો સિજદો નમાઝમાં જ વાજિબ છે નમાઝની બહાર થઈ શકતો નથી. જો જાણી બુઝી કર્યો ન હતો તો ગુનેહગાર થયો, તૌબા કરવી જરૂરી છે જયારે કે સિજદાની આયત પછી તરત રુકૂઅ કે સિજદો ન કર્યો હોય.

**મસ્અલો** : તિલાવતના સિજદામાં એ જરૂરી નથી કે ફલાણી આયતનો સિજદો કરું છું એવી જ નિય્યત કરે, બલ્કે ફક્ત તિલાવતના સિજદાની નિય્યત બસ છે.

**મસ્અલો** : જે બાબતોથી નમાઝ તૂટી જાય છે એનાથી તિલાવતનો સિજદો પણ તૂટી જશે, જેમ કે હવા નીકળવી, વાત કરવી, જોરથી હસવું વગેરે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : સિજદાની આયત લખવા કે એના તરફ જોવાથી સિજદો વાજિબ થતો નથી. *(ફતાવા કાઝીખાન, આલમગીરી, ગુનિયા)*

**મસ્અલો** : સિજદો વાજિબ થવા માટે પૂરી આયત પઢવી જરૂરી નથી, બલ્કે તે શબ્દ કે જેમાં સિજદાનો

ભાવાર્થ મળી રહેતો હોય તે અને એની સાથે આગલો કે પાછલો કોઈક શબ્દ મેળવી પઢવું જ બસ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : સિજદાની આયતની જોડણી કરવા માટે કે સાંભળવાથી સિજદો વાજિબ નહીં થાય. *(આલમગીર, દુર્રે મુખ્તાર, કાઝીખાન)*

**મસ્અલો** : સિજદાની આયતનો તર્જુમો જ પઢયો તો તે પઢનાર અને સાંભળનાર ઉપર સિજદો વાજિબ થઈ ગયો, ભલે સાંભળનાર એ સમજતો હોય કે ન સમજ્યો હોય કે આ સિજદાની આયતનો તર્જુમો છે. પરંતુ હા ! એ જરૂરી છે કે સાંભળનારને એ બતાવી દેવામાં આવ્યું હોય કે આ સિજદાની આયતનો તર્જુમો હતો. અને જો (અરબી) આયત પઢવામાં આવી તો એની જરૂરત નથી કે સાંભળનારને બતાવવામાં આવ્યું હોય કે આ સિજદાની આયત હતી. *(કાઝીખાન, આલમગીરી, બહાર)*

**મસ્અલો** : હૈઝ અને નિફાસવાળી સ્ત્રીએ સિજદાની આયત પઢી તો તેણીના પોતાના ઉપર સિજદા વાજિબ નહીં પરંતુ સાંભળનારા ઉપરવાજિબ થઈ જશે. *(બહાર)*

**મસ્અલો** : જુનુબીએ અથવા વૂઝુ વિનાનાએ સિજદાની આયત પઢી કે સાંભળી તો સિજદો વાજિબ છે.

**મસ્અલો** : નાબાલિગે સિજદાની આયત પઢી તો સાંભળનાર ઉપર સિજદો વાજિબ છે નાબાલિગ ઉપર નહીં. *(આમલગીરી)*

**મસ્અલો** : ઈમામે સિજદાની આયત પઢી પરંતુ સિજદો ન કર્યો તો મુકતદી પણ એની તાબેદારીમાં સિજદો ન કરશે, ભલે સાંભળી હોય. *(ગુનિયા)*

**મસ્અલો** : જે વખતે સિજદાની આયત પઢી તે વખતે કોઈક કારણે સિજદો ન કરી શકતા હોય તો પઢનાર અને સાંભળનારે આ પઢી લેવું મુસ્તહબ છે : سَمِعْنَا وَاَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْر *(આલમગીરી)*

**મસ્અલો** : પૂરી સૂરત પઢવું અને ફક્ત સિજદાની આયત છોડી દેવી મકરૂહે તહરીમી છે. *(કાઝીખાન, દુર્રે મુખ્તાર વગેર)*

**મસ્અલો** : એ જ મજલિસમાં સિજદાની આયત વારંવાર પઢી અથવા સાંભળી તો એક જ સિજદો વાજિબ થશે, ભલે એકથી વધુ માણસોના મોઢે સાંભળી, એવી જ રીતે એક આયત પઢી એ જ આયત બીજા માણસથી પણ સાંભળી તો એક જ સિજદો વાજિબ થશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## મજલિસ બદલવાની હાલતો

**મસ્અલો** : બે એક કોળિયા ખાવાથી, બે એક ઘુંટડા પીવાથી, ઉભા થઈ જવાથી, બે એક ડગલાં ચાલવાથી, સલામનો જવાબ આપવાથી, બે એક વાતો કરવાથી, ઘરના એક ખૂણાથી લઈ બીજા ખૂણા તરફ ચાલવાથી મજલિસ બદલાશે નહીં, જો કે મકાન મોટું છે જેવી રીતે શાહી મહેલ તો એવા મકાનના એક ખૂણાથી બીજા ખૂણા સુધી જવામાં મજલિસ બદલાઈ જશે. નાવડીમાં છે અને નાવડી ચાલી રહી છે તો મજલિસ બદલાશે નહીં. રેલવેગાડીનો પણ એ જ હુકમ હોવો જોઈએ. જાનવર ઉપર હોય અને જાનવર ચાલી રહ્યું છે તો મજલિસ બદલાઈ રહી છે, પરંતુ જો સવારી ઉપર નમાઝ પઢી રહ્યા છે તો નહીં બદલાઈ.

ત્રણ કોળિયા ખાવાથી, ત્રણ ઘુંટડા પીવાથી, ત્રણ શબ્દો બોલવાથી, ત્રણ ડગલાં મેદાનમાં ચાલવાથી, નિકાહ કરવાથી, ખરીદ વેચાણ કરવાથી, લાંબા થઈ ઊંઘી જવાથી મજલિસ બદલાઈ જશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, ગુનિયા, બહાર)*

**મસ્અલો** : એક જ મજલિસ (બેઠક)માં મોડે સુધી બેસવા, કિ઼રાઅત, તસ્બીહ, તહલીલ, દર્સ–પઢાવવા કે વાઅઝમાં મશ્ગૂલ થવાથી મજલિસ બદલાશે નહીં.

જો બે વખત આયતે સિજદા પઢવાથી વચમાં કોઈક દુનિયવી કામ કર્યું જેમ કે કપડુ સીવવું વગેરે તો મજલિસ બદલાઈ ગઈ. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જો સાંભળનારા સિજદો કરવા તૈયાર હોય અને સિજદો તેમના માટે કોઈ કારણે ભારરૂપ ન હોય તો સિજદાની આયત અવાજથી પઢવી બેહતર છે, નહીં તો આહિસ્તા ધીમે અવાજે પઢવી. અને જો સાંભળનારાઓ હાલતની ખબર નથી કે તૈયાર છે કે નહીં તો પણ આહિસ્તા ધીમેથી પઢી લેવી જ બેહતર હોવી જોઈએ. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : બીમારીની હાલતમાં ઈશારાથી પણ સિજદો અદા થઈ જશે. એવી જ રીતે મુસાફરીની હાલતમાં સવારી ઉપર પણ ઈશારાથી થઈ જશે. *(આલમગીરી વગેરે)*



# કુર્આન શરીફ અને તેના આદાબ તથા અહકામ


રજૂકર્તા : **મૌલાના હસનખાન રઝવી બેડીવાળા**

*(ઝેરે તા'લીમ : દારુલ ઈફતા મર્કઝે તર્બિયતે ઈફતા–ઓઝાગંજ, યુ.પી.)*


કુર્આને હકીમ અલ્લાહ તઆલાની ઉતારેલી આસ્માની પવિત્ર કિતાબ છે. તે સમગ્ર દુનિયાના માનવીઓના બોધ માટે મોકલવામાં આવી છે. તે એક એવી અનોખી કિતાબ છે જે જગતભરમાં સહુથી વધારે છપાય છે, સહુથી વધારે પઢાય અને સંભળાય છે, જેના બતાવેલા આદેશો પર દુનિયામાં સહુથી વધારે અમલ થાય છે, જેને યાદ કરવાવાળા અને મોઢે પઢવાવાળા પૂરા જગતમાં જોવા મળે છે. કુર્આન શરીફ સિવાય બીજી કોઈ એવી કિતાબ નથી જે પૂરેપૂરી મોઢે પઢવામાં આવતી હોય. આ તે લાજવાબ કિતાબ છે જેમાં અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺના જમાનાથી લઈને કયામત સુધી પેદા થવાવાળા માણસો અને તેમના જીવનના દરેક ભાગ માટે સ્પષ્ટ માર્ગદર્શન આપેલ છે. જે જગતના તમામ માનવીઓના અક્ીદા સહી કરે છે. સદ્વર્તનનો બોધ આપે છે. સામાજિક પ્રગતિનો માર્ગ દેખાડે છે, શારીરિક અને આર્થિક ઈબાદતો કેવી રીતે કરવી તેના આદેશો આપે છે. સામાજીક જીવનમાં રાખવાના સંબંધો નક્કી કરે છે અને આર્થિક સ્થિતિ સદ્ધર કરે છે. રાજકરણનાં સિંહાસનો સુધી પહોંચવાના માર્ગદર્શક સિદ્ધાંતોની તા'લીમ આપે છે.

## ★ ફઝીલતે તિલાવતે કુર્આન ★

પવિત્ર કુર્આનની તિલાવત (વાંચન) કરવી એ જાણે અલ્લાહ તઆલા સાથે વાતચીત કરવા સમાન છે. ખુદાનું આ કલામ દિલની સફાઈ, ખુદાનું કુર્બ (નિકટતા) અને આત્મશુદ્ધિનું કારણ બને છે. જે ઘરમાં કુર્આન શરીફ પઢાય છે, તેમાં બરકતો, ભલાઈ વધી જાય છે, તેમાં ફરિશ્તા ઉતરે છે, તે ઘરથી શૈતાન ચાલ્યો જાય છે તેથી એની તિલાવત કરવાનો અને હિફઝ (કંઠસ્થ) કરવાનો અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો છે. હુઝૂર ﷺ પોતે પણ તિલાવત કરતા હતા અને સહાબાઓને પણ તિલાવત કરવાની તાકીદ કરતા હતા. કુર્આન શરીફ પઢવા અને પઢાવવાની ફઝીલતમાં ઘણી હદીષો આવી છે. બુખારી શરીફમાં છે : "તમારામાંથી ઉત્તમ તે માણસ છે જેણે કુર્આન શીખ્યું અને શીખવાડયું." *(જિલ્દ–૧, સફા–૭૫૨)*

કન્ઝુલ ઉમ્માલની હદીષ છે : " હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે લોઢાને કાટ લાગે છે તે રીતે દિલને પણ કાટ લાગે છે, તો સહાબાએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ તે કાટ કઈ રીતે દૂર થશે ?! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મૌતને વધુ પ્રમાણમાં યાદ કરવા અને કુર્આને હકીમની તિલાવત કરવાથી." *(જિલ્દ–૧, સફા–૫૧૩)*

## ★ કુર્આન શરીફ પઢવાના આદાબો અહકામ ★

કુર્આને અઝીમ કેમ કે જગતના પાલનહાર અને બ્રહ્માંડના સર્જનહારનો કલામ છે તે માટે તેનો અદબો એહતેરામ, ઈઝ્ઝતો વકઅત અને તા'ઝીમો તકરીમ ઘણી જ અને અધિક્તમ થવી જોઈએ. મહાન તાબેઈ હઝરત ઈકરમા رضي الله عنه જ્યારે કુર્આન મજીદ ખોલતા ત્યારે બેભાન થઈ જતા હતા, તે કહેતા હતા આ મારા રબનો કલામ છે ! આ મારા રબનો કલામ છે ! તેથી ફુકહાએ કિરામે કુર્આન મજીદ પઢવાના કેટલાક આદાબ નક્કી કરેલા છે, તે નીચે મુજબ છે :–

**(૧)** મિસ્વાક (દાતણ) કરીને, વૂઝુ કરીને સારા કપડાં પહેરીને શાંતિથી અને નમ્રતાથી, એકાંત જગ્યાએ કિબ્લા તરફ મોઢું કરીને કુર્આન શરીફ પઢવા બેસવું.

**(૨)** કુર્આન શરીફ પઢતાં પહેલાં اعوذ بالله من الشيطان الرجيم પઢે કે **અઊઝુબિલ્લાહ !** પઢવું **વાજિબ** છે. અને દરેક સૂરતની શરૂઆતમાં **બિસ્મિલ્લાહ** પઢવું **વાજિબ** છે ભલે સૂરતે તૌબા જ હોય અને આજે લોકોમાં મશહૂર છે કે સૂરતે તૌબાની શરૂઆતથી પઢે તો પણ બિસ્મિલ્લાહ ન પઢે તે તદ્દન ખોટુ છે. હા ! અગર સૂરતે તૌબાના પહેલાંથી તિલાવત શરૂ થતી અને તિલાવત દરમ્યાન સૂરએ તૌબા આવી પડે તો બિસ્મિલ્લાહ પઢવું જરૂરી નથી.

**(૩)** પઢતી વખતે અન્ય વ્યક્તિ સાથે વાત કરવી નહીં.

અને કોઈ જરૂર આવી પડે અને વાત કરવી જ પડે તો પહેલાં કુર્આન શરીફ બંધ કરી આપે પછી વાત કરી લે. વાત પૂરી થયા પછી ફરી اعوذبالله من الشيطان الرجيم પઢીને તિલાવત શરૂ કરે. હા ! અગર તિલાવત દરમ્યાન કોઈ દીની કામ કરે દા.ત. સલામનો જવાબ આપે અથવા છીંક આવે ત્યારે **અલ્હમ્દુલિલ્લાહ** કહે તો ફરીથી **અઊઝુબિલ્લાહ** પઢવું વાજિબ નથી.

**(૪)** જે જગ્યાએ લોકો પોત પોતાના કામમાં વ્યસ્ત હોય, તો ત્યાં કુર્આન શરીફને ધીમા સ્વરે પઢવું જરૂરી છે. જો જોરથી પઢશે તો ગુનેહગાર થશે અને જો એકલો પઢતો હોય તો જોરથી અવાજ કાઢીને પઢવું બેહતર છે. એવી જ રીતે જે જગ્યાએ કુર્આન શરીફ સાંભળવા માટે જ બેઠા હોય તો દરેકને સાંભળવું **ફર્ઝ** છે તે સમયે વાતચીત અથવા બીજું કોઈ પણ કામ કરવું **હરામ** છે. એવી જ રીતે કુર્આન ખ્વાનીમાં દરેકને ધીમે સ્વરથી પઢવું જરૂરી છે. ઘણી જગ્યાએ જોવામાં આવે છે કે સઘળા પઢવાવાળા જોર જોરથી પઢે છે તો આવી રીતે પઢવું **હરામ** છે, જેથી આવી રીતે પઢવાથી બચવું જોઈએ.

**(૫)** વૂઝુ વગર કુર્આન શરીફ પઢવું જાઈઝ છે. પણ જેના પર ગુસ્લ ફર્ઝ હોય સ્ત્રી હોય કે પુરૂષ તેમને કુર્આન શરીફ પઢવું હરામ છે અને કુર્આન શરીફને અડકવું, ભલે તેના પુઠ્ઠા અથવા હાશિયાને હોય તેને હાથ અથવા આંગળીની ટોચ અથવા શરીરનો કોઈ પણ ભાગ લગાડવો હરામ છે. જો કુર્આન શરીફ જુઝદાનમાં હોય તો તેને આવા લોકોએ સ્પર્શ કરવામાં વાંધો નથી.

**(૬)** તિલાવત કરતી સમયે આલિમે દીન, ઉસ્તાદ, બાપ અથવા બીજા કોઈ દીની હોદ્દો રાખવાવાળાની તા'ઝીમ માટે ઊભો થવું જાઈઝ છે. કુર્આન શરીફ ઉપર કોઈપણ પ્રકારની કિતાબ ન રાખવી જોઈએ.

**(૭)** ઘણી જ એકાગ્રતાથી એવી રીતે કુર્આન શરીફ પઢે કે જાણે અલ્લાહ તઆલાને સંભળાવી રહ્યો હોય. અને જો અર્થ સમજતો હોય, તો તેની ઉપર ચિંતન અને મનન કરે. રહમત અને વાયદાની આયતો પર મગફિરતની દુઆ કરે, રહમત માંગે. અઝાબ અને ધમકીની આયતો આવે ત્યારે અલ્લાહની પાસે પનાહ માંગે, ખુદાની પવિત્રતાની આયતો આવે ત્યાર **સુબ્હાનલ્લાહ** ! કહે. તિલાવતે કુર્આન કરતી વખતે રડવું ન આવે તો રડવા જેવી સ્થિતિ બનાવી રડવાનો પ્રયત્ન કરે. તિલાવતમાં ઉતાવળ ન કરે.

## ★ ગલત માન્યતાઓનો રદિયો ! ★

**(૮)** લોકોમાં મશ્હૂર છે કે જે કુર્આન શરીફ ઉઘાડુ હોય છે તેને શૈતાન પઢે છે તો **આ વાત ખોટી છે.** શરીઅતમાં આનો ક્યાંય સુબૂત નથી, પણ જ્યારે કુર્આન શરીફ ન પઢવું હોય ત્યારે બંધ કરી દેવું જોઈએ. એ જ પ્રમાણે લોકોમાં એ વાત પણ પ્રખ્યાત થઈ ગઈ છે કે જ્યારે કુર્આન શરીફ હાથથી છૂટી જાય તો તેના વજન પ્રમાણે કફ્ફારો આપવો પડશે. આ **માન્યતા પણ ખોટી છે**, શરીઅતમાં આ વિશે કોઈ કફ્ફારો નથી પણ હમેશાં કુર્આન શરીફને અદબથી કાળજીપૂર્વક ઉપાડવું જોઈએ અને જો કુર્આન પડી જતાં કફ્ફારો સમજ્યા વગર કોઈ સદકો કાઢે તો કોઈ ગુનોહ નથી કે સદકો કરવો બેહતર છે.

**(૯)** કુર્આન શરીફ યાદ કરીને ભૂલી જવું ગુનોહ છે. નબીએ કરીમ ﷺનો ઈર્શાદ છે કે **જે વ્યક્તિ કુર્આન શરીફ યાદ કરીને ભૂલી જાય છે તે કયામતના દિવસે કોઢી થઈને આવશે.** અને કુર્આન શરીફમાં છે કે **તેને આંધળો કરીને ઉઠાડવામાં આવશે.** જે વ્યક્તિ ગલત પઢતો હોય તો સાંભળવાવાળા પણ **ફર્ઝ** છે કે તેની ભૂલ સુધારે.

**(૧૦)** કુર્આન શરીફને તરતીલથી પઢવું એટલે સઘળા શબ્દોને સહી ઉચ્ચારથી અદા કરવા જોઈએ. એકની જગ્યાએ બીજો હરફ નીકળવો જોઈએ નહીં, જ્યાં આયત આવે ત્યાં બરાબર થોભવું જોઈએ ઝબર, ઝેર, પેશને ઘણા જ સ્પષ્ટ ઉચ્ચારથી અદા કરવા જોઈએ.

જ્યારે પૂરું કુર્આન શરીફ પઢી લો તો ત્રણવાર સૂરએ ઈખ્લાસ પઢવું બેહતર છે, કોઈ આમ નમાઝ હોય કે તરાવીહ પણ ફર્ઝ નમાઝ હોય તો એક જ વાર પઢે.

**(૧૧)** અવાજને દર્દ ભરેલો બનાવીને પઢો જેથી દિલ પર અસર થાય. તશ્દીદ અને મદ આવતો હોય, ત્યાં બરાબર અદા કરો, કારણ કે તેમાં કલામે પાકની અઝમત જાહેર થાય છે.

અલ્લાહ તઆલા આપણને સર્વને દુનિયાની સૌથી પવિત્ર કિતાબ કુર્આને હકીમ પઢવાની તૌફીક અતા ફર્માવે, તેના પર ચિંતન મનન કરવાની અને અમલ કરવાની પણ તૌફીક અતા ફર્માવે. (આમીન)

શું તમારામાં આ ખૂબીઓ છે ?! જોઈ લો !

# ઈમાનવાળાઓની ૯ ખૂબીઓ

........રજૂકર્તા : **હાફેઝ ઈમરાન બાપાલાલ દયાદરવી** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કુર્આન શરીફમાં છે કે અલ્લાહ ﷻ એ ઈમાનની દૌલતથી માલામાલ ખુશનસીબોનાં વિવિધ ગુણો તથા વિશિષ્ટતાઓનો ઉલ્લખ કર્યો છે. અત્યારે મારી નજરો સમક્ષ સૂરએ તૌબાની એક આયત છે જેમાં નિખાલસ ઈમાનવાળાઓની નવ ખૂબીઓ વર્ણન કરવામાં આવી છે, દરેક ખૂબીની વિગતે ચર્ચા જોઈ લઈએ :–

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**التائبون العبدون الحامدون السائحون الراكعون السجدون الامرون بالمعروف والناهون عن المنكر والحٰفظون لحدود الله وبشر المومنين۔**

**(અર્થ)** : "તૌબા કરવાવાળા એટલે ગુનાહોથી માફી માંગવાવાળા, ઈબાદત કરવાવાળા, તાઅરીફ કરવાવાળા, રોઝા રાખવાવાળા, રુકૂઅ કરવાવાળા, સજદા કરવાવાળા, ભલાઈ (સીધો રસ્તો) બતાવવાવાળા અને બુરાઈથી રોકવાવાળા અને અલ્લાહની હદોની રક્ષા કરનારા અને ખુશી સંભળાવો મુસલમાનોને." *(સૂરએ તૌબા, પારા–૧૧, આ. ૧૧૨, રુકૂઅ–૩)*

## ★ التائبون તૌબા કરવાવાળા ★

તૌબા એક અણમોલ દૌલત છે, એટલી મહાન દૌલત કે માણસ કેટલાય વર્ષો વર્ષથી ગુનાહ, બુરાઈઓ, ખૂન, લૂટમાર, અલ્લાહનો અને તેના રસૂલનો ગુનેહગાર થાય, એવાં ખતરનાક જુર્મોની અંદર સપડાયને રાત અને દિવસો પસાર કરતો હોય, પરંતુ જ્યારે કિસ્મતે સાથ આપ્યો, નસીબ ચમકી ઉઠયું અને તૌબાની તૌફીક મળી ગઈ, સાચા દિલથી અલ્લાહની બારગાહમાં માફી માંગવાની સાથે જ એના દિલની દુનિયા બદલાઈ ગઈ કે જે માણસ પહેલાં ખૂન, લૂટમાં અને અલ્લાહનો અને તેના રસૂલનો પણ નાફર્માન અને ગુનોહ કરવામાં સપડાયેલો હતો પણ હવે હિદાયત કરવાવાળો (સીધા રસ્તે) અને માર્ગદર્શન કરવાવાળો બની ગયો અને મુસલમાનોને અલ્લાહ અને તેના રસૂલના કહ્યા મુજબ અમલ કરવાની દા'વત દેવામાં જિંદગીનો પૂરેપૂરો સમય પસાર કરે છે. ઈતિહાસનાં પૃષ્ઠો પર આવાં અસંખ્ય દષ્ટાંતો મૌજૂદ છે.

તૌબાનો શાબ્દિક અર્થ ગુનાહોથી પાછા ફરી જવાનું નામ છે, અને 'તાઈબ'નો અર્થ : જે ગુનાહની અને બુરાઈની બુરી હાલતમાંથી બદલાઈને ફર્માંબરદારીની તરફ પાછો આવી ગયો હોય. તૌબાના ચાર અરકાન છે એના વગર તૌબા કૂબૂલ થવાથી વંચિત રહે છે. દા.ત. :–

**(૧)** ગુનોહ થઈ જવાથી શરમ અનુભવતો હોય અને ગુનોહ થઈ જવાથી એનું દિલ ડંખી રહ્યું હોય અને પોતે પોતાનાથી જ નફરત થઈ ગઈ હોય.

**(૨)** હવે પછી એ ગુનોહ ન કરવાનો પુખ્તો (પાકો) ઈરાદો કરે.

**(૩)** એ ગુનાહના નુકસાનને ભરપાઈ કરે. દા.ત. જે નમાઝ છૂટી ગઈ છે તેની કઝા કરે, જેનો માલ દબાવી રાખ્યો હોય તેને તેનો માલ પાછો આપે, જેની ગીબત (બુરાઈ) કરી હતી તેના હક્કમાં દુઆ કરે.

**(૪)** આ ત્રણેય કામોનો સબબ કેવળ અલ્લાહ તઆલાની ખુશી હાંસલ કરવું હોય અને એના હુકમો પર અમલ કરવું હોય અથવા તો જો એની ગરજ કેવળ લોકોની બુરાઈ કરવાની હોય અથવા તો વખાણ કે વાહ વાહ મેળવવા માટે હોય અથવા તો અન્ય કોઈ હેતુ હોય તો આ બધા જ કામો ¦ તૌબાથી હરગિઝ હરગિઝ નથી.

હઝરત અનસ રદિયલ્લાહુ અન્હુ બયાન કરે છે. નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું કે બધી જ આદમની ઔલાદ ખતાકાર (ભૂલ, ખતા કરવાવાળી) છે અને

ગુનેહગારો, ખતાકારોમાં તે લોકો સારા છે જે માફી (તૌબા) માંગવાવાળા છે. માફી માંગવાવાળો બંદો અલ્લાહ તઆલાને પણ પસંદ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

ان الله يحب التوابين ويحب المتطهرين "બેશક ! અલ્લાહ પસંદ કરે છે તૌબા કરવાવાળાને અને પસંદ કરે છે પાકીઝા (સાફ સુથરાઓને, પાક) લોકોને."

ગુનાહોમાં જિંદગી પસાર કરવાવાળો માણસ જો અલ્લાહ તઆલાની બારગાહમાં સાચા દિલથી માફી માંગે છે તો અલ્લાહ ﷻ એને પોતાના દામને રહમતમાં પનાહ આપે છે, રહમતનો સાયો અતા ફર્માવે છે, ઈનામ આપે છે. દા.ત. કુર્આનમાં છે :–

الامن تاب وآمن وعمل صالحا فاولئك يبدل الله سيآتهم حسنت و كان الله غفورا رحيما

"જેમ કે તૌબા કરે અને ઈમાન લાવે અને સારાં કામ કરે તો એવા લોકોની બુરાઈઓને અલ્લાહ તઆલા ભલાઈમાં બદલી નાખે છે અને અલ્લાહ તઆલા બખ્શવાવાળો (માફ કરવાવાળો) મહેરબાન છે." *(પા. ૧૯, સૂ. ૪, આ. ૭૦)*

આ આયતની તફસીરમાં પ્રખ્યાત મુફસ્સિર હઝરત સદરુલ્ અફાઝિલ અલ્લામા સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمة الله عليه લખે છે, એટલે કે ગુનાહ કર્યા પછી નેકીની તૌફીક્ આપીને અથવા તો ગુનાહોને તૌબા કરવાથી મિટાવી દે છે અને એની જગ્યાએ ઈમાન અને બંદગી વગેરે નેકીઓ લખી દે છે.

મુસ્લિમ શરીફમાં હદીષ છે કે ક્યામતના દિવસે એક માણસને બોલાવવામાં આવશે. ફરિશ્તા અલ્લાહના હુકમથી એના સગીરા એક એક કરીને એને યાદ અપાવતા જશે, એ સ્વીકારતો જશે અને પોતાના મોટા ગુનાહોને સામે આવવાથી ડરતો હશે. એને પછી કહેવામાં આવશે કે બધી જ બદી (બુરાઈ)ના બદલામાં તને નેકી આપવામાં આવે છે ! આ સાંભળતાં જ હુઝૂર સૈયદે આલમ ﷺને અલ્લાહ તઆલાની બંદા નવાઝી પર અને એની શાને કરીમી પર ખુશી થશે અને મોઢા પર ખુશીની હંસી (મુસ્કુરાહટ)ના ભાવો જોવા મળશે. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضي الله عنهથી બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

التائب من الذنب كمن لاذنب له "ગુનાહોથી (તૌબા) માફી માંગવાવાળો એ માણસની જેમ છે જેનો કોઈ પણ ગુનોહ ન હોય."

સૈયદુલ મઅ્સૂમીન ખત્મુલ મુરસલીન સૈયદના રસૂલુલ્લાહ ﷺ જેમના સદકામાં બધા જ લોકોની તૌબા (માફી) કબૂલ થઈ છે. હઝરત આદમ عليه السلامની તૌબા પણ નબીએ કૌનૈનના સદકામાં કબૂલ થઈ હતી. એમને પણ હુકમ મળ્યો કે واستغفر لذنبك "અને ઈસ્તિગફાર કરતા રહો." આ હુકમ એ પ્યારા નબીના માટે પણ છે જે મઅસૂમીન એટલે કે સૈયદુલ મઅસૂમીનમાં છે, જેમનાથી ગુનાહ થવા શક્ય જ નથી, પરંતુ આ હુકમ તેમના મન્સબ (હોદ્દા) મુજબ એ હિકમત પર આધારિત છે કે મહબૂબનો ઈસ્તિગફાર રબ્બ ﷻને બેહદ પસંદ છે અને એ હિકમત પણ છે કે આકાએ દો જહાં ﷺનો ઈસ્તિગફાર એમના ગુલામોની તૌબા કબૂલ થવાનો વસીલો બની જાય અને નબીની ઉમ્મત આપણા નબીની સુન્નત સમજીને વધુમાં વધુ તૌબા અને ઈસ્તિગફાર કરતી રહે. જેથી મઅસૂમીન નબીએ પોતાના રબ્બે કરીમના હુકમની ઉપર અમલ કર્યો. પોતે આકા ઈર્શાદ ફર્માવે છે :–

انی لا ستغفر الله واتوب اليه فی اليوم اكثر من مائة مرة

"હું અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની બારગાહે નિયાઝમાં એક દિવસમાં ૧૦૦થી વધારે તૌબા અને ઈસ્તિગફાર કરું છું." અલ્લાહ રબ્બે કદીર એના હબીબ સાહિબે લવલાક ﷺના સદકામાં આપણને પણ તૌબાની તૌફીક્ અતા કરે.

## ★ العابدون ઈબાદત કરવાવાળા ★

'ઈબાદત'ના જુદા જુદા અર્થો છે : ઈબાદતનો એક અર્થ છે કે એવું કામ કરવું જેનાથી અલ્લાહ તઆલાની તા'ઝીમ માટે દલીલ બને.

બીજો અર્થ છે અતિશય તુચ્છપણાનું પ્રદર્શન કરવું,

એટલા માટે જે લોકો અલ્લાહના સામે અતિશય આજિઝી તથા પોતે અત્યંત નીચ હોવું પ્રદર્શિત કરે તે આબિદોમાંથી છે.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ એ કહ્યું છે કે ઈબાદત કરનાર એ છે જે સુખ અને દુ:ખ બંનેવમાં અલ્લાહની ઈબાદત કરે. હઝરત કતાદાએ કહ્યું કે જે દિવસ અને રાતમાં અલ્લાહની ઈબાદત કરે છે એ આબિદ છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે :–

واعبد ربك حتى ياتيك اليقين ''તમારા રબની ઈબાદત કરતા રહો ત્યાં સુધી કે તમારી પાસે મૌતનો પયગામ આવી જાય.'' *(પા. ૧૪, સૂ. ૬, આ. ૯૯)*

સૈયદુલ આબેદીન ﷺ એ પોતાના રબની બહુ જ ઈબાદત કરી છે, એમની ઈબાદતનો આલમ એ હતો કે આપ એવા લાંબા કયામ કરતા હતા કે حتى تورمت قدماه આપના પગમાં સોજા થઈ જતા હતા, એટલે સુધી કે એક રિવાયતમાં છે કે حتىٰ تشققت قدماه મુબારક પગોમાં ફાટો પડી જતી હતી.

એક વખતે નબીએ કરીમ ﷺ ની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમને આવી રીતે ઈબાદત કરવાની શી જરૂર છે ? તમે તો મઅસૂમ છો ! તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે, افلا اكون عبدا شكورا ''શું હું અલ્લાહનો શુક્ર ગુઝાર બંદો ન બનું ?''

પ્રિય વાંચકો ! ખુદાએ કદીરે એની પાકીઝા (મુકદ્દસ) કિતાબ કુર્આને અઝીમમાં આપણા સર્જનનો મકસદ બયાન કર્યો છે :

وما خلقت الجن والانس الا ليعبدون ''જિન્નાત અને ઈન્સાનને અમે કેવળ મારી ઈબાદતના માટે જ પેદા કર્યા છે.'' *(પા. ૨૭, સૂ.૨, આ.૫૫)*

ઈબાદતનો ભાવાર્થ પોતાનામાં ખૂબ જ વિશાળતા ધરાવે છે. મુસલમાન પોતાના બધાં જ કામોમાં અલ્લાહની રઝા અને રસૂલની રઝાનો ખયાલ રાખે અને જે કામ પણ કરે તે સુન્નતે રસૂલની રોશનીમાં કરે તો પછી એવા મુસલમાનની જિંદગીની દરેક પળ ઈબાદત બની શકે છે. રબ્બે કદીર આપણને ઈબાદતના શોખની દૌલતથી માલામાલ કરે. (આમીન)

### ★ الحامدون હમ્દ કરનારા ★

'હમ્દ'નો અર્થ છે સિફાતે કમાલિયાનું પ્રદર્શન એટલે કે અનોખી તથા અનમોલ ખૂબીઓનું પ્રદર્શન અને એના કમાલોનું વર્ણન કરવું. અને જ્યારે હમ્દ નેઅમતના મુકાબલામાં કરવામાં આવે તો તે શુક્ર છે અને શુક્રનો અર્થ છે નેઅમતના સબબે નેઅમત આપનારની તા'ઝીમ કરવી અને મુન્ઈમે જે મકસદના માટે નેઅમત આપી છે એ મકસદમાં એ નેઅમતને વાપરી નાખવી. જેથી 'હામિદૂન' તેઓ છે જેઓ અલ્લાહની તકદીર પર ખુશ રહે અને એની નેઅમતને એની ફર્માંબરદારીમાં ખર્ચ કરે અને ગમે તે હાલતમાં અલ્લાહની હમ્દ કરે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું કે :–

كُلُّ اَمْرٍ ذِى بَالٍ لَمْ يُبْدَأْ بِحَمْدِ اللّٰهِ فَهُوَ اَقْطَعُ ''દરેક શાનવાળુ કામ જેની શરૂઆત અલ્લાહની હમ્દથી ન કરે તો એ કામ અધુરું રહે છે.''

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, સૌથી પહેલાં જન્નતમાં એ લોકોને બોલાવવામાં આવશે જેઓ સુખ કે દુ:ખમાં અલ્લાહની હમ્દ (અલ્લાહના વખાણ) કરે. માણસે જોઈએ કે જે હાલતમાં પણ હોય આરામમાં કે તકલીફમાં પણ પોતાના માલિકનો શુક્ર અદા કરતો રહે. શુક્ર ઘણી જ મોટી દૌલત છે. વળી આ મહામૂલી દોલત બધા જ લોકોને નથી મળતી ! જેમ કે ફર્માને બારી તઆલા છે :

وقليل من عبادى الشكور ''મારો શુક્ર માનવાવાળા બંદા બહું ઓછા છે.'' *(પા. ૨૨, આ. ૧૨, સૂ. ૭)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે શુક્ર ઈમાનનો અડધો ભાગ છે.

જ્યાં જ્યાં હમ્દ અને શુક્રના વિવિધ ફઝાઈલ છે ત્યાં નાશુકી પર ચેતવણીઓ પણ છે.

ફર્માને બારી તઆલા છે :–

لئن شکرتم لازید نکم ولئن کفرتم ان عذابی لشدید

"અને જો તમે એહસાન માનશો તો તમને વધારે આપીશ અને જો તમે નાશુકી કરશો તો મારો અઝાબ સખ્ત છે." *(પા. ૧૩, સૂ. ૧૩, આ. ૬)*

એના પરથી જાણવા મળ્યું કે બધી જ નેઅમતોનો શુક્ર માનવો જોઈએ અને નેઅમતો તો જુદી જુદી છે એના શુક્ર પણ જુદા જુદા હશે જેથી મો'મિન અલ્લાહની ઈબાદત કરીને એનો શુક્ર અદા કરે. અને આ આયતથી એ પણ જાણવા મળ્યું કે શુક્ર માનવાથી કે કરવાથી નેઅમતમાં વધારો થાય છે. રબ્બે કદીર ગમે તેવા હાલમાં સબ્ર અને શુક્રની તૌફીક આપે. (આમીન)

## ★ السائحون રોઝા રાખવાવાળા ★

الساحةનો અર્થ છે વિશાળ જગા 'સાહિતુદ્દાર' એટલે ઘરનો વરંડો. 'અસ્સાઈહ' સતત વહેનાર પાણીને કહે છે. અને 'સૈયાહ'નો અર્થ છે જમીનમાં સફર કરનાર. 'અસ્સાઈહૂન' જે આ આયતમાં વર્ણન થયેલ છે એનો અર્થ છે રોઝા રાખવાવાળો.

રોઝાના બે પ્રકારો છે : (૧) હકીકી રોઝો (૨) હુકમી રોઝો

'હકીકી રોઝો' એ છે કે તુલૂએ ફજરથી લઈને ગુરૂબે આફતાબ સુધી ખાવા, પીવાને અને સંભોગને છોડી દેવું અને 'હુકમી રોઝો' એ છે કે સર્વ અંગો અલ્લાહની નાફર્માનીને ત્યજી દે. અને આ આયતમાં 'સાઈહૂન'થી આ જ મુરાદ છે.

ઓબૈદ બિન ઓમેર કહે છે કે નબીએ કરીમ ﷺથી 'સાઈહૂન'ના બારામાં પૂછવામાં આવ્યું, તો આપે કહ્યું, એ રોઝાદારો છે. આ હદીષે કરીમામાં રોઝાની મહાન ફઝીલતો આવી છે, થોડી હદીષો તમે પણ જોઈ લો :–

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ રિવાયત કરી છે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, શરીઅતની સૂચવેલ મજબૂરી વગર જેણે જાણી જોઈને રમઝાનનો એક રોઝો છોડી દીધો તો તેની ફઝીલત પામવા માટે પૂરી જિંદગીના રોઝા રાખવા પણ પૂરતા નથી.

ઈબ્ને ખુઝૈમાએ હઝરત અબૂ મસ્ઊદ ગફ્ફારી رضی اللہ عنہથી રિવાયત કરી કે એની અંદર એ પણ છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ કહ્યું કે, "જો બંદાઓને માલૂમ હોત કે રમઝાન શું ચીજ છે, તો મારી ઉમ્મત તમન્ના કરત કે કેટલું સારું થાત કે આખુ વરસ રમઝાન જ હોત."

અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, وَصُوْا مُوْ تَصِحُّوْا "જેહાદ કરો માલે ગનીમત પામશો. અને રોઝા રાખો તંદુરસ્ત બની જશો." *(અત્તરગીબ વત્તરહીબ)*

હઝરત અબૂ અવફા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે ખુદા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે રોઝાદારનું સૂવું પણ ઈબાદત છે, અને ચૂપ (ખામોશ) રહેવું પણ તસ્બીહ છે, અને એનો અમલ પણ મકબૂલ છે.

આ હદીષોથી રોઝાનું શું મહત્વ છે તેનો અંદાજો લગાડી શકાય છે, અને એની સાથે સાથે રોઝાદારનું સ્થાન અને મર્તબો પણ સમજી શકાય છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે એમને પણ ખાસ મો'મિનમાં સામેલ કર્યા છે.

## الرکعون السجدون

## ★ રુકૂઅ કરવાવાળા તથા સિજદા કરવાવાળા ★

મુખ્લિસ ઈમાનવાળાની પાંચમી અને છઠ્ઠી ખૂબી રાકિઊન અને સાજિદૂન છે. તફસીરે નઈમીમાં છે કે એનાથી મુરાદ નમાઝી છે, જો કે નમાઝમાં કયામ અને બેસવાનું પણ હોય છે પરંતુ રુકૂઅ અને સજદા એના ખાસ અરકાનો છે, જેવી રીતે કે ઊભા થવું અને બેસવું બીજા કામોમાં પણ જોવા મળે છે, પણ રુકૂઅ અને સુજૂદ કેવળ નમાઝમાં જ છે, એટલા માટે મોટા ભાગે રુકૂઅ અને સજદાથી મુરાદ નમાઝ જ હોય છે. જો કે "આબિદ"માં નમાઝી પણ સામેલ હતા પણ કેમ કે નમાઝ મોટા દરજાની ઈબાદત છે કે બધી જ ઈબાદતો જમીન પર મોકલવામાં આવી હતી પણ નમાઝ મેઅરાજમાં અર્શ પર બોલાવીને આપવામાં આવી,

એટલા જ માટે એનું ખાસ રીતે બયાન કરવામાં આવ્યું.

## الامرون بالمعروف والناهون عن المنكر
## ★ સારી વાતનો હુકમ કરનાર બુરી વાતથી રોકનાર ★

આ અહલે ઈમાનની સાતમી અને આઠમી ખૂબી છે. રૂહુલ બયાનના કર્તા ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہના હવાલાથી લખે છે الامرون والناھونથી એ લોકો મુરાદ છે જેઓ દાઈએ ઈલલ્લાહ (અલ્લાહ તરફ બોલાવનારા) છે અને ગૈરુલ્લાહના સંબંધથી રોકે છે બલ્કે તેઓ એ કોશિશમાં રહે છે કે ખુદાના બંદાઓને ખુદાની નિકટતા નસીબ થાય અને ગૈરુલ્લાહના સંબંધથી તદ્દન વિમુખ થઈ જાય.

અતિ મશ્હૂર આલિમે દીન હઝરત અલ્લામા ગુલામ સાહબ સઈદી હિફઝુલ્લાહ ઈમામ ઈબ્ને જરીરના હવાલાથી લખે છે કે امر بالمعروفથી મુરાદ દરેક નેક કામનો હુકમ આપવું છે અને نہی عن المنکرથી મુરાદ દરેક તે બુરાઈથી રોકવું છે જેનાથી અલ્લાહ અને તેના રસૂલે મના ફર્માવ્યું છે.

ઈસ્લામની દા'વત અને તબ્લીગ કેવળ ઉલ્મા અને મુબલ્લિગીનની જિમ્મેદારી નથી બલ્કે કૌમે મુસ્લિમની દરેક વ્યક્તિ દાઈ તથા મુબલ્લિગ છે એ જુદી વાત છે કે દરેકે પોતાની હૈસિયત મુજબ કામ કરવું લાઝિમ છે. એટલા માટે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

**من رای منکم منکر افلیغیره بیده ان لم یستطع فبلسانه۔۔الخ**

તમારામાંથી જે કોઈ પણ માણસ કાંઈ પણ બુરાઈ જુએ તો એને હાથથી રોકવાની કોશિશ કરીને બદલી દે, જો એ પણ ન કરી શકે તો એને ઝબાનથી રોકે, ઝબાનથી પણ ન રોકી શકે તો એને દિલમાં બુરુ સમજે, અને આ ઈમાનનો સૌથી કમજોર દરજો છે. (મુસ્લિમ શરીફ) એક હદીષમાં છે કે, **بلغوا عنی ولو آیۃ** "કેવળ એક પણ વાત હોય, મારા તરફથી પહોંચાડી દો." હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ બયાન કરે છે કે અમે લોકોએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે નેકીનો હુકમ ત્યાં સુધી ન આપીએ જ્યાં સુધી અમે એના પર અમલ ન કરી લઈએ, અને કોઈને બુરાઈ કરવાથી ત્યાં સુધી ન રોકીએ જ્યાં સુધી કે અમે બધા જ બુરાં કામો કરવાથી પરહેઝ ન કરી લઈએ ? અલ્લાહના રસૂલ ﷺ એ "સારી વાતોનો હુકમ આપવો, બુરી વાતોથી રોકવું એ કાર્ય ન કરનારાઓ વિશે" ફર્માવ્યું, નેકીનો હુકમ આપતા રહો ભલે તમે તે નેકી પર અમલ ન કરો, અને બુરાઈથી રોકતા રહો, ભલે તમે સર્વ બુરાઈઓથી ન બચો." *(મજમઉઝ્ઝવાઈદ, ૨/૨૭૭)* "નેકીનો હુકમ આપવું અને બુરાઈથી રોકવું" એવું ન કરનારાઓના વિશે હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہ બયાન કરે છે કે અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું કે એ ઝાતની કસમ ! જેની કુદરતના કબજામાં મારી જાન છે ! તમે લોકો જરૂરથી નેકીનો હુકમ આપતા રહો અને બુરાઈથી રોકતા રહો, નહીં તો ઘણા જ નજીકમાં તમારા ઉપર અઝાબ મોકલવામાં આવશે. પછી તમે દુઆ કરશો પણ તમારી દુઆ કબૂલ નહીં થાય. *(શોઅબુલ ઈમાન બહવાલા તિબ્યાનુલ કુર્આન)*

## الحافظون لحدود الله
## ★ અલ્લાહની હદોના રક્ષક ★

મો'મિનનો નવમો ગુણ અને ખૂબી એ છે કે હુદૂદે ઈલાહી (રબની હદો શરીઅતના નિયમો)ની હિફાઝત કરે છે. અલ્લાહની હદોની હિફાઝતનો મતલબ એ છે કે આપણા સૌના ખાલિક તથા રાઝિક અલ્લાહ جل جلالہએ જે કામો કરવાનો હુકમ આપ્યો છે એને મુકમ્મલ તરીકાથી અદા કરે અને જે કામોથી મના કર્યું છે તેમાં પડવાથી બચે.

પ્રથમ અલ્લાહ તઆલાએ આઠ કામો વિગતવાર બયાન કર્યા અને નવમુ અને છેલ્લુ કામ (હુદૂદુલ્લાહ) અલ્લાહની હદોની હિફાઝત કરવી એ બધા જ કામોનો સમૂહ છે.

હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ કહ્યું કે હલાલ જાહેર છે અને હરામ પણ જાહેર છે અને એમનાં વચ્ચે અમુક

કામો શંકાસ્પદ છે, જેને કેટલાક લોકો નથી જાણતા. તો જે શખ્સ શંકાવાળી ચીજોથી બચ્યો તેણે પોતાના દીન અને પોતાની ઈજ્જતને બચાવી લીધી, અને જે શંકાસ્પદ ચીજોમાં સપડાય ગયો તેનું દૃષ્ટાંત એ ગોવાળિયા જેમ છે જે શાહી ચરાગાહની આજુબાજુ એના જાનવરો ચરાવે છે, સંભવ છે કે એ જાનવર એ ચરાગાહમાં પણ મોઢું મારે. સાંભળો ! બધા જ બાદશાહની એક ચરાગાહ હોય છે, અલ્લાહની ખાસ ચરાગાહ જમીન પર એની હરામ કરેલી વસ્તુઓ છે. સાંભળો ! શરીરમાં ગોશ્તનો એક ટુકડો છે જ્યારે એ બરાબર હોય તો આખુ શરીર બરાબર રહે છે અને જ્યારે એ ખરાબ થઈ જાય તો આખુ શરીર ખરાબ થઈ જાય છે. *(મુસ્લિમ, બુખારી)*

## ★ وبشر المومنين મો'મિનને ખુશખબરી ! ★

હે મહબૂબ ! તમે મો'મિનને ખુશ ખબરી સંભળાવી દો ! કઈ વસ્તુની ખુશ ખબરી ? સાહિબે જલાલૈન કહે છે, જન્નતની બશારત સંભળાવી દો ! જન્નત શું છે ? જન્નત એક આલીશાન (ખૂબસૂરત) જગા છે અને એના જેવી જગા કોઈ આંખે નથી જોઈ, નથી કોઈ કાને સાંભળી અને નથી કોઈને વહેમ અને ગુમાનમાં આવી. જન્નતી જન્નતમાં જે પણ વસ્તુનો ઈરાદો કરશે એને એ મળી જશે. અલ્લાહ તઆલા ફર્માવે છે, **ولكم فيها ماتشتهى انفسكم ولكم فيها ماتدعون** (અર્થ) : જન્નતની અંદર સુંદર (ખૂબસૂરત) નહેર છે જેનાથી જન્નતી કાયમી મજા માણતા રહેશે. એ નહેરોનો ઝિક્ર કુર્આનમાં ઘણી જ જગાએ કર્યો છે. **جنت تجرى من تحتها الانهار خالدين فيها** જન્નતની અંદર જન્નતીઓના માટે શારીરિક અને રૂહાની ગંદકીથી પાક પત્નીઓ હશે.

ઈર્શાદ છે કે :–

**ولهم فيها ازواج مطهرة وهم فيها خالدون** એ ને અમતોના સિવાય પણ ન જાણે કેટલી નેઅમતો જન્નતીઓના માટે હશે જેને લખવું શક્ય નથી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને પણ સાચા અહલે ઈમાનના નક્શે કદમ પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

પેજ નં. ૧૩ નું ચાલુ...

અલ્લાહ તઆલાના માટે કોઈ વસ્તુ હિજાબ બની શકતી નથી. આ જ અર્થમાં કઅબ અહબાર عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનું કથન પણ દલીલ કરે છે જે તેમણે સિદ્રતુલ્ મુન્તહાની તફસીરમાં રજૂ કર્યું, (અર્થ) : કે ફરિશ્તાઓના ઈલ્મની હદ ત્યાં સુધી છે અને તેમને અલ્લાહના હુકમો પણ મળે છે અને તેમનું ઈલ્મ એનાથી આગળ વધી શક્તું નથી. એનાથી આગળ તેમને કોઈ ઈલ્મ હોતું નથી.

રહ્યો રાવીનો આ કૌલ કે **اَلَّذِى يَلِى الرَّحۡمٰنُ** (તે જે રહમાનથી મળે છે) એનું ખરું ગુમાન એ છે કે અલગ કરેલ અને અર્શ સાથે મળેલ છે અથવા મોટી મોટી નિશાનીઓ અથવા વિશાળ સચ્ચાઈ અને જ્ઞાનીઓ અથવા કોઈ બીજી વસ્તુઓ જેનો હાલ અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે અને મળેલાને અલગ હોવા માટેનો કુર્આની દાખલો આ છે કે **وَسۡـَٔلِ الۡقَرۡيَةَ** (અર્થ) : "અને તે ગામને પૂછી જુઓ." *(સૂરએ યૂસુફ, આ. ૮૨)* અહીં મઝાફ અહલ એ છે જે મહઝૂફ છે, એટલે કે વાક્યને અહીં સમજવું જોઈએ કે **وَسۡـَٔلِ اَهۡلَ الۡقَرۡيَةَ** એટલે ગામવાળાથી પૂછો. રહી એ વાત કે પડદાની પાછળથી અવાજ આવ્યો કે, "મારા બંદાએ સાચું કહ્યું છે વાસ્તવમાં હું ખૂબ જ મહાન છું." જેથી આ કલામનું જાહેર થવું એ છે કે સમય પર રસૂલલ્લાહ ﷺએ અલ્લાહ તઆલાનું કલામ સાંભળ્યું છે પરંતુ પડદાના પાછળથી, જેવો કે બારી તઆલાનો ઈર્શાદ છે :–

**مَاكَانَ لِبَشَرٍ اَنۡ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحۡيًا اَوۡ مِنۡ وَّرَآءِ حِجَابٍ**

"અને કોઈ માનવીને એ (હક્ક) પહોંચતો નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે પણ વહી મારફત અથવા એ રીતે કે તે માનવી મહાનતાના પડદાની પાછળ હોય."

જાણવા મળ્યું કે માનવી અલ્લાહ તઆલાને જોઈ શકતો નથી, તેની આંખને તેનાથી રોકી દેવામાં આવી છે. પરંતુ આ વાત જો સહીહ થઈ જાય કે રસૂલ ﷺએ પોતાના રબને જોયા છે, ત્યારે શક્ય છે કે આપે તેના પછી અથવા તેના પહેલાં જોયા હોય અથવા આપની આંખોના આગળથી પડદો ઉઠાવી લેવામાં આવ્યો હોય. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**હરામ કમાઈનાં ભયાનક નુકસાનો !**

# ઈસ્લામમાં હલાલ કમાણીનું મહત્વ

:::: રજૂકર્તા ::::

**મોહસિન ઈબ્રાહીમ પટેલ થામવાળા**

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે **એક વખત એવો પણ આવશે જ્યારે લોકોને એ વાતની કાળજી નહીં હોય કે ધન હલાલ તરીકાથી કમાઈ રહ્યા છે કે હરામ તરીકાથી.** આપની આ ભવિષ્યવાણી અક્ષરે અક્ષર સાબિત થઈ રહી છે કે વર્તમાનકાળમાં હરામ અને હલાલની કમાઈમાં તફાવત લોકોના દિલોથી નાબૂદ થઈ રહ્યો છે. અલ્લાહથી અભયતા અને ઈમાની કમજોરીના કારણે લોકો દુનિયાના ઉદ્યોગોમાંથી પુષ્કળ નાજાઈઝ ફાયદો ઉઠાવી ધન એકત્રિત કરવા માટે હરામની રોજીમાં કાંઈ મોટુ નુકસાન નથી સમજતા ! બલ્કે લોકો એવું વિચારે છે કે વિશ્વમાં તે માણસ મહાન મૂર્ખ છે જે પોતાની કમાઈમાંથી ધન એકત્રિત કરવાનો પ્રયત્ન નથી કરતો ! આમ વિચારનાર વ્યક્તિ દુનિયવી જિંદગીની બાહય ચમક દમકને બધુ જ સમજી રહ્યો છે અને તેને આખેરતના હિસાબ અને અઝાબનો બિલકુલ ભય નથી રહ્યો. મનુષ્યનું દૃષ્ટાંત હાલમાં એ જાનવરો સમાન છે જે પોતાનું પેટ ભરવા માટે હરિયાળા ખેતરોમાં ચરે છે અને તેને એ એહસાસ નથી થતો કે આ ખિલેલી ઘાસ જે જાહેરમાં ઘણી સુંદર છે, જેમાં એવી ઝેરી ઘાસ પણ હોય શકે છે જે તેના મૃત્યુનું કારણ બની શકે છે. એવી જ રીતે હાલમાં લોકો બુદ્ધિને સાયલંટ મોડ પર કરી ધનને એકત્રિત કરવામાં હલાલ અને હરામમાં કોઈ તફાવત નથી સમજતા અને તેમને ધનિક બનવાના શોખમાં હલાલ હરામની કમાઈમાં કોઈ ફરક નજર નથી આવતો.

**❋ હલાલ (પાક) ખાવ અને નેક અમલ કરો ! ❋**

વહાલા વાંચકો ! આ દુનિયામાં ખુદાના નેક બંદાઓ જે મનુષ્યના માર્ગદર્શન માટે મોકલવામાં આવ્યા તેમની તા'લીમનો ખુલાસો માત્ર બે શબ્દોમાં આ છે કે, "પાક અને સાફ વસ્તુઓ ખાઓ અને સારાં કામો કરો." મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી નબીએ કરીમ ﷺનું આ ફર્માન છે કે, "અલ્લાહ પાક છે અને પાક વસ્તુઓને પસંદ ફર્માવે છે." અને મુસલમાનોને પણ એ જ વસ્તુઓ કમાવાનો હુકમ આપ્યો જે હુકમ પૈગંબરોને આપ્યો હતો. અલ્લાહ તઆલા કુર્આન પાકમાં ફર્માવે છે : "હે પૈગંબરો ! પાક વસ્તુઓ ખાઓ અને નેક અમલ કરો." *(સૂરએ મુ'મિનૂન, આયત–૫૧, પારા–૧૮)* અને આ પણ ફર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! એ પાક વસ્તુઓ ખાવ જે તમોને આપવામાં આવી." *(બક઼રહ્, આ. ૧૮૨, પા. ૨)* ત્યાર પછી નબીએ કરીમ ﷺએ તે આદમીના સંબંધે ફર્માવ્યું, "જે ઈબાદતમાં મેલા ઘેલા વાળવાળો લાંબો સફર કરે અને પોતાના બંનેવ હાથ દુઆ માટે ઉપર ઉઠાવે અને કહે, હે રબ ! હે રબ ! જ્યારે કે તેનું ખાવા પીવાનું અને કપડાં બધુ જ હરામનું છે, અને હરામ કમાઈથી એનું પાલન પોષણ થયું છે, તો કેવી રીતે તેની દુઆ અલ્લાહની બારગાહમાં ક઼બૂલ થઈ શકે ?" *(મિશ્કાત શરીફ, પેજ–૨૪૧)*

પહેલી આયતે કરીમામાં અંબિયાએ કિરામને હુકમ આપવામાં આવ્યો કે "પાક વસ્તુઓ ખાવ અને નેક કામ કરો." પરંતુ આયતના તર્જુમાથી એક સવાલ ઉદ્ભવે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ બધા અંબિયાએ કિરામને નેક કામ અને પાક વસ્તુઓ ખાવાનો હુકમ આપ્યો તો શું હુકમ આપતી વખતે બધા અંબિયાએ કિરામ એક સ્થળે હાજર હતા ? કદાપી નહીં, પરંતુ આ બધા ખુદાના ચહીતા બંદાઓ મનુષ્યોના માર્ગદર્શન માટે અલગ અલગ જમાનામાં અને ભિન્ન ભિન્ન ક઼ૌમોમાં મોકલવામાં આવ્યા હતા, અને આ હુકમ આપવામાં આવ્યો હતો કે પોતાના જમાનામાં પોતાના માનવાવાળાઓને ખબરદાર કરી દો, અને હરામ ખાવાથી બચાવો.

## ✲ દુઆઓ કેમ ક઼બૂલ નથી થતી ?! ✲

સારાંશ કે બધા નબીઓની ઉમ્મતને આ હુકમથી છૂટકારો ન હતો. અને બીજી આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો કે, "જે કાંઈ મેં તમોને આપ્યું એમાંથી ફક્ત હલાલ વસ્તુઓ ખાવ !" આ બે આયતોના વર્ણન પછી એક માણસની હાલત બયાન કરવામાં આવી જે પોતાની દુઆ ક઼બૂલ થવા માટે ઘણો બેચૈન છે અને પોતાનાં નેક કામનો બદલો શોધે છે, હજ્જ અને જિહાદ માટે લાંબો સફર કરે છે, પણ તેની બુરી ક઼િસ્મતનો એ આલમ છે કે ખુદા તઆલાની બારગાહમાં તેની દુઆ ક઼બૂલ નથી થતી, તે વારંવાર "હે રબ ! હે રબ !" કહે છે, અને પોતાના રબને પુકારે છે પણ અલ્લાહની રહમતની વર્ષા તે વ્યક્તિ ઉપર નથી થતી. ત્યાં સુધી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે જેનું બધું જ હરામનું હોય તો તે આદમીની દુઆ કેવી રીતે ક઼બૂલ થાય ?!

## ✲ ઈબાદત ક઼બૂલ ન થશે ! ✲

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે **કોઈ કાપડને દસ દિરહમમાં ખરીદે અને એક દિરહમ હરામનો હોય તો જ્યાં સુધી એ કાપડ એના શરીર પર રહેશે, અલ્લાહ તઆલા એની કોઈ પણ નમાઝ ક઼બૂલ નહીં કરે.** આ ફર્માવીને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરે પોતાની બે આંગળીઓને બે કાનોમાં નાખીને ફર્માવ્યું કે જો આ હદીષ મેં હુઝૂરે અકરમ ﷺથી ન સાંભળેલી હોય તો મારા આ બે કાન બહેરા થઈ જાય ! *(મિશ્કાત શરીફ, પેજ–૨૪૩)*

પ્યારા વાંચકો ! કુર્આન શરીફની ઘણી આયતો અને હદીષોથી સાબિત છે કે ઈસ્લામ ધર્મના લોકોને હલાલ વસ્તુઓ ખાવી જોઈએ અને હરામ વસ્તુઓથી બચવું જોઈએ, પરંતુ તેમ છતાંય આપણે પોતાના નફ્સને રાજી કરવા માટે હરામ વસ્તુઓ ખાઈએ છીએ ? તો આપણે એક અલ્લાહ અને તેના રસૂલ ﷺના ફર્માન વિરુદ્ધ કામ કરીએ છીએ અને હરામ ખાવામાં સહેજ પણ શરમ નથી કરતા. આ આપણા ઈમાનના કમજોર હોવાની નિશાની અને દલીલ છે.

પ્યારા વાંચકો ! વર્તમાન યુગમાં ઘણા લોકો ગરીબો, વિધવાઓનો હક્ક઼ હડપ કરી જાય છે, જેવી રીતે કે બહાર દેશોથી આવતા રૂપિયા તેના હક્ક઼દાર સુધી પહોંચતા નથી પરંતુ દલાલ વ્યક્તિ તેને હડપ કરી જાય છે ! તેઓને **હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની** رحمۃ اللہ علیہ**નો સંદેશ** છે કે હલાલ રિઝ઼્ક ખાવ, હલાલ કમાઈનું કાપડ પહેરો, તૌબા કરો અને હરામ કમાઈનું કાપડ ન પહેરો. જ્યારે તમે આ પ્રમાણે કરશો તો **જન્નતમાં સાત દરવાજાઓમાંથી એક દરવાજો તમારા માટે ખોલી દેવામાં આવશે.** *(અનીસુલ અરવાહ)*

પ્યારા વાંચકો ! આ ઝકાતના રૂપિયા તમારી પાસે અમાનત છે, તમારી ઉપર એના મુસ્તહિક઼ સુધી પહોંચાડવું ફરજ છે. જુઓ ઝકાતનો માલ ગુનાહોને ખતમ કરવાના કારણે મેલ કુચેલ છે, આ જ કારણે ઝકાતનો માલ નબી ﷺ અને એમના ખાનદાન અને સૈયદ પર એમની કરામતના લીધે હરામ છે. અને માલદારો પર મોહતાજ ન હોવાથી હરામ છે તો તમે તે માલને પૂરેપૂરો તેના હક્ક઼દાર સુધી પહોંચાડો, એટલા માટે કે એના એક એક રૂપિયા પર ફક઼ીરનો (ગરીબનો) હક્ક઼ છે, અને માલદારો પર એ હરામ છે. તો ક્યાંક એવું ન થાય કે એ ઝકાતનો રૂપિયો માલદાર ઉપયોગમાં લાવે અને એ જ રૂપિયો ક઼બ્રમાં અઝાબનું કારણ બની જાય ! જેમ કે હદીષે પાકમાં છે, અબૂ રાફેઅ ફર્માવે છે કે, હું નબી કરીમ ﷺના સાથે જન્નતુલ બક઼ીઅમાં ગયો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "ઉફ ! ઉફ !" તો મેં વિચાર્યું કે કદાચ હુઝૂર મને કાંઈક કહેવા માંગે છે. તો મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! શું મારાથી કાંઈ ભૂલ થઈ ગઈ છે ?! તો આપે ફર્માવ્યું કે, ના ! બલ્કે આ ક઼બ્રવાળા આદમીને મેં ફલાણા વ્યક્તિ પાસે ઝકાત લેવા માટે મોકલ્યો હતો, તો તેણે એક બખ્તર ખયાનત કરીને લઈ લીધું હતું, અને હવે એ બખ્તર આગનું થઈ ગયું છે ! અને આ ક઼બ્રવાળા માણસને પહેરાવી દેવામાં આવ્યું છે. *(ક઼બ્ર કે હાલાત, પેજ–૧૪૮)*

અલ્લાહથી દુઆ છે કે એ આપણને હલાલ રોજી હાંસલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે અને હરામ લેવાથી બચાવે. (આમીન)

# ઈસ્લામમાં સ્ત્રીનો મર્તબો અને પશ્ચિમી જગત !

:: અઝ ::
હઝરત અલ્લામા ઈફ્તેખાર અહમદ ક઼ાદરી મિસ્બાહી મદની *(શૈખુલ હદીષ : દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝ–લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
:: અનુવાદક તથા સંપાદક ::
મૌલાના મુહમ્મદ તૌસીફ હલદરવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝ–લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

મોહસિને ઈન્સાનિયત સૈયેદોના મુહમ્મદ ﷺએ જ્યારે ઈસ્લામી શહેર મક્કા મુકર્રમાથી દા'વતે હક્કનું એલાન ફર્માવ્યું તે સમયે ન ફક્ત મક્કા શરીફ બલ્કે તમામ અરબસ્તાનમાં જહાલત અને અંધકારના વાદળો છવાયેલાં હતાં. શક્તિવાનો અને હોદ્દેદાર ગરીબ કમજોર પર જુલ્મો સિતમના પહાડ તોડતા. જુલ્મો સિતમની તમામ રીતો અને ચાલો કામમાં લાવવામાં આવતી. આ સબબો અને કારણોને લઈને તે દૌરને "દૌરે જાહિલિયત" કહેવામાં આવે છે.

ઔરત તો નાઝુક બનાવટ હતી જ, તો કેમ કરીને તેના પર જુલ્મો સિતમના પહાડ ન તોડવામાં આવતા. તે જાહિલિયતના જમાનામાં એક પુરૂષ બેશુમાર અને ઘણી જ શાદીઓ કરતો, જેને અને જ્યારે ચાહતો તલાક઼ આપતો, વારાસામાં ઔરતનો કોઈ હિસ્સો ન રહેતો, બેટો બાપની પત્નીઓને વારસામાં પામતો, બાળકીઓને જીવતી દફન કરી આપવી તે દૌરે જાહિલિયતની ખાસિયતવાળી પ્રકૃતિ હતી. *(દાએરતુલ મઆરિફ, પેજ–૨૫૨, ભાગ–૬)*

અરબોની એક આદત એ હતી કે એક મર્દ જીવનનિર્વાહની ગુંજાઈશ સાથે જેટલી ઔરતો સાથે ચાહતો શાદી કરતો અને પોતાની નફસાની ખ્વાહિશથી જ્યારે અને જેને ચાહતો તલાક઼ (Divorce) આપ દેતો. વિધવા સ્ત્રી પતિના વારસાનો હિસ્સો ગણવામાં આવતી જેના કારણે પતિની ઔલાદ અને તેની પત્નીઓ વચ્ચે પતિ પત્નીનો સંબંધ અને રિશ્તો ક઼ાયમ થતો. ઈસ્લામે આ બધાને ફક્ત હરામ જ ન કર્યું બલ્કે દુનિયાથી તેનું નામોનિશાન મિટાવી દીધું. *(દાએરતુલ મઆરિફ, પેજ–૨૫૬, ભાગ–૬)*

ઉપરના લખાણથી નીચે જણાવેલ મુદ્દાઓ (Points) બહાર આવે છે :–

(૧) અગણિત શાદીઓ કરવી (૨) નફ્સની ઈચ્છાઓને અનુસરીને (મનેચ્છા મુજબ) સ્ત્રીઓને તલાક઼ આપવી (૩) સ્ત્રીઓને વારસાથી વંચિત રાખવી (૪) પુત્રનું પોતાની માંને વારસામાં પામવું (૫) બાળકીઓને જીવતી દાટી દેવી.

આવો ! હવે આપણે આ બધા મુદ્દાઓ પર ઈસ્લામી મુબારક તા'લીમાત, રહમત અને નૂર ભરી હિદાયતની ટૂંકમાં ચકાસણી (Survey) કરીએ :–

**(૧)** ઈસ્લામ આવ્યો અને તેણે એકી સાથે ચારથી વધુ પત્નીઓ રાખવા પર પાબંદી લગાડી દીધી. ઈર્શાદે બારી તઆલા છે : **(અર્થ)** : "તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર." *(સૂરએ નિસાઅ, આ. ૩)*

ઉપરોક્ત આયતે સ્પષ્ટ કરી દીધું કે એકી સાથે ચારથી વધુ પત્નીઓ રાખવાની કોઈ ગુંજાઈશ નથી.

તિર્મિઝીની હદીષ છે : ગયલાન બિન સલ્મા સકફીએ ઈસ્લામ ક઼બૂલ કર્યો. તેમની પત્ની બીવીઓ હતી તેમણે પણ ઈસ્લામ ક઼બૂલ કર્યો તો નબીએ કરીમ ﷺએ તેમનાથી ચાર જ પત્નીઓ રાખવાનો હુકમ આપ્યો. *(કન્ઝુલ ઈમાન, પેજ–૧૧૪)*

એવી જ એક રિવાયત છે કે એક સાહબ ઈસ્લામ લાવ્યા, તેમની આઠ પત્નીઓ હતી. સરકાર ﷺએ હુકમ આપ્યો કે તેમાંથી ચાર રાખો. *(અબૂ દાઊદ)*

પરંતુ જો કોઈને ખૌફ હોય કે એકથી વધુ પત્નીઓ રાખવામાં તેમની દરમ્યાન અદલો ઈન્સાફ નહીં કરી શકે તો એકથી વધુ પત્નીઓ રાખવાની પણ ઈજાઝત નથી. કુર્આનમાં છે : **(અર્થ)** : "પછી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શકશો નહીં તો એક જ કરો." *(સૂરએ નિસાઅ, આ. ૩)*

પત્નીઓ વચ્ચે લિબાસ, ખાવા પીવા, રહેઠાણ અને રાત ગુજારવામાં ઈન્સાફ કરવો ફર્ઝ છે. જો કોઈ આ બધામાં ઈન્સાફ ન કરી શકે તો એકથી વધારે પત્નીઓ રાખવાની ઈજાઝત નથી.

**(૨)** જાહિલિયતની બુરી રસ્મોમાંથી એક એ પણ હતી કે પુરૂષ જેને જ્યારે ચાહતો તલાક઼ આપતો અને તેનાથી વધીને જુલ્મ એ કે તે અસંખ્ય તલાક઼ આપી શક્તો હતો.

ઈમામ ઈબ્ને જરીર તિબરી લખે છે : (દૌરે જાહિલિયતમાં) પુરૂષ જેટલી ચાહતો તેટલી તલાક઼ો આપી શકતો, કોઈ પાબંદી ન હતી. દરેક વાર ઈદ્દત ગુજરતા પહેલાં રૂજૂઅ (Remarrige with own conditionally divoreced wife) કરી શકતો હતો. એકવાર એક અન્સારીએ પોતાની પત્નીને ધમકી આપી કે ન તો હું તારી નજીક આવીશ, ન તો તું મારાથી આઝાદ થઈ શકીશ ! પત્નીએને પૂછયું, આવું શી રીતે ? અન્સારીએ જવાબ આપ્યો, હું તને તલાક઼ આપ્યા કરીશ અને ઈદ્દત ગુજરતા પહેલાં રૂજૂઅ કર્યા કરીશ. સ્ત્રી પોતાના અંધકારમય ભવિષ્યની કલ્પના કરી ધ્રુજી ઉઠી અને હુઝૂર ﷺની બારગાહમાં આવી પોતાની મઝલૂમિયતની દાસ્તાન અને શિકાયત સંભળાવી. તો અલ્લાહ તઆલાએ તેના હબીબ ﷺ પર આ આયત નાઝિલ ફર્માવી : **(અર્થ)** : "આ તલાક઼ બે વાર સુધી છે, પછી રોકી લેવું ભલાઈની સાથે છે અથવા છોડી દેવું ભલમનસાઈથી." *(અલ્ બક઼રહ્, આ. ૨૨૯)*

આમ અસંખ્ય તલાક઼ રજઈનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. અને અલ્લાહ તઆલાના આ ફર્માને ઔરતો પર થતા જુલ્મનો હમેશાંના માટે ખાત્મો ફર્માવી દીધો.

**(૩) ઔરતોનો વારસામાં કોઈ હિસ્સો ન રહેતો**

અરબમાં વારસાની વહેંચણીનો એ ક઼ાનૂન હતો કે ઔરતો અને નાનાં બાળકો પોતાના મરણ પામેલ બાપ અથવા પતિના વારસાથી મોટા ભાગે વંચિત રહેતાં. અને તેનું કારણ એ બતાવતા કે જે કોઈ મેદાને જંગમાં બહાદુરીનું પ્રદર્શન કરવાને લાયક નથી તે વારસાનો હક્ક઼દાર નથી. હિંદુસ્તાનમાં પણ ઔરતને વારસદાર ગણવામાં આવતી નથી. જ્યારે યૂરોપની હાલત તો એનાથી પણ બદ્તર છે. યૂરોપમાં ફક્ત મોટો પુત્ર વારસ બનતો, અન્ય પુત્રોને વારસાથી વંચિત રાખતા ! એવા અંધકારમય દૌરમાં આપણા નબી પર હયાતબખ્શ સંદેશ બનીને નીચેની આયત નાઝિલ થઈ : "અને સ્ત્રીઓ માટે (પણ) હિસ્સો છે તેમાંથી જે માં બાપ અને સગાંઓ મૂકી ગયાં, વારસો થોડો હોય કે વધુ, હિસ્સો છે અંદાજ કાઢેલો." *(સૂ. નિસાઅ્, આ.૭)*

ઉપરોક્ત આયતે સ્ત્રીઓને પુરૂષોની જેમ વારસ ઠરાવી દીધી. મોટા પુત્રની ખાસિયતને (Specialization) ખતમ કરીને પોતાના બાપની બરાબરની વારસદાર અને ભાગીદાર બનાવી કુર્આનના શબ્દો, نَصِيبًا مَّفْرُوضًا એ સ્પષ્ટ કરી દીધું કે વારસાના તમામ હિસ્સા ખાલિક઼ે કાએનાતના મુક઼ર્રર કરેલ છે તેમાં ફેરબદલ (Modification)નો કોઈને હક્ક઼ હાંસલ નથી.

## પુત્રનું પોતાની માંને વારસામાં પામવું !

આ કેટલી ખરાબ, વિકૃત અને જાલિમાના આદત હતી કે ફક્ત તેની કલ્પનાથી જ એક શરીફ ઈન્સાનની રૂવાંટી ઊભી થઈ જાય છે કે દીકરો પોતાની માં પર એવો અધિકાર ધરાવે અને વ્યવહાર કરે જે એક લોંડી અને પત્ની સાથે કરે ! અલ્લાહે માંને કેટલો અઝીમ મર્તબો આપી તેને જુલ્મની ચક્કીમાંથી કાઢી સુરૈયાની બુલંદી અતા ફર્માવી. સૌથી પહેલાં એક ઈર્શાદે રબ્બાની જોઈ લો જેમાં વાલિદૈનને મોહતરમ ઠરાવવામાં આવ્યાં અને બંનેવ સાથે સદ્વર્તાવનું શિક્ષણ આપવામાં આવ્યું.

કુર્આનમાં છે : **(અર્થ)** : "અને માં બાપ સાથે સદ્વર્તન કરો, જો તારી હાજરીમાં તેમનામાંનું એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને "ઉંહ" (પણ) કહીશ નહીં. અને તેમને ઘુરકિશ નહીં અને તેમની સાથે સન્માનથી વાત કરીશ. *(સૂ બની ઈસ્રાઈલ, આ. ૨૩, ૨૪)*

ઉપરોક્ત આયતોમાં કેટલા બેહતરીન અંદાઝથી વાલિદૈન (માં બાપ) સાથે સદ્વર્તન અને તેમના હક્ક઼ોની મહત્વતા બયાન કરવામાં આવી. હવે પછી કોણ એવો મુસલમાન હશે જે પોતાની અમલી જિંદગીમાં તેમનાથી વિરુદ્ધ વર્તન (Disobey) કરે. જે વાલિદૈન સાથે ખરાબ વર્તાવ અને નાફર્માની કરે તેમના માટે કેટલા જલાલમાં ઝબાને નબુવ્વતથી આ શબ્દો નીકળે છે, **"હે લોકો ! શું તમને સૌથી મોટો ગુનોહ ન બતાવું ?! તો લોકોએ અર્ઝ કરી, જરૂર યા રસૂલલ્લાહ ! ﷺ ઈર્શાદ ફર્માવો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ**

**સાથે શિર્ક કરવું અને વાલિદૈનની નાફર્માની કરવી."** *(બુખારી શરીફ)*

ઈમામ બયહકી રિવાયત બયાન કરે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું જન્નતમાં દાખલ થયો તો મેં કિરાઅત સાંભળી. મેં કહ્યું, આ કોણ છે ? જન્નતવાળાઓએ જવાબ આપ્યો, હારિષા બિન નોઅમાન. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે મારા સહાબીઓ ! માંની સાથે સદ્‌વર્તાવનો આ બદલો છે. હારિષા માંની તેમજ લોકો સાથે સદ્‌વર્તન કરતા હતા. *(મિશ્કાત, પેજ–૪૧૯)*

અબૂ દાઊદની એક હદીષમાં છે, નબી ﷺ મકામે જાએરાનામાં લોકોમાં ગોશતની વહેંચણી ફર્માવી રહ્યા હતા. એવામાં એક સ્ત્રી હુઝૂર ﷺની નજીક આવ્યાં. સરકાર ﷺએ તેમના માટે પોતાની ચાદર મુબારક બિછાવી. તો તેણી તેના ઉપર બેસી ગયાં. રિવાયત કરનાર સહાબી અબૂ તુફૈલ ફર્માવે છે, મેં પૂછયું કે આ કોણ છે જેને સરકાર ﷺએ સન્માન અતા ફર્માવ્યું ? તો સહાબાએ જવાબ આપ્યો, આ હુઝૂર ﷺનાં તે માં છે જેમણે હુઝૂરને બચપણમાં દૂધ પીવડાવ્યું હતું. *(મિશ્કાત, પેજ–૪૨૦)*

સરવરે કાએનાત ﷺએ પોતાની દૂધ પીવડાવનારી માં હઝરત હલીમા સાથે આ પ્રમાણે વર્તાવ કરી તા'લીમ આપી કે આ પ્રમાણે માંને ઈજ્જત આપવામાં આવે. બલ્કે બુખારી મુસ્લિમની એક રિવાયતમાં છે, માં જો કાફિર અથવા મુશ્રિકા હોય તો પણ તેણી સાથે હુસ્ને સુલૂક કરવામાં આવે.

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર બયાન કરે છે, મારી મુશ્રિકા માં મારી પાસે આવ્યાં તો મેં હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી મુશ્રિકા માં મારી પાસે આવે છે, પરંતુ તેણીને ઈસ્લામમાં કોઈ લગાવ નથી, તો શું હું તેણી સાથે સદ્‌વર્તાવ કરું ? તો હુઝૂર ﷺએ જવાબ આપ્યો, હા ! તેની સાથે પણ સદ્‌વર્તાવ કરો. *(મિશ્કાત, પેજ–૪૧૯)*

આ છે હુઝૂર ﷺના આદેશો જેણે જાહિલિયતની મઝલૂમ (જુલ્મમાં સપડાયેલી) માંને તહતુષ્ષરાથી કાઢીને સૂરૈયાની બુલંદી અતા ફર્માવી.

## બાળકીઓને જીવતી દફનાવી દેવી

સૌથી વધારે ઈન્સાનિયતને હચમચાવી નાખનાર બુરી આદત જે દૌરે જાહિલિયતમાં હતી તે પુત્રીઓને જીવતી દાટી દેવાની હતી. કુર્આન નાઝિલ થયું તો તેણે એલાન કર્યું : **(અર્થ)** : "અને જ્યારે જીવતે જીવ દાટી દેવાએલીને પૂછવામાં આવે કયા ગુનાહસર મારી નાંખવામાં આવી ?" *(સૂ. તકવીર, આ. ૭, ૮)* કયામતના દિવસે પોતાની બાળકીઓને જીવતી દાટી દેવાવાળા બાપ પાસે આનો શું જવાબ હશે ?!

હુઝૂર ﷺ ફર્માવે છે, બેશક ! અલ્લાહ તઆલાએ માંઓની નાફર્માની તથા બાળકીઓને જીવતી દાટી દેવાને હરામ ફર્માવ્યું. *(બુખારી, મિશ્કાત, પેજ–૪૧૯)*

બુખારી, મુસ્લિમની વધુ એક હદીષ વાંચો અને ઈમાનને તાજગી બખ્શો. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, એક સ્ત્રી મારી પાસે કાંઈક માંગવા આવી. તેની સાથે તેની બે છોકરીઓ હતી. મારી પાસે એક ખજૂર સિવાય એને આપવા માટે કશું ન મળ્યું તો મેં તે ખજૂર તેણીને આપી દીધું. તેણીએ ખજૂરના બે ભાગ કરી પોતાની બાળકીઓને ખવડાવ્યું, પોતે કશું પણ ન ખાધું. પછી તેણી ઉઠીને ચાલી નીકળી. એવામાં હુઝૂર ﷺ તશરીફ લાવ્યા. તો મેં આ પ્રસંગ બયાન કર્યો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે પુત્રીઓની આ પ્રકારની આજમાઈશમાં સપડાયેલ હોય, અને પુત્રીઓ સાથે નેક વર્તાવ કરે, તો આ પુત્રીઓ તેના માટે જહન્નમની આગથી આડ અને પર્દો બની જશે. *(મિશ્કાત, પેજ–૪૨૧)*

મુસ્લિમ શરીફની વધુ એક હદીષ સાંભળો ! હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જેણે બે પુત્રીઓની પરવરિશ કરી ત્યાં સુધી કે તેઓ પોતાના પતિઓ સુધી પહોંચી ગઈ, તો એવો માણસ અને હું કયામતના દિવસે આ પ્રમાણે હશે, અને હુઝૂરે પોતાની આંગળીઓ મિલાવી દીધી."

સુબ્હાનલ્લાહ ! કયામતના દિવસે આ ખુશનસીબ ઈન્સાન પોતાના નબી ﷺથી તદ્દન નજીક હશે.

તે સ્ત્રી જેના પર ઈન્સાન કેટલા જુલ્મો કરતો હતો, જેની એક ઝલક આપણે ઉપર જોઈ, તે ઔરતને ઈસ્લામે વકાર અને ઈજ્જત અર્પણ કરી. જેનું દષ્ટાંત દુનિયાના બીજા ધર્મોમાં જોવા મળતુ નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે : **(અર્થ)** : "અને તેણીઓ સાથે સારો વર્તાવ રાખો." *(સૂરએ નિસાઅ્, આ. ૧૯)*

ખાલિકે કાએનાતે કેટલો સાફ હુકમ આપ્યો કે મારા

બંદાઓ ઔરતો સાથે નેક વર્તાવ અને હુસ્ને સુલૂકના સાથે જિંદગી ગુજારો. જો ઔરત અશક્ત અને કમજોર છે તો મારી તાકતથી ડરો ! ઔરતોને જુલ્મો સિતમનું નિશાન ન બનાવો.

હુઝૂર ﷺ ફર્માવે છે : "તમારામાં સૌથી બેહતર એ છે જે પોતાની પત્નીના માટે બેહતર હોય, અને હું મારાં ઘરવાળાંઓ સાથે તમારામાં સૌથી બેહતર છું." *(મિશ્કાત, પેજ–૨૮૧)*

ઉપરોક્ત બંનેવ ઈર્શાદોથી એક વાત સ્પષ્ટપણે જાહેર થઈ કે જે માણસ પોતાની પત્ની સાથે સદ્વર્તન ન કરે તે બેહતર ઈન્સાન નથી.

અલ્લાહ તઆલાએ સ્ત્રીઓને વધારે મહત્વ અને ઈજ્જત આપતાં ઈર્શાદ ફર્માવ્યો : **(અર્થ)** : "અને સ્ત્રીઓનો પણ હક્ક એવો જ છે જેવો એમના પર છે શરીઅત મુજબ." *(બક્રહ–૨૨૮)*

અલ્લામા આલૂસીએ આ આયતની તશરીહમાં નીચે પ્રમાણે હદીષ નકલ ફર્માવી, હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે લોકો ! તમારી પત્નીઓના ઉપર તમારા કેટલાક હક્કો છે, અને તમારી પત્નીઓ માટે તમારા કેટલાક હક્કો છે, તમારા હક્કો તમારી પત્નીઓ પર એ છે કે તેણીઓ તમારા બિસ્તર પર કોઈ એવા શખ્સને ન આવવા દે જેને તમે નાપસંદ કરો છો ! અને તેમને ઘરોમાં આવવાની પણ ઈજાઝત ન આપે. સાંભળો ! પત્નીઓના તમારી ઉપર હક્કો એ છે કે તમે તેણીઓ માટે લિબાસ અને ખાવા પીવાનો સારો ઈંતેજામ કરો. *(રૂહુલ મઆની, પેજ–૫૨૯, જિલ્દ–૧, બહવાલા : તિર્મિઝી, નિસાઈ)*

અલ્લાહ તબારક વ તઆલાએ ઔરતોને વધુ વકાર અર્પણ કરતાં ફર્માવ્યું : **(અર્થ)** : "તેણીઓ તમારો પોશાક છે અને તમે તેણીઓનો પોશાક." (બકરહ્–૧૮૭) કુર્આનની આ તાબીર કેટલી ખૂબસૂરત છે ! કેટલા ઉમદા અને બેહતરીન શબ્દોની સાથે પતિ પત્નીના સંબંધોને વર્ણન કર્યા. જેવી રીતે પત્નીઓ તમારા માટે લિબાસ છે તેવી જ રીતે તમે પણ તેમના માટે લિબાસ છો. આ લેહાઝથી બંનેના હક્કો બરાબર છે. લિબાસની તફસીર કેટલી અર્થપૂર્ણ છે. તેની ટૂંકમાં તફસીર એ છે કે લિબાસ પર્દો છે જે દરેક ઐબને છુપાવે છે. ઝીનત અને શણગાર છે જે ખૂબસૂરતીને નિખારે છે, રાહત છે જે ઠંડી અને ગરમીથી બચાવે છે. અલ્લાહ અને તેના રસૂલ ચાહે છે કે એક સારી પત્ની તેના પતિ માટે અને સારો પતિ તેની પત્ની માટે પર્દો, શણગાર તેમજ રાહત બને. આ બુલંદ ફર્માનમાં એક ઈશારો એ પણ છે કે ઈન્સાન વગર લિબાસે નામુકમ્મલ અને અધૂરો છે. આ લિબાસ ઈન્સાનિયતને પૂર્ણ કરવાવાળો છે. બલ્કે એક હદીષથી એ વાત પણ સાબિત થાય છે કે સ્ત્રી જે ઈન્સાનિયતનો લિબાસ છે તેના વગર દીન પણ અધૂરો છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે શાદી કરી લીધી તેણે પોતાના દીનનો ૨/૩ હિસ્સો પોતાના દામનમાં સમેટી લીધો. *(રૂહુલ મઆની, ૪૬, ૨–૧)*

આ ઔરત ન ફક્ત ઘરની શોભા અને ખૂબસૂરતી છે બલ્કે દીનનો પણ હુસ્ન અને કમાલ છે. તેના વગર ઘર પણ બે રોનક છે અને પતિની જિંદગી પણ ઉદાસ અને તેનો દીન પણ અધુરો અને ઉણપવાળો છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રીઓને મહત્વ, ઈજ્જત અને વકાર અર્પણ કર્યું. હુઝૂર ﷺની અમલી જિંદગીમાં આ પ્રમાણેની ઈજ્જત અને વકારનાં દુર્લભ દષ્ટાંતો મૌજૂદ છે, અને આના અનુસંધાનમાં ઈર્શાદો પણ તે છે જે ઝબાને નબુવ્વતથી જ નીકળી શકે છે. બીજાની ઝબાનમાં તે તાકાત અને કુવ્વત ક્યાં ? તેમજ બીજાની વાણીમાં તે લતાફત અને બલાગત (મીઠાશ તથા આકર્ષણ) ક્યાંથી ?

ઈમામ બુખારીએ એક રિવાયત બયાન કરી. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺ અમુક અજવાઝે મુતહ્હરાતની પાસે તશરીફ લાવ્યા અને તેમની પાસે ઉમ્મે સુલૈમ પણ હતાં. આપે ફર્માવ્યું, "હે અનજશહ ! આ શીશીઓ (ઔરતોને) જરા સંભાળીને ધીરે ધીરે લઈને ચાલો." *(બુખારી, પેજ–૯૦૮, જિલ્દ–૨)*

સરકાર ﷺએ એક સફરમાં તે વખતે ઈર્શાદ ફર્માવ્યો જયારે હઝરત અનજશહ ઉમ્માહતુલ મુ'મિનીનની સવારીઓને ઝડપી હાંકી રહ્યા હતા. જ્યારે હુઝૂર ﷺએ આ હાલત જોઈ તો ફર્માવ્યું, "અનજશહ ! આ શીશીઓ છે, ક્યાંક તૂટી ન જાય." સુકૂનની સાથે આગળ વધો. સરકારે ઔરતોની લતાફત અને નાઝુક મિજાઝીના સબબે તેણીઓને શીશીઓ કહી. કદાચ સાહિત્યની દુનિયાએ પહેલીવાર આ ખૂબસૂરત તાબીર (સરખામણી) સાંભળી હશે.

બુખારી, મુસ્લિમની વધુ એક રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમે સ્ત્રીઓના વિશે મારી વસિયત

કૃબૂલ કરો. તેણીઓની સાથે સદ્‌વર્તાવ કરો. અને ઔરતો પાંસળીથી પેદા કરવામાં આવી અને પાંસળીનો સૌથી વાંકો હિસ્સો ઉપરનો હોય છે, જો તમે તેને સીધી કરવા જશો તો તૂટી જશે. અને આમને આમ છોડી દેશો તો વાંકીને વાંકી રહી જશે એટલા માટે તેમની સાથે મારી વસિયત કૃબૂલ કરી નેક વર્તાવ કરો.'' *(મિશ્કાત, પેજ–૨૮૦)*

બુખારી મુસ્લિમની વધુ એક હદીષ જોઈ લો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''તમારામાંથી કોઈ પોતાની પત્નીને એક નોકરની જેમ ન મારે, પછી દિવસના અંતે (રાતમાં) તેણી સાથે સંભોગ કરે !'' *(મિશ્કાત, પેજ–૨૮૦)*

આ સમજાવવાની રીત કેટલી ખૂબસૂરત છે કે શરીફ ઈન્સાનને એ શોભા નથી આપતું કે પોતાની પત્નીને માર મારે અને રાતમાં તેણી સાથે સંભોગ પણ કરે !

હુઝૂર ﷺએ હુજ્જતુલ વિદાઅમાં અંતિમ અને કૃાયમી પયગામ પોતાની ઉમ્મતને આપ્યો, તેનો એક હિસ્સો આ પણ છે, ''ઔરતો સાથે સદ્‌વર્તાવ કરો કેમ કે તે તમારી પાસે કૈદીની જેમ છે, પોતાની જાનોની માલિક નથી. તમે તેને અલ્લાહની અમાનતની સાથે લીધેલ છે અને અલ્લાહના કલમાઓની સાથે તેની શરમગાહ હલાલ કરેલ છે. *(સીરતે ઈબ્ને હેશામ, ૨૫૯–૨૬૦, જિલ્દ–૨)*

અંતમાં તે નમૂના પણ જોઈ લઈએ જે નબી કરીમ ﷺની હયાતે મુબારકાનાં દષ્ટાંતો છે, કેમ કે હુઝૂર ﷺની જિંદગી આપણા માટે નમૂનો (Ideal) છે :–

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, હુઝૂર ﷺની પાસે પણ બાળકીઓ સાથે રમ્યા કરતી હતી, અને તે છોકરીઓ મારી સહેલીઓ હતી. એવામાં જ્યારે હુઝૂર ﷺ તશરીફ લાવતા તો મારી સહેલીઓ (અદબના કારણે) છુપાઈ જતી. તો સરકાર ﷺ તેમને રમવા માટે મારી પાસે મોકલતા, પછી તેઓ મારી સાથે રમતી. *(મિશ્કાત–૨૮૦)*

સુબ્હાનલ્લાહ ! કુર્બાન જાવ અદાએ નબુવ્વત પર ! ઉમ્મુલ મુ'મિનીન હઝરત હઝરત આઈશા નાની વયનાં હતાં ત્યારે હુઝૂર ﷺ તેમની સાથે કેવો વર્તાવ કરતા હતા.

હુઝૂર ﷺ અને હઝરત આઈશા رضی اللہ عنہاની એક વધુ અદા પણ જોઈ લો ! આ પણ બુખારી મુસ્લિમની રિવાયત છે. ઉમ્મુલ મુ'મિનીન ફર્માવે છે કે મારા નબી ﷺ મારા હુજરા (કમરા)ની સાથે ઊભા રહેતા. હબશી છોકરા મસ્જિદના સહનમાં નાના નાના નેઝાઓથી રમતા. હું ઘણા જ શોખથી તેમની આ રમત જોતી. અને સરકાર ﷺ પોતાની ચાદરથી મારો પર્દો ફર્માવતા અને હું હુઝૂરના મુબારક કાન અને ખભા શરીફની પાછળ છુપાઈને તેમની રમત જોતી. હુઝૂર ﷺ મારા માટે ઊભા જ રહેતા ત્યાં સુધી કે હું ન પાછી ફરતી. હુઝૂર ﷺ એવું ન ફર્માવતા કે હે આઈશા ! બસ કરો ! હઝરત આઈશા رضی اللہ عنہا ખૂદ ફર્માવે છે, તમે જાતે અંદાઝો લગાડી શકો છો કે એક કમ ઉમર છોકરી જે ખેલ જોવાની શોખીન હતી તેની હુઝૂર કેટલી કદર ફર્માવતા ! *(મિશ્કાત–૨૮૦)*

પત્ની સાથે ઉલ્ફત મહોબ્બતનું આ એક ઈમાન અફરોઝ દષ્ટાંત છે. હુઝૂર ﷺનો મુકૃદ્દસ સમય રિસાલતની જિમ્મેદારીઓ અદા કરવા માટે કેટલો કિંમતી હતો તેનો કોઈપણ અંદાઝો કરી શકે છે, છતાં પણ આટલો કિંમતી સમય ઉમ્મુલ મુ'મિનીનના દિલને ખુશ કરવા માટે આ રીતે ખર્ચ કરતા.

## માનવ અધિકારની બાંગો પાડનારને ચેલેંજ !

સ્ત્રી અધિકાર તથા માનવ અધિકારની બૂમો પાડનારાઓ યૂરોપિયનો તથા અમેરિકાનો પૂર્વગ્રહના ચશ્મા હટાવે અને ઈન્સાફની નજરે ઈસ્લામનો અભ્યાસ કરે કે માં બાપને તેમજ સ્ત્રીઓ, બાળકીઓને જે હક્કો ઈસ્લામે આપ્યા છે તે કોઈ મઝહબમાં છે ખરા ?! માનવ અધિકારની ગુલબાંગો પોકારનારા પોતાનાં ઘરડાં માં બાપને પાલવી નથી શક્તા ! તેમની ચાકરી કરવાથી ભાગે છે તો **Old House** (ઘરડાં ઘર) સ્થાપી બેઠા ! જ્યાં ઘરડાં માં બાપોને છોડી મૂકી તેમની હાલતની ખબર કાઢવા કે મરી જાય તો અંતિમ વિધિમાં જવાની પણ તેઓ દરકાર નથી કરતા ! તેઓ ક્યા મોઢે ઈસ્લામ તથા મુસલમાનો પર કશોય આક્ષેપ કરી શકે છે ?! અને ઉપર સ્ત્રીને ઈજ્જતદાર માં, ઈજ્જતદાર બહેન તથા ઈજ્જતદાર પુત્રી તથા ઈજ્જતદાર પત્નીનો દરજ્જો આપનાર ઈસ્લામ સામે ક્યા મોઢે આક્ષેપ કરી શકે છે કે ઈસ્લામ સ્ત્રી પર જુલ્મ કરે છે ! સ્ત્રીને ''મોડેલ'' તથા ''ડાન્સર'' તથા ''સેક્સ વર્કર'' બનાવનારી આ કૌમો ''સેલ્સ ગર્લ તથા ''એર હોસ્ટેસ'' વગેરે બનાવી સ્ત્રીઓનાં અંગોના તથા સ્મિતના સોદા કરનારાઓ કયા મોઢે કહી શકે છે કે અમે સ્ત્રીને આઝાદી આપી તથા સન્માન આપ્યું ?!



# ઈસ્લામી પર્દા વિરુદ્ધ યૂરોપનો સાંસ્કૃતિક આ...તં...ક...વા...દ...!

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

વિશ્વસ્તરે એક હંગામો, એક શોર મચી રહ્યો છે, પાકિસ્તાન, ઈરાન, અમેરિકા, ફ્રાંન્સ અને યૂરોપમાં એક તોફાન ઉઠી રહ્યું છે જે પૂર્વને પશ્ચિમ અને ઉત્તરને દક્ષિણ બનાવવા તલપાપડ થઈ રહ્યું છે. એક બાજુ ઈસાઈ 'નન' પોતાના ધર્મનું પાલન કરી સ્કાર્ફ પહેરવા માટે આઝાદ છે, તો બીજી બાજુ એક મુસ્લિમ ખાતૂન જો પોતાને ઈસ્લામી પર્દામાં સુરક્ષિત સમજે છે તો તેણીને મહેણુ આપવામાં આવે છે, તેણીને કફન પહેરલી કહેવામાં આવે છે ! તેને જૂનાવાણી તથા રૂઢીચુસ્ત કરી ઠેકડી ઉડાવાય છે. મિડિયા થકી મુસલમાનોની સંસ્કૃતિ પર ટીકા કરવામાં આવે છે. આજે આ કોઈ એક દેશની વાત નથી પણ સમગ્ર ઈસ્લામી જગતનો મસ્અલો છે જેને સમગ્ર ઈસ્લામી જગત અનુભવી રહ્યું છે.

## મિસરમાં પર્દાનો વિરોધ !

પ્રગતિ અને રોશન ખયાલી (મોર્ડન વિચારશૈલી)ના પ્રચારક કાસિમ અમીને મિસરમાં સ્ત્રી આઝાદી માટે ઈ.સ. ૧૮૯૯માં એક કિતાબ "તહરીરુલ્ મર્અતે"ના નામથી પ્રસિદ્ધ કરી જેમાં તેણે દા'વો કર્યો કે ઈસ્લામમાં બેપર્દગીની મનાઈ નથી. મિસરમાં ઈસ્લામી સંસ્કૃતિને કચડી નાખવામાં આ કિતાબે શું ભાગ ભજવ્યો એ સંબંધે ઈસ્કન્દરયા યુનિવર્સિટીના પ્રોફેસર ડોકટર મુહમ્મદ હુસૈન પોતાની કિતાબ "અત્તુજાહાતુલ વતનિય્યતે ફીલ્ અદબિલ્ મુઆસિરે"માં લખે છે, "આ દુષ્પ્રચારના પરિણામે સ્ત્રીઓમાં બેપદર્ગી અને આઝાદીનું જે વલણ ઉત્પન્ન થયું તેનાથી ઈસ્લામી વિચારશૈલી ધરાવતા લોકો ગભરાઈ ગયા, ઔરતોના વિચારોમાં આવેલી ક્રાંતિ અને પૌરાણિક સભ્યતા તથા સંસ્કારિક્તા, બાપ અને પતિની અગ્રિમતા વિરુદ્ધ સ્ત્રીઓમાં બગાવતનો જે જઝબો ઉદ્ભવ્યો તેને તેમણે સખત નાપસંદ કર્યો, તેઓ પરેશાનીના આલમમાં આશ્ચર્યથી વસ્ત્રોમાં થયેલ તબદીલી અને ઢીલાઢાલા, શરીર છુપાવે એવાં મિસરી લિબાસના બદલે ચુસ્ત અને તંગ (નગ્નતાભર્યા) પશ્ચિમી પહેરવેશોને નિહાળી રહ્યા હતા જે એટલી ઝડપથી પ્રચલિત થઈ રહ્યા હતા જેનું એમને પહેલાં અનુમાન ન હતું." *(મુસ્લિમ મમાલિક મેં ઈસ્લામિયત ઔર મગ઼રિબિય્યત કી કશ્મકશ, પેજ–૧૪૬, ૧૪૭)*

## અફઘાનિસ્તાનમાં પર્દાનો વિરોધ

અફઘાનિસ્તાનમાં ૧૯૬૦ પૂર્વે ઈસ્લામી સંસ્કૃતિ પોતાની સંપૂર્ણ શાનથી સ્થાપિત હતી, પર્દાનો બા હયા રિવાજ અહીંયા હતો, પરંતુ ઈસ્લામી સંસ્કૃતિના દુશ્મનોની આંખોમાં કાંટો બની ખટકવા લાગ્યો અને તેમણે તેને નષ્ટ કરવાના પ્રયાસ કર્યા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (**Times of India**)નો યૂરોપિયન પત્રકાર રિચી કોલ્ડર જે ૧૯૬૩માં અફઘાનિસ્તાનની જશ્ને આઝાદીમાં ઉપસ્થિત રહ્યો હતો તે ૨૮ જુલાઈ ૧૯૬૩ના પ્રકાશનમાં લખે છે :–

"ત્રણ વર્ષ અગાઉ અહીંયાં (અફઘાનિસ્તાન)ની સ્ત્રીઓ પર્દામાં હતી તે સમયે આવા પ્રસંગોમાં તેમને બહાર નીકળવાની અનુમતિ પણ મળતી તો તેમને ચાદરમાં છુપાઈને આવવું પડતું જે માથાથી લઈ પગો સુધીની રહેતી અને નકાબ તેમના ચહેરાને છુપાવી રાખતો જેમાં જોવા માટે જાળી લાગેલી રહેતી."

હવે એ બધુ આ ક્રાંતિમાં ઝોંકાઈ ગયું છે, હજુ પણ ખુશીના પ્રસંગોમાં આવી સ્ત્રીઓ ઘણી જોવા મળે છે જે હવે અલગ પ્રકારના બુરખા પહેરે છે જેની તેમને હજુ આદત નથી પડી. પરંતુ હવે તેમને પોતાના ચહેરા ઉઘાડા રાખવાની આઝાદી મળી ગઈ છે અને હવે સ્ત્રીઓની એક મોટી સંખ્યા બેપર્દા થઈ ગઈ છે. *(હવાલો : આગળ મુજબ, પે–૩૫, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સૌજન્યથી)*

## બુખારામાં પર્દાનો વિરોધ

મિસર અને અફઘાનિસ્તાનમાં જે ઈસ્લામી સંસ્કૃતિને ખતમ કરવામાં નથી આવી, બુખારામાં પણ **Western Culture** (પશ્ચિમી સંસ્કૃતિ)ને પ્રચલિત કરવાની કોશિશો કરવામાં આવી.

જેમ કે અફઘાનિસ્તાનના પડોશી દેશ બુખારામાં ૧૮ માર્ચ ઈ.સ. ૧૯૨૧માં એક મોટા સમારોહ પ્રસંગે ઈસ્લામી બુર્ખાઓના ઢગલાને આગ લગાડવામાં આવી, પર્દાને ત્યજવા મુસ્લિમ ઔરતો પર સખ્તી પણ કરવામાં આવી ! **આ પ્રસંગમાં પાંચ હજાર મુસ્લિમ ઔરતોએ વિરોધ કરી પર્દો ત્યજવાથી મનાઈ કરી તો તેમના માથેથી પર્દા ખેંચી ચુલામાં નાખી દેવાયા !** સગા સંબંધીઓના કહેવાથી છેવટે તેમણે બેપર્દા થવું પડયું અને જબરદસ્તી બુરખા ઉતારવાનું કાર્ય રૂસી સ્ત્રીઓએ કર્યું. પછી દર વરસે બળજબરી બુરખા ઉતારવાની અને પર્દો છોડાવવાની રસ્મ મનાવામાં આવવા લાગી. *(દૈનિક નવાએ વક્ત–મુલ્તાન, ૧૮ એપ્રિલ ૧૯૯૬)*

આ'ઝમ હાશમીએ પોતાના 'સફરનામાએ હિજરત'માં લગભગ આવા જ એક પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે, લખે છે :–

''બુખારાની સર્વ મોટી મસ્જિદોમાં એકવાર કોમ્યૂનિસ્ટ પાર્ટીએ જલ્સાનું આયોજન કર્યું જેમાં ત્યાંના સ્થાનિક લોકોને પોતાની પર્દાનશીન બહુ બેટીઓ અને બીવીઓ સાથે લાવવા માટે મજબૂર કરવામાં આવ્યા. હથિયારબંધ ફોજીઓ ઘરોમાં ઘુસી સ્ત્રી પુરૂષોને પશુઓ જેમ હાંકી લાવ્યા. મસ્જિદોના દરવાજાઓ પર બે બે કોમ્યૂનિસ્ટો ઊભો રહી સ્ત્રીઓના માથેથી બુર્કા, ચાદરો, ઓઢણીઓ ખેંચીને ઉતારીને મસ્જિદના સહનમાં ભેગી કરી રહ્યા હતા. રાતના દસ વાગ્યે સૌના સમક્ષ બુર્ખાઓ ઓઢણીઓના ઢગલાને આગ લગાડી દેવામાં આવી ! ત્યાર પછી તક઼રીરો શરૂ થઈ, એક પછી એક કોમ્યૂનિસ્ટ પ્રવક્તાઓ ઈસ્લામી પર્દા વિરુદ્ધ ભડકાઉ તક઼રીરો કરતા રહ્યા. એક બાશ્કરીસ્તાની યહૂદી કોમ્યૂનિસ્ટે પોતાના પ્રવચનમાં કહ્યું :–

''પર્દો પુરૂષોના અત્યાચારની નિશાની છે, હવે સ્ત્રીઓ આઝાદ થઈ ગઈ છે, તેણીઓ કાર્યાલયોમાં નોકરી કરી શકશે, ફરગ઼ાનના ગૈરતમંદવાસીઓ એ હકીક઼ત સમજી ચૂક્યા છે. તેમની સ્ત્રીઓને આઝાદીની નેઅમત મળી ગઈ **હવે નિકાહ્ અને તલાક઼ની ઝંઝટ નથી રહી, તેણીઓ પુરૂષોના જુલ્મથી આઝાદ અત્યંત આરામદાયક જીવન જીવી રહી છે.''** *(ઉફ યે પાદરી, પેજ–૩૩૭, 'સમરકંદો બુખારા કી ખૂની સરગુઝશ્ત'ના હવાલાથી)*

## ઈરાનમાં પર્દાનો વિરોધ

રઝા શાહ પહેલ્વીના રાજયકાળમાં ઈરાનમાં પર્દો પહેરવા પર પાબંદી હતી. તેણે ઈ.સ. ૧૯૩૫માં પર્દા પર પ્રતિબંધ મૂકી દીધો. *(મિલ્લતે ઈસ્લામિયા કી મુખ્તસર તારીખ, ભાગ–૩/૨૨૨૬)*

આ તે જ જમાનો હતો જ્યારે અખંડ ભારતમાં ડોકટર ઈક઼બાલ અને અકબર ઈલાહાબાદી આ રોશન ખયાલીના વિરુદ્ધ હતા.

અકબર ઈલાહાબાદી લખે છે :–

**બે પર્દા કલ જો નઝર આઇં ચંદ બીબિયાં**
**અકબર ઝમીં મેં ગ઼ૈરતે ક઼ૌમી સે ગળ ગયા**
**પૂછા જો ઉનસે આપ કા પર્દા વો કયા હુઆ**
**કહને લગીં કે અક઼્લ પે મર્દો કી પર ગયા**

અને ડોકટર ઈકબાલે કહ્યું :–

**ઉસ ક઼ૌમ કો તજદીદ કા પયગ઼ામ મુબારક**
**હૈ જિસ્કે તસવ્વુર મેં ફક઼ત બઝમે શબાના**
**લેકિન ! મુઝે ડર હૈ કે યે આવાઝસે તજદીદ**
**મશરિક મેં હૈ તક઼લીદે ફિરંગી કા બહાના**

## તુર્કીમાં પર્દાનો વિરોધ

યહૂદીઓની કઠપુતલી 'કમાલ પાશા'એ તુર્કીને આધુનિક તુર્કી બનાવવાના બહાને ત્યાંની સંસ્કૃતિને જે રીતે કચડી નાંખી ઈતિહાસ તેનો સાક્ષી છે. તેણે તુર્કી ટોપી અને માથે ઓઢવાના દરેક વસ્ત્ર પર્દા, સ્કાર્ફને ગૈર ક઼ાનૂની ઠરાવી દીધા

અને હેટને જરૂરી કરી દીધો ! એ જ તુર્કીની હાલની સ્થિતિ વિશે જાવેદ ચૌધરી પોતાની કોલમ ઝીરો પોઈંટમાં લખે છે :–

"મેડમ મર્વે"નો સંબંધ ફઝીલત પાર્ટી સાથે હતો, તેણી ઈ.સ. ૧૯૯૯ના ઈલેકશનમાં તુર્ક પાર્લામેન્ટની સભ્ય બની. 'મે'માં શપથ લેવાના પ્રસંગે તેણી માથે સ્કાર્ફ ઓઢી પાર્લામેન્ટ ગઈ. આધુનિક તુર્કીના ૭૬ વરસના ઈતિહાસની એક દુ:ખદ ઘટના હતી, કારણ કે ૨૯ ઓકટોબર ૧૯૨૩માં જ્યારે તુર્કી આઝાદ થયું હતું ત્યારે કમાલ અતાતુર્કે અરબી લિપિ, ધાર્મિક શિક્ષણ અને અઝાન સાથે પર્દા પર પાબંદી લાવી મૂકી હતી. તેનું કહેવું હતું કે તુર્કીને પ્રગતિશીલ જોવા માટે આપણે તુર્કીને સેક્યુલર (બિનસાંપ્રદાયિક) સાબિત કરવું પડશે.

આજથી તુર્કીમાં સ્ત્રીનું ઉઘાડુ માથુ અને સેક્યુલરિઝમ (બિનસાંપ્રદાયિક્તા) એક થઈ ચૂક્યાં છે. મે–૧૯૯૯માં મર્વેએ સ્કાર્ફ ઓઢી પાર્લામેન્ટમાં જઈ સેક્યુલરિઝમની તુર્ક ફિલોસોફીને ચેલેંજ કરી દીધી. એના પર પાર્લામેન્ટમાં ભૂકંપ આવી ગયો ! સેક્યુલર સભ્યોએ આસ્માન માથે ઉઠાવી લીધું તથા ત્યાંની સેક્યુરિઝમની ઝંડાધારી ફૌજે પણ મર્વેની હિંમતની ગંભીરતાથી નોંધ લીધી અને રાષ્ટ્રપતિ સુલેમાન ડેમ્રેલ મર્વેનું સભ્ય પદ તથા નાગરિક્ત્વ બંનેવ રદ કરી નાખ્યું ! એક સેક્યુલર સ્ટેટનો એક એવો આઝાદ નાગરિકથી બદલો હતો જે પોતાની મરજીપ્રમાણે જીવન જીવવા ઈચ્છતો હતો. ૨૯ ઓકટોબર ૨૦૦૩માં આ સ્થિતિ ફરી એકવાર સામે આવી, જ્યારે તુર્કો પોતાનો એંસીમો આઝાદી દિવસ મનાવી રહ્યા હતા. રિવાજ પ્રમાણે આ દિવસે રાષ્ટ્રપતિ પાર્લામેન્ટના સભ્યો અને ગવર્નમેન્ટ પદાધિકારીઓના સન્માનમાં એક દા'વતનું આયોજન કરે છે જેમાં અધિકારીઓની બેગમાં પણ હોય છે. પરંતુ આ વખતે તુર્કીમાં તૈયબ અર્દગાનની આગેવાની હેઠળ એક ઈસ્લામી જમાઅત જસ્ટીસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીની હુકૂમત હતી અને પાર્ટીના અધિક્તમ અધિકારીઓની બેગમો માથા પર સ્કાર્ફ બાંધતી હતી માટે સર્વ અધિકારીઓને નિમંત્રિત કરવું રાષ્ટ્રપતિ માટે મુશ્કેલ થયું, ઘણા વિચારવિમર્શ પછી તેણે અધિકારીઓને પોતાની બેગમોને સાથે ન લાવવા કહ્યું જેમાં તૈયબ અર્દગાન પણ આવી ગયા જેમની બેગમ માથે સ્કાર્ફ નાંખે છે, માટે જસ્ટીસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીએ આ સમારોહનો બહિષ્કાર કર્યો અને રાષ્ટ્રપતિ અહમદ નજાતથી રાજીનામુ આપવાની માંગણી કરી ! *(દૈનિક જંગ, લાહોર, ૮ નવેમ્બર–૨૦૦૩)*

ઈમ્પેક્ટ ઈન્ટરનેશનલ માસિક, માર્ચ–૨૦૦૧માં મેડમ મર્વેનું ઈન્ટરવ્યુ પ્રકાશિત થયું જેના અમુક અગત્યના મુદ્દા રજૂ કરવામાં આવે છે :–

**સવાલ** : જ્યારે આપ તુર્કીની પાર્લામેન્ટમાં સૌ પ્રથમ હિજાબની સાથે પ્રવેશ્યાં ત્યારે આપ શું વિચારી રહ્યાં હતાં ?

**જવાબ** : તુર્ક લોકશાહીના ૭૬ વર્ષીય ઈતિહાસનો આ પહેલો પ્રસંગ હતો જ્યારે એવી બે સ્ત્રીઓ જે પર્દો કરતી હતી તુર્ક પાર્લામેન્ટમાં સભ્ય બની. નસ્રીન અવનાલ બીજી એવી ખાતૂન પાર્લામેન્ટની સભ્ય હતી જેમને સ્કાર્ફ ઉતારવા પર મજબૂર કરવામાં આવી. સૌથી પ્રથમ હોવાના કારણે ઘણો મુશ્કેલ પ્રસંગ હતો. જો કે હું સકાર્ફ પહેરતી સિત્તેર ટકા સ્ત્રીઓની આગેવાની કરી હતી પરંતુ દેશમાં એક અલ્પસંખ્યક લાબાં અરસાથી શાસન કરી રહી છે અને જે લોકો એનાથી સંબંધિત છે તેઓ મોડર્ન વિચારશૈલીવાળા સુસભ્ય લોકશાહીયુક્ત નથી કે એ લોકોનું સન્માન કરી શકે જેઓ તેમની જેવાં વસ્ત્રો નથી પહેરતા અને તેમની જેવી વિચારધારા નથી ધરાવતા. મને એમના વિરોધનું અનુમાન હતું પરંતુ એમનો વિરોધ આટલો ઉદ્ધત અને જાલિમાના હશે એની કલ્પના પણ ન હતી.

અન્ય એક સવાલના જવાબમાં એમણે કહ્યું :–

હવે હું એક માત્ર અંગત પ્રતિનિધિત્વ નથી કરતી પણ હું તુર્કીની મઝલૂમ જૂનવાણી પાબંદી સ્ત્રીઓની

પોકાર છું જેમની સાથે માત્ર એટલા માટે આવો વર્તાવ કરવામાં આવી રહ્યો છે કે તેણીઓ પર્દો કરવા ઈચ્છે છે, **તેમને મજબૂર કરવામાં આવી રહી છે કે તેણીઓ પોતાના કેરિયર અને ધર્મમાંથી કોઈ એકને સિલેક્ટ કરે.** તેમની પોકાર સાંભળનાર કોઈ નથી, પાર્લામેન્ટના સભ્યની રૂએ હું તેમની પોકારને જ્યાં સુધી પહોંચી શકે પહોંચાડવા માંગું છું. *(તર્જુમાનુલ્ કુર્આન માસિક, એપ્રિલ–૨૦૦૧, લેખ : સ્કાર્ફ બમુકાબલા બંદૂક)*

## ફ્રાન્સમાં પર્દાનો વિરોધ

ફ્રાન્સના ગૃહમંત્રી ચાર્લ્સ પાસ્કુવા અને વિધામંત્રી ફ્રેન્કુઈ બાયરોવ (Francois Bayrow)એ **સર્વ પબ્લિક સ્કૂલોમાં અભ્યાસ કરતી મુસ્લિમ વિદ્યાર્થીનીઓના પર્દો નાખવા પર પાબંદી લગાડી દીધી, ત્યાર બાદ સ્કાર્ફ ઓઢવાના કારણે તેમને સ્કૂલોમાંથી કાઢી મૂકવામાંઆવી, શિક્ષણનાં દ્વારા એમના માટે બંધ કરી દેવામાં આવ્યાં.** ફ્રાન્સિસી ગૃહમંત્રીએ પાર્લામેન્ટને જણાવ્યું કે ચિંતાનજક વાત એ છે કે ઈસ્લામી માન્યતાઓને આપણા સામાજીક રસ્મો રિવાજોનો ભાગ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## એક આતંકવાદ જેનો વિરોધ કરવામાં નથી આવતો !

ઈસ્લામી સંસ્કૃતિને કચડી નાખવા સમગ્ર વિશ્વના યહૂદી ઈસાઈઓએ પોતાનું સંપૂર્ણ બળ વેડફી નાખ્યું પરંતુ આ સાંસ્કૃતિક ત્રાસવાદના વિરોધમાં કોઈ બુદ્ધિજીવી અને પ્રગતિના ચાહકે પોતાની કલમ કે ઝબાનથી તેની નિંદા ન કરી. યાદ રાખશો કે પર્દો ફ્રાન્સના સેક્લ્યુલર બંધારણના વિરુદ્ધ નથી. **અહીંયાં એ સવાલ પણ ઊભો થાય છે કે ફ્રાન્સમાં ઈસાઈ વિદ્યાર્થીઓ ક્રોસ અને યહૂદી વિદ્યાર્થીઓ માથે વિશિષ્ટ પ્રકારની ટોપીઓ કેમ પહેરે છે ?!**

પર્દા વિરુદ્ધ પશ્ચિમીઓ તથા તેમના અનુયાયીઓનું આવું કૂણુ વલણ એટલા માટે છે કે પર્દો તેમની નાપાક વિચારશૈલી જેમ કે નગ્નતા, બિભત્સતા, ખેલ તમાશા, સંગીત, ફિલ્મ અને પારિવારિક ભંગાણના માટે અવરોધરૂપ છે. જાહેર છે કે જ્યારે સ્ત્રી બેપર્દા હશે તો તેના પર નાપાક નજરો પણ પડશે અને મિડિયા દ્વારા નગ્નતાનો ફેલાવો અને હુકૂમતો થકી ઝિનાકારીની પરમિટ જારી થશે તથા આઝાદી સાથે સ્ત્રી પુરૂષોની ભેળસેળનો માહોલ બનશે તો એનાથી જે પ્રકારના ફિત્ના ઉદ્ભવશે તેને દરેક સમજદાર સારી રીતે સમજી શકે છે. અને અપરિણિત કુંવારી માતાઓ તથા વિના માતા પિતાના સંતાનોના રૂપમાં જે ભયંકર પરિણામો જાહેર થશે તેના માટે યૂરોપનું ઉદાહરણ આપણા સમક્ષ છે.

આ ત્રાસવાદના ટેકામાં યૂરોપિયન કલમકારો જ નહીં અસંખ્ય આધુનિક ખ્યાલના મશરિકી (પૂર્વી) સાહિત્યકારો અને લેખકો પણ પોતાની ફરજ બનાવી રહ્યા છે ! આ કલમી મઝદૂરો માટે તો આટલું જ કહી શકાય છે :–

**કહાં મકામે સુખન ઔર કહા સિયાસતે શબ**
**કહાં યે અશ્ક કહાં તાજિરાને જશ્ને તરબ**
**કહાં રિજઝ કી બુલંદી કહાં સિલે હુએ લબ**
**કહાં ઝમાનો મકાં ઔર કહાં ઈશ્કો અરબ**
**હુદૂદે શામો સહર સે નિકલ ગએ કુછ લોગ**
**ઝરા સી ધૂપ મેં આકે પિઘલ ગએ કુછ લોગ**

એ જ કલમી મઝદૂરોએ પ્રોપેગંડો કર્યો કે કલ્ચરનો સંબંધ ધર્મ સાથે નથી. એક મશ્હૂર પાકિસ્તાની સાહિત્યકારે લખ્યું :–

"મુસ્લિમ કલ્ચર નામની કોઈ ચીજ નથી ! પ્રત્યેક મુસલમાનનું કલ્ચર બીજાથી અલગ હોય છે, બેશક ! સર્વ મુસ્લિમ દેશોમાં ધાર્મિક માન્યતાઓ સમાન છે પરંતુ તેમનું કલ્ચર એક નથી થઈ શક્તું". *(અહમદ નદીમ કાસમી, દૈનિક જંગ, ૧૫ ડિસેમ્બર–૧૯૯૧)*

આવા લોકોએ કલ્ચર તથા સંસ્કૃતિને જમીન સાથે સંબંધિત કરી જેનું પરિણામ એ થયું કે ઈસ્લામી ભાઈચારાનું પવિત્ર બંધારણ છિન્નભિન્ન થઈ ગયું. આ અફસોસનાક હકીકતનું દષ્ટાંત દર વરસે

પાકિસ્તાનમાં જોવા મળે છે જ્યારે પ્રજાસત્તાક દિવસે પાકિસ્તાનના સિંધી મુસ્લિમો, સિંધી હિંદુઓ સાથે એકતા માટે કન્ટ્રોલ લાઈનની તરફ જાય છે પરંતુ બીજા રાજ્યોના પંજાબી, પઠાણ તથા મુહાજિરોનું અસ્તિત્વ તેમને પચતુ નથી ! આ એક અલગ વિષય છે.

અન્ય એક રોશન ખયાલ (બુદ્ધિજીવી) પોતાનો અભિપ્રાય આ રીતે વ્યક્ત કરે છે, વર્તમાન યુગમાં એક મહત્વનો સવાલ એ પેદા થાય છે કે જો કોઈ સમાજમાં ઓઢણી અને દુપટ્ટા વિના રસ્તામાં આવતી જતી બેપર્દા સ્ત્રીઓની છેડતી કોઈ નથી કરતું તો શું ત્યાં પણ નકાબ અને ઓઢણી અનિવાર્ય થશે ? હું તો એટલે સુધી કહી શકું છું કે કેટલાયે વિદેશી સુસભ્ય સમાજોમાં મુસ્લિમ સ્ત્રીઓ મેહરમ વિના કોઈ પણ ખૌફ અને ખતરા વગર લાંબા સફર કરી શકે છે અને કોઈ પર પુરૂષ સહયાત્રી તેણી તરફ આંખ ઉઠાવી નહીં જુએ." *(રોજનામા જંગ, જુલાઈ–૧૯૮૫, પ્રોફેસર વારિષ મીર)*

પ્રોફેસર મીર સાહબના લખાણની ટીકા આપણે તો શું કરી શકીએ એ જ સમાચારપત્ર દૈનિક જંગની આ રિપોર્ટ વાંચો :–

**"અત્યારે સુસભ્ય દુનિયામાં દર ૪૫ સેંકડ પછી એક સ્ત્રીને બેઆબરૂ કરી દેવામાં આવે છે."** *(દૈનિક જંગ, ૧૨ નવેમ્બર, ૧૯૯૫)*

પર્દાની વિરોધી બેનઝીર ભુટ્ટો પણ આ વાતને સ્વીકારે છે :–

લખે છે : "પ્રાથમિક કલાસમાં અમને બળાત્કારના ખતરા વિશે લેકચર આપવામાં આવતાં, રેડ કલ્ફમાં સાંભળીને ગભરામણ થતી હતી. મેં અમેરિકા આવતાં પહેલાં બળાત્કાર વિશે સાંભળ્યું પણ ન હોતું અને હવે આ ભયના કારણે અગાઉના ચાર વરસો દરમિયાન હું કદી રાત્રે એકલી ઘેરથી બહાર નથી નીકળી." *(દુખ્તરે મશરિક, બેનઝીર ભુટ્ટો, પેજ–૮૬)*

**આ લોકો ઈસ્લામી કલ્ચર અને સંસ્કૃતિને એટલા માટે મિટાવવા ચાહે છે કે ક્યાંક એમના હવસના બેકાબૂ નફ્સ જેમના માટે સ્ત્રી એક મોજ મજાની ચીજ સિવાય કાંઈ જ નથી એ તેણી એમના હાથોથી નીકળી ન જાય !** એમને સેક્યૂલર બંધારણની કોઈ ચિંતા નથી **એમને તો પોતાની બદમસ્ત જવાનીની નાપાક ગંદી ખ્વાહિશોની ફિક્ર છે જે ઈસ્લામી કલ્ચરમાં શક્ય નથી.** ઈસ્લામી સંસ્કૃતિની પવિત્રતા કોણ નથી જાણતું ?! જેણે યૂરોપ જેવા નગ્નતાભર્યા માહોલમાં પણ સ્ત્રીઓને પવિત્રતા અપર્ણ કરી જેના યૂરોપમાં પુનરાગમનને આપણે જોઈ શકીએ છીએ. અહીંયાં અમુક દષ્ટાંતો રજૂ કરવામાં આવે છે કે કઈ રીતે યૂરોપિયન સ્ત્રીઓ માટે ઈસ્લામી સંસ્કૃતિ અને પર્દો વરદાનરૂપ થયો.


રોબર્ટ બ્રીફાલ્ટ લખે છે, "સિસ્લીની રાજધાનીમાં ત્રણ હજારથી વધુ કાપડ વણનારા હતા તેમની તૈયાર કરેલ અબાઓ, કુબાઓ તથા ચાદરો પર કુર્આનની આયતો પણ હોતી જેમને ઈસાઈ બાદશાહો અને પાદરીઓ ગર્વથી પહેરતા, સિસ્લીમાં ઈસાઈ ઔરતો નકાબ પહેરતી હતી." *(યૂરોપ પર ઈસ્લામ કે એહસાનાત, પેજ–૧૨૫, ગુલામ જીલાની બર્ક)*

આગળ લખે છે :–

"ઈસ્લામી કલ્ચરે યૂરોપી જીવનશૈલીના દરેક પાસા પર પ્રભાવ છોડયો, તેમનાં વસ્ત્રો બદલાઈ ગયાં, રીત રિવાજો બદલાઈ ગયા, એમના બાંધકામમાં પૂર્વી પદ્ધતિ આવી ગઈ, સ્ત્રીઓને ઈજ્જત થવા લાગી અને તેણીઓએ વાસનાભરી નજરોથી બચવા માટે નકાબ ઓઢી લીધો. *(પેજ–૧૫૦, રિહલતે ઈબ્ને ઉમરના હવાલાથી)*

"જે ઈસાઈ સ્ત્રીઓ શાહી મહલમાં પ્રવેશે છે તે મુસ્લિમ કનીઝોની નેકી, પાકીઝગી અને નમાઝથી પ્રભાવિત થઈ મુસલમાન થઈ જાય છે." *(પેજ–૧૫૨)*

હકીકતમાં ઈસ્લામ દુશ્મનોને એ વાતનો ખતરો છે કે ક્યાંક ઈસ્લામ આલમી મઝહબ ન બની જાય અને યહૂદીઓ દુનિયા પર હુકૂમતનું જે દિવા સ્વપ્ન જોઈ રહ્યા છે તે વિખેરાઈ ન જાય. *('જામે નૂર' ઉર્દૂ માસિક, (દિલ્હી), ઓક્ટોબર–૨૦૦૮ના સૌજન્યથી)*



# મઝારો પર હાજરી આપનારાઓને બે વાતો...


✦✧ અઝ ✧✦
મૌલાના તસ્લીર અહમદ રઝવી
✦✧ અનુવાદક ✧✦
મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી


## બુઝુર્ગોના ફોટાઓ તથા તેમની તસ્વીરો

કોઈ પણ જાનદારનો ફોટો ખેંચવો, તસ્વીરો ખેંચવી ખેંચાવવી અથવા ઈજ્જતની સાથે તેને ઘરમાં રાખવું હરામ છે. અને બુઝુર્ગોની તસ્વીરો અને તેમના ફોટાઓને રાખવા તો એથી અધિક ગુનોહ છે કેમ કે આ રીતે મૂર્તિપૂજાનો દરવાજો ખુલે છે. **પીરો, વલીઓ, બુઝુર્ગોની તસ્વીરોની સામે સજદો કરવો, તેના પર હાર ચઢાવવો, અગરબત્તી જલાવવી, તેમને ચૂમવું એ મુસલમાનોનું કામ નથી, બલ્કે આ કાફિરો, ગૈર મુસ્લિમો, મૂર્તિપૂજકોનું કામ છે.** અફસોસ ! આજે કલ્મા પઢવાવાળા એક અલ્લાહની તૌહીદ અને ઈબાદતનો ઢંઢેરો પીટનારા મુસલમાનો આંધળા થઈ ગયા છે. ઉગાડે છોગે ઉર્સો મેળાઓમાં બુઝુર્ગોના ફોટા ખરીદવામાં અને વેચવામાં આવે છે અને તેને ઘરોમાં સજાવી તેની સમક્ષ નમન થઈ રહ્યુ છે, તેના પર હારો નાખવામાં આવે છે, અગરબત્તીઓ અને મીણબત્તીઓ સળગાવવામાં આવી રહી છે ! અને આ બધુ બુઝુર્ગોની મહોબ્બત અને અક઼ીદતમાં થઈ રહ્યું છે. મહોબ્બત દુશ્મની અને અક઼ીદત ગુમરાહી બની ગઈ છે !

હક઼ીક઼તમાં વાત એ છે કે શૈતાન ચાહે છે કે તમોને બુઝુર્ગોની મહોબ્બતનો જાંસો ભમ્ર આપી અને તેનો ચારો નાખી તમારાથી કુફ્ર કરાવે અને તમને મૂર્તિપૂજક બનાવે અને મંદિર, ગુરૂદ્વારોમાં પૂજાના સ્થળો પર જે થાય છે તે કામ તમે આમ તો નથી કરતા તો તમારાથી આવી રીતે કરાવે છે, અને જાતે તો જહન્નમમાં જાય પણ સાથે તમને પણ જહન્નમમાં લઈ જાય.

પ્યારા સુન્ની ભાઈઓ ! ઈસ્લામમાં નેક બંદાઓની તસ્વીર રાખવી, ફોટો રાખવો, તેની તા'ઝીમ કરવી જાઈઝ હોત તો તે સૌથી પહેલાં એ પૈગંબરે આ'ઝમ મહબૂબે પરવરદિગાર (ﷺ)ની તસ્વીર હોત જેમનું નામ કલ્મામાં છે અને દરેક મુસલમાનના સીના અને દિલમાં છે. પરંતુ અફસોસ ! ઈસ્લામ જે વાતોને નષ્ટ કરવા આવ્યો હતો મુસલમાનોએ આજે એ જ કામો શરૂ કરી દીધાં છે. હદીષે પાકમાં છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ ખાનાએ કા'બાને મૂર્તિઓથી પાક કર્યું અને તેમને પોતાની લાકડી મુબારકથી તોડી તોડીને નીચે નાંખી ત્યાર બાદ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની તસ્વીર એક દિવાલ પર બનેલી જોઈ તો સરકારે તેને પાણીથી ધોઈ કા'બાની દીવાલ પરથી સાફ કરી નાખી.

આ સિવાય અન્ય હદીષોમાં છે કે પાછળની ઉમ્મતોમાં મૂતિપૂજાની શરૂઆત આવી જ રીતે થઈ કે ક઼ૌમમાં ઈજ્જતવાળા અને બઝુર્ગોની તસ્વીરો અને પૂતળાં બનાવી તૈયાર કરી દેવામાં આવ્યાં. આ કામ યાદગાર બાકી રાખવા માટે થયું પરંતુ પછી તેની તા'ઝીમ અને એહતેરામ થવા લાગ્યો પછી ધીરે ધીરે તે જ મઅ્બૂદ બની ગયાં !

**વર્તમાનકાળમાં કેટલાક પીરો પોતાની તસ્વીરો બનાવે છે, પછી તેને મુરીદોને વેચે અથવા વહેંચે છે, એવા લોકો ગુમરાહ છે, એવા પીરો તથા તેમના મુરીદોએ જહન્નમના અઝાબથી ડરવું જોઈએ.** એક શાયરે કહ્યું છે :–

*બુત પરસ્તી દીને અહમદ મેં કહીં આઈ નહીં*
*ઈસ લીયે તસ્વીરે જાનાં હમને ખિંચવાઈ નહીં*

## બુઝુર્ગોથી અક઼ીદત અને મહોબ્બતનો મતલબ

કોઈપણ શખ્સિયત સાથે સાચી અને હક઼ીક઼ી મહોબ્બત એ છે કે તેમની વાતોને માનવામાં આવે, તેમના હુકમ પર અમલ કરવામાં આવે, જ્યારે આજે તો તેમની સીરત, ચાલ ચલન સાથે કોઈ મતલબ જ નથી ! બસ, દરગાહોની હાજરી, ન્યાઝ, ફાતેહા, ઉર્સ,

જલ્સા, જુલૂસને જ બધું સમજી લીધુ છે. ગૈર મુસ્લિમો, યહૂદીઓ, ઈસાઈઓમાં એ વાત જોવામાં આવતી હતી કે તેઓ ધર્મને કૌમના બધા લોકો માટે અનિવાર્ય ખયાલ કરતા ન હતા, અમુક લોકો ધર્મને અપનાવતા અને બાકી આમ લોકો ધાર્મિક શખ્સિયતોને ખુશ કરવા માટે ન્યાઝ અને નઝરાનાઓમાં લાગી જતા હતા. પરંતુ ઈસ્લામે તે મિજાઝને તોડયો અને બતાવ્યું કે મઝહબ સૌના માટે છે, અને ખુદાએ તઆલાનો નેક બંદો બનવું અને તેને રાજી કરવાની કોશિશ કરવી દરેક વ્યક્તિ માટે જરૂરી અને અનિવાર્ય છે. **એમાં કોઈ શંકા નથી કે દરગાહોની હાજરી, ન્યાઝ, ફાતેહા, ઉર્સ, મીલાદ કરવી અને લંગર, જલ્સા, જુલૂસ અને નારા મારવા એ સારું કામ છે, જાઈઝ અને મુસ્તહસન છે. પરંતુ એમાં પણ કોઈ શંકા નથી કે માત્ર એ કામોથી તમે અલ્લાહવાળાઓના ચાહવાવાળા નથી બની શકતા ! જ્યાં સુધી તમે તેમનો બતાવેલ માર્ગ, ચાલ ચલન અપનાવવાની કોશિશ ન કરો.** કમસે કમ પાંચ વખતની નમાઝની પાબંદી કરવી, રમઝાનના રોઝા રાખવા, માલની ઝકાત આપવી, તાકત હોય તો એક વેળા જિંદગીમાં હજ્જ કરવી, શરાબ, જૂઠ, ગીબત, વ્યાજ અને વ્યભિચાર, ગાયનો વગાડવાં, સીનેમા જોવું અને હક્ક઼ તલ્ફી (કોઈનો હક્ક઼ મારવો) જેવાં હરામ કાર્યોથી બચવું એ તો દરેક મુસલમાન માટે અનિવાર્ય અને જરૂરી છે. જેના વિના તમે હજારો વેળા ઉર્સોમાં જાવ, ન્યાઝ, ફાતેહા કરાવો પરંતુ બુઝુર્ગો સાથે આપની મહોબ્બત અડધી અને અધુરી બલ્કે કેવળ નામની છે ! એટલા માટે કે મહોબ્બત અને અક઼ીદત માત્ર અવર જવર અને હાજરી આપવાનું નામ નથી, ઘરે રહીને પણ થઈ શકે છે. કેટલાક લોકો પાસે રહીને પણ દૂર રહે છે, અને કેટલાક લોકો દૂર રહીને પણ પાસે રહે છે. નાફર્માન નજીક બેસીને પણ ગૈર છે, અને ફર્માંબરદાર દૂર રહીને પણ પોતાનો છે.

સહીહ હદીષોથી સાબિત છે કે હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ જિંદગીભર હુઝૂર ﷺની મુલાકાત માટે મદીના શરીફમાં ન આવ્યા, પરંતુ તેમનાથી હુઝૂરને અને હુઝૂરથી તેમને કેટલી મહોબ્બત હતી ! તેમનું સ્થાન કેટલુ ઉચ્ચ છે ? એ વાત કોઈથી છુપી નથી. અહીંયા એ વાત પણ બતાવી આપવી જરૂરી છે કે ન્યાઝ અને ફાતેહા ચાહે બુઝુર્ગોની હોય અથવા મોટા વૃદ્ધોની, ઉર્સ અને દરગાહોની હાજરી એ ઈસ્લામમાં જાઈઝ અને સવાબ અને ખૈરો બરકતનું કાર્ય છે. પરંતુ એ ફર્ઝ, વાજિબ અને શરીઅતમાં એવી રીતે જરૂરી નથી કે કોઈ તેને ન કરે તો હરામ કરનાર અથવા ગુનેહગાર થાય. **હા ! જે તેને બુરુ કહે અને તેનાથી રોકે, નાજાઈઝ અને બિદઅત બતાવે તે યક઼ીનન ! (નિઃશંક !) ગુમરાહ અને બદ્મઝહબ છે.** પરંતુ એ બધાં કાર્યોને કરવા માટે પરેશાન થવાની, કષ્ટ ઉઠાવવાની, મુસીબતમાં પડવાની, કરજો અને ઉધાર લઈ ઘરવાળાંઓને તંગ કરવાની અને પરેશાન કરવાની કોઈ જરૂરત નથી, કરવાની શક્તિ હોય તો કરે અને જો તાકત ન હોય તો ન કરે, જે અને જેટલું શક્ય હોય તેટલું કરે.

ઈસ્લામ એક એવો સાચો અને બુનિયાદી ધર્મ છે કે તે લોકો ઉપર તેમની ક્ષમતાથી વધુ બોજ (ભાર) નથી નાખતો. ન્યાઝો, ફાતેહા, દરગાહોની હાજરી, ઉર્સો, મીલાદ શરીફ વગેરે તો કેવળ જાઈઝ, મુસ્તહબ અને સારાં કાર્યો છે. ફર્ઝ અને વાજિબ નથી. ઈસ્લામમાં તો જે ફર્ઝ અને શરીઅત થકી જરૂરી કામો છે, તેના વિશે પણ ઈન્સાનને ક્ષમતાથી અધિક મજબૂર કરવામાં નથી આવ્યો. પાંચ વખતની નમાઝ જે એક ઈસ્લામી ફરીઝો છે, જેની પાબંદી ન કરનાર હક઼ીક઼તમાં કામિલ મુસલમાન નથી, તેના વિશે ઈજાઝત આપવામાં આવી કે જે કોઈ ઊભો રહી ન પઢી શકે તે બેસીને પઢી લે, જો તેની પણ ક્ષમતા નથી તો સૂઈને માથાના ઈશારા વડે પઢે. અને પાણી ન મળે અથવા પાણી નુકસાન પહોંચાડે તેમ છે તો પાક માટીથી તયમ્મુમ કરીને પઢે. મુસાફિર છે તો ચાર ફર્ઝ રકાતના બદલે બે રકાત પઢે, જલ્દીમાં અથવા સમય ઓછો હોય તો સુન્નતો ન પઢે તો પણ કોઈ વાંધો નથી, કેવળ ફર્ઝ પઢી લે. વરસમાં માત્ર એક વેળા માલની ઝકાત ફર્ઝ કરવામાં આવી, પણ બધા ઉપર નહીં ! માત્ર તેમના પર જે માલિકે નિસાબ હોય, એટલે કે

શરીઅતની રીતે માલદાર હોય, અને એવી જ રીતે કુર્બાની અને સદકએ ફિત્ર પણ તેઓ પર વાજિબ રાખવામાં આવ્યા. હજજ પણ જિંદગીમાં એક વેળા જ ફર્ઝ છે એ તેના પર જે તેની ક્ષમતા ધરાવતો હોય.

આ બધું એટલા માટે કરવામાં આવ્યું કે તાકતથી વધુ ઈન્સાન મુસીબત અને પરેશાનીમાં ન પડે અને તાકતથી વધુ બોજ તેના પર ન નાખવામાં આવે. અને કયામતના દિવસે જ્યારે ઈન્સાન પર તેની નાફર્માનીના લીધે અઝાબ થાય તો કોઈ એવું ન કહી શકે કે, હે અલ્લાહ ! અમો તારા ધર્મ પર કઈ રીતે ચાલતા ? કેમ કે તે અમારી ક્ષમતાથી બહાર હતો ! એટલા માટે ધર્મને સરળ બનાવવામાં આવ્યો જેનાથી ઈસ્લામનો પયગામ (સંદેશો) અમીરો, ગરીબો, બીમારો, તંદુરસ્તો, શહેરીઓ, ગામવાસીઓ, બધા માટે આમ થઈ જાય અને મુહમ્મદે અરબી ﷺનો ઝંડો આખા વિશ્વમાં લહેરાઈ જાય.

આ બધાનો ખુલાસો એ છે કે જ્યારે ઈસ્લામમાં ફર્ઝો અને વાજિબોને પણ દરેક વ્યક્તિ પર દરેક વેળા જરૂરી નથી કર્યા તો પછી ન્યાઝ, ફાતેહા, જલ્સા, જુલૂસ, ઉર્સ અને મઝારોની હાજરી માટે ન જાતે પરેશાન થવું જરૂરી છે, ન બીજાઓને પરેશાન કરવાની જરૂરત છે. ઉધાર અને કરજો લઈને પણ આ બધાં કામો કરવાની જરૂરત નથી, બલ્કે જેના પર ફર્ઝ હોય અથવા કોઈનો હક્ક માર્યો હોય તો પહેલાં તે કર્ઝ અદા કરે અને હક્કદારને તેનો હક્ક આપે. ત્યાર બાદ મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા અથવા બુઝુર્ગોના મઝારો ઉપર હાજરી માટે આવે અને જેના ઉપર કર્ઝ હોય તે ન્યાઝ અને ફાતેહા ચાહે બુઝુર્ગોની હોય અથવા બીજા કોઈની તેમાં ખાણુ અથવા ખર્ચો ન કરે બલ્કે અલ્હમ્દુ શરીફ, કુલહુવલ્લાહ શરીફ જે પણ કુર્આની સૂરતો યાદ હોય તેને પઢી સવાબ પહોંચાડી આપે. *(હવાલો : અન્વારે સાતિઆ)*

એમાં કોઈ શંકા નથી કે આજે સુન્ની મુસલમાનોમાં કેટલાક લોકોએ ત્રીજ્યું, દસમુ, ચાલીસમું, ન્યાઝ, ફાતેહા, ઉર્સો, મીલાદો, આસ્તાનાઓની હાજરી વગેરે જેવાં મુસ્તહબ કામોને એટલાં જરૂરી બનાવી દીધાં છે કે વ્યાજ થકી કરજો લઈ એ કામોને કરવાની રિપોર્ટો મળે છે ! આ રીતે કરવું સુન્નિયત નથી બલ્કે જહાલત (અજ્ઞાનતા) છે. (શક્તિ હોય તો કરે વાંધો નથી, પણ શક્તિ નથી તો ન કરે.)

## અલ્લાહવાળાઓથી મહોબ્બત અને ઈસ્લામ ધર્મ

મઝહબે ઈસ્લામ અલ્લાહવાળાઓથી મહોબ્બત કરવું છે, અલ્લાહને ભૂલી જવું નથી ! પીરો, વલીઓ અને બુઝુર્ગોની મહોબ્બત, અકીદત અને તેમનાથી મુરીદ થવાનો અર્થ એ છે કે તેમનાં થકી અલ્લાહ તઆલા સુધી પહોંચી શકાય. તેનું ઝિક્ર કરવામાં, તેનું નામ લેવામાં અને તેની ઈબાદત કરવામાં મજા આવવા લાગે, દિલ લાગવા માંડે. વર્તમાનકાળમાં કેટલાક પીરો અને પીરઝાદાઓમાં એ વાત પેદા થઈ ગઈ છે કે તે પોતાની મહોબ્બત અને અકીદત અને પોતાની જાતથી લગાવ તો શિખવાડે છે, પરંતુ કદાપી અલ્લાહ તઆલાની ઈબાદત અને અલ્લાહનું ઝિક્ર અને ખુદાએ તઆલાનો ખૌફ અને તેનો ડર દિલમાં બેસાડવાની વાત નથી કરતા. બસ ! દરેક વેળા પોતાની તારીફ, પોતાનું ઝિક્ર, પોતાનો ચર્ચો અથવા પોતાના બાપદાદાઓનો. જ્યારે મો'મિનની શાન એ છે કે તે પોતાનું ઝિક્ર ઓછુ કરે અને દરેક વેળા અલ્લાહ અને તેના હબીબ ﷺનું ઝિક્ર વધુ પ્રમાણમાં કરે. એવા પણ કેટલાક મુરીદો અને અકીદતમંદોને જોયા કે તેઓ હમેશાં પોતાના પીરની તારીફ અને તૌસીફ (ખૂબીઓના વર્ણન)માં લાગેલા રહે છે, અને દરેક વસ્તુઓમાં કામની નિસ્બત પોતાના મિયાં તરફ કરે છે, કદાપી ખુદાનું નામ પણ નથી લેતા !

તેના વિશે સાચો રસ્તો એ છે કે જે ખરેખર અલ્લાહવાળા છે તેમનું ઝિક્ર અલ્લાહનું જ ઝિક્ર છે, તેમની યાદ અલ્લાહની જ યાદ છે પરંતુ એ વાતને પણ યાદ રાખશો કે જ્યાં અલ્લાહનું નામ લેવું, તેનું ઝિક્ર કરવું, તેનાથી દુઆઓ માંગવાનો રિવાજ છે અને ઉમ્મતે મુસ્લિમામાં પેહલાંથી ચાલતુ આવે છે, ત્યાં તેનું નામ અને ઝિક્ર હટાવી બીજાનું નામ લેવું હરગિઝ યોગ્ય નથી. **અવલિયાએ કિરામને અલ્લાહની અતાથી સાહિબે ઈખ્તેયાર (કુદરતવાળા) સમજી તેઓથી મદદ માંગવી, મુરાદો ચાહવી નિઃશંક ! જાઇઝ છે**, પરંતુ અલ્લાહ

તઆલાથી દુઆ માંગવાની જે ફઝીલતનું કુર્આન તથા હદીષમાં વર્ણન થયું છે તેનો દરજજો અને સ્થાન પોતાની જગ્યા પર છે. પીરો, વલીઓ, બુઝુર્ગોથી મદદ માંગવી, મુરાદો ચાહવી તેમને પુકારવાનો અર્થ એ નથી કે અલ્લાહ તઆલાથી મદદ માંગવાનો રિવાજ એકદમ ખત્મ થઈ જાય ! જેમ કે આજે કેટલાક પીરો અને તેમના મુરીદોની હાલતો જોઈને એવું જ લાગી રહ્યું છે.

તેના વિશે સીધી અને સાચી અને સાફ વાત એ છે કે જે લોકો અલ્લાહવાળાઓને બિલ્કુલ નથી માનતા, તેમની શાનમાં ગુસ્તાખી અને બે અદબી કરે છે તેઓ ગલત છે, અને જેઓ પીરો ફકીરોમાં એટલા વ્યસ્ત થઈ ગયા છે કે અલ્લાહને જ ભૂલી ગયા છે ! તેઓ પણ મોટી ભૂલમાં છે. પીર, વલી એ અલ્લાહને ભૂલવવા માટે નથી બલ્કે તેની યાદ અપાવવા, તેનું ઝિક્ર શિખવાડવા, તેનો ખૌફ અને ડર દિલમાં બેસાડવા માટે છે.

## કેટલાક અન્ય મશ્વરાઓ

જો કોઈ ખાનકાહ અથવા મઝાર પાસે કોઈ શરીઅત વિરુદ્ધ કાર્ય થતુ હોય તેમાં હરગિઝ ભાગ ન લો. દા.ત. નાચ, તમાશા, વાજિંત્રો સાથે ક઼વ્વાલીઓ, ફોટાઓ, વિડિયો.... વગેરે. આજે જે ક઼વ્વાલીઓનો રિવાજ છે એ પણ શરીઅતની વિરુદ્ધ છે એ કારણે કે તેમાં વાજિંત્રો વગેરે હોય છે, અને આ કામ ઈસ્લામમાં નાજાઈઝ છે, ક઼વ્વાલ સામાન્યતઃ ફાસિક઼ ફાજિર, બે નમાઝી હોય છે, એવા લોકોની સોહબત (સંગત)માં કોઈ ભલાઈ નથી. ક઼વ્વાલીનો મસ્અલો અને તેના સિવાય બીજી અમુક શરીઅતની વિરુદ્ધ વાતોની વિગત જાણવા અમારી કિતાબો 'ગલત ફેહમિયાં ઔર ઉસ કી ઈસ્લાહ ઔર દરમિયાની ઉમ્મત'નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. ઔરતોને મઝારો પર લઈને ન જાવ કે ઉલ્માએ અહલે સુન્નતે મના ફર્માવ્યું છે.

## હાથોમાં દોરા બાંધવા અને કડાં પહેરવાં

**કોઈપણ ધાતુનું કોઈ કડુ પહેરવું મર્દના માટે નાજાઈઝ અને ગુનોહ છે, એવી જ રીતે હાથોમાં લાલ, પીળા, દોરા બાંધવાનો રિવાજ ગૈર મુસ્લિમોમાં હતો, તેમના તીર્થ સ્થાનો પર તેમના સાધુ અને બાબા તીર્થયાત્રીઓના હાથોમાં દોરા બાંધી દે છે, પણ હવે મુસલમાનોમાં મઝારોના મુજાવરોએ પણ કેટલા દિવસોથી આ બધું શરૂ કરી દીધું છે !** જ્યારે કે મુસલમાનોએ ગૈર મુસ્લિમોની નક઼લ અને તેઓની મુશાબેહત (મળતાપણા)થી દૂર રહેવું જોઈએ અને લાલ, પીળા, દોરા હાથોમાં ન બંધાવે. **હા ! જો કોઈ બરકતવાળો પઢેલો દોરો અથવા તાવીઝ ગળામાં પહેરવામાં આવે તો જાઈઝ છે, તેમાં કાફિરોની મુશાબેહત (મળતાપણુ) અને નકલ નથી, પરંતુ હાથના દોરાની ઈજાઝત નથી.**

## રજીસ્ટરોમાં નામ લખાવવું અને વકીલ બનાવવું

કોઈપણ બુઝુર્ગના મઝાર પર હાજરી આપવા અથવા ફાતેહા પઢવા, ફૂલ નાખવા અથવા ચાદર ચઢાવવા માટે કોઈ મુજાવરને વકીલ બનાવવો અથવા તેઓનાં રજીસ્ટરોમાં નામ નોંધાવવાં જરૂરી નથી, બલ્કે વર્તમાનકાળના વધુ પડતા મુજાવરો અને સજજાદાનશીનોની વક઼ાલત વિના જાતે હાજરી આપવામાં વધુ ફઝીલત છે. અને જ્યાં સુધી નામ લખવાનો સવાલ છે, તો ખયાલ રહે કે મસ્જિદો અને મઝારાત પર આવનારાઓને એ દુનિયાના કાગળના રજીસ્ટરોમાં નામ લખવાની કોઈ જરૂરત નથી ! તેમનું નામ તો ફરિશ્તા ગૈબી અને આસ્માની રજીસ્ટરોમાં લખી લે છે, આ જે મુજાવરો ફી લઈને નામ રજીસ્ટરોમાં લખે છે, આ બધું આજ કાલ વધુ પડતું, કમાઈના ધંધા છે અને એક જાતનો લૂટનો ધંધો છે.

## :: એક જરૂરી અને અગત્યની નોંધ ::

આ બધી વાતો ઉલ્માએ અહલે સુન્નત ખાસ કરીને આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ક઼ાદરી رضی اللہ عنہની કિતાબોમાંથી લીધેલી છે. જો કોઈને હવાલાની જરૂરત હોય અથવા કોઈ વાત સમજમાં ન આવતી હોય તો અમારાથી પોસ્ટકાર્ડ અથવા પત્ર વહેવાર થકી સંપર્ક કરી શકે છે. *(બહવાલા કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી, જાન્યુઆરી–૨૦૦૯, દિલ્હી)*

# હસદના અરીસામાં

## આપણો ચેહરો

...ર...જૂ...ક...ર્તા...

**મૌલાના અલ્તાફ કુરચણવી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

હસદ એટલે ઈર્ષા, અદેખાઈ, કોઈનું સારું થતું જોઈને દિલમાં જલન થવું. આજે માનવ પોતાના દુઃખથી એટલો ચિંતિત અને પરેશાન નથી જેટલો બીજાના સુખથી પરેશાન છે. તે વિચારે છે કે કોઈ પણ રીતે મારા સુખી આનંદીભાઈના ઘર પર ખુદાનો અઝાબ નાઝિલ થઈ જાય અને તેનું હસતું કુટુંબ આપત્તિઓની બેડીઓમાં જકડાઈ જાય, તેની ઈજ્જત અને દૌલતનો સત્યાનાશ થઈ જાય ! પરંતુ માનવ એ નથી વિચારતો કે હું તેની અને તે મારી જગ્યા ઉપર હોત અને તે મારી બરબાદી ચાહતો હોત તો મને કેવી તકલીફ થાત ! હે ભાઈઓ ! વિચારવાની વાત છે કે જ્યારે અલ્લાહની મરજી વિરુદ્ધ એક પાદડું પણ નથી હલી શક્તું તો જે વ્યક્તિને અલ્લાહ તઆલા નેઅમતોથી માલમાલ કરી દે તેની નેઅમતોને જોઈ હસદ કરવો અને આરઝૂ રાખવી કે તેની નેઅમતો પાયમાલ થઈ જાય એ ક્યાંની હોશિયારી છે ? જરા વિચારો ! આ પ્રમાણેની સોચ અલ્લાહની મરજીની વિરુદ્ધ છે કે નથી ? ખરેખર આવી વિચાર દૃષ્ટિ અલ્લાહને નારાજ કરવાનો સબબ છે. તમે વારંવાર સાંભળ્યું હશે કે જ્યારે હઝરત આદમ عليه السلام નું પૂતળુ બની તૈયાર થઈ ગયું ત્યારે અલ્લાહ તઆલાએ બધા ફરિશ્તાઓને હુકમ આપ્યો હતો કે આદમ عليه السلام ને સજદો કરે, બધાએ પોતાની પેશાનીઓ ટેકવી આપી હતી પરંતુ ઈબ્લીસના હૃદયમાં 'હસદ'ની આગ ભડકવા લાગી અને તેણે સજદો કરવાની ના પાડી દીધી અને રબની બારગાહથી કાફિરનો ફત્વો પામ્યો તથા મરદૂદ થયો.

સુન્ની વાંચકો ! આ પ્રસંગ પરથી દરેક મો'મિનભાઈએ બોધ હાંસલ કરવો જોઈએ કે હસદ કેટલી બેકાર વસ્તુ છે. હસદના કારણે બધી નેકીઓ પર પાણી ફરી વળે છે. હસદ શૈતાનની એક મજબૂત જાળ છે જેમાં મોટા મોટા સારા સારા કહેવાતા લોકો ફસાયેલા જોવા મળે છે ! આજે આપણને ઈબાદતમાં મજા નથી આવતી, આપણા સારાં કામોનાં પરિણામો નજર નથી આવતાં વગેરે, વાસ્તવિકમાં તેનું એક જ કારણ છે કે આપણા દિલમાં ખિન્નતા, ઉદાસીનતા અને સંકુચિત દૃષ્ટિએ જગ્યા બનાવી લીધી છે. આપણા દિલ હસદ, જલનના કારણે એકબીજાને સહન કરવા, સમજવા અને નિભાવવાની ક્ષમતાથી વંચિત થઈ ગયાં છે.

અફસોસ ! હસદ દિવસે દિવસે પ્રગતિ પર છે, કોઈ મુસ્લિમભાઈ જો આનંદી જિંદગી વિતાવતો હોય અથવા સફળતાઓ અને ઉન્નતિઓ તેના કદમ ચૂમતી હોય તો આપણે તેનું સુઃખ, ચૈન છીનવી લેવાની તાકમાં રહીએ છીએ. ઉન્નતિ અને વિકાસની તરફ વધતા કદમોને રોકવાની ભરપૂર કોશિશ કરીએ છીએ ત્યાં સુધી કે જાદૂ ટોના કરવાવાળા બાપુઓ પાસે ચક્કર લગાડીએ છીએ, તેમની દરેક માંગ (Demand) પર લબ્બૈક કહીએ છીએ કે બસ ! ફલાણા ખાતા પીતા મુસ્લિમભાઈનું કામ ફેઈલ (Fail) થઈ જાય ! અહીંયાં એક વાત લખવી જરૂરી સમજું છું કે તાવીઝ કરવું જાઈઝ છે જ્યારે કે જાઈઝ તરીકાથી કરવામાં આવે, પરંતુ જ્યારે કોઈનું ઘર વિરાન કરવા અથવા કોઈના ઘરમાં ફૂટ નાખવા માટે કરવામાં આવે, જેવી રીતે કે કેટલાક ઓછી બુદ્ધિવાળા પુરૂષો અને સ્ત્રીઓ કોઈના ઘરમાં જુદાઈ અને ફૂટ નાખવામાં ઘણો રસ લે છે, તો આ રીતે નાજાઈઝ તાવીઝ કરવાવાળા ઢોંગી, લાલચુ બાપુઓ અને તાવીઝ કરવાવાળા પુરૂષો સ્ત્રીઓ બંનેવ શરીઅતની નજરમાં મહાન ગુનેહગાર છે. આ પ્રમાણે નાજાઈઝ તરીકાથી તાવીઝ બનાવવાવાળા બદ્દમાશ બાપુઓ પોતાનું ખીસ્સુ અને પેટ ભરવા માટે અને તાવીઝ કરાવવાવાળા પુરૂષ સ્ત્રીઓની 'હસદ'ની આગ ઓલવવા માટે આવું સંગીન પગલુ ઉઠાવવાની હિંમત કરે છે.

ભાઈઓ તથા બહેનો ! જ્યારે આપણે હસદ જેવી

બીમારીમાં આટલી હદે સપડાયેલા છીએ તો આપણી ઈબાદતોમાં કેવી રીતે મજા આવશે ? જે નેકીઓ અને સારાં કામો આપણે કરીએ છીએ તેને હસદની આગ સળગાવીને રાખ કરી દે છે. તો પછી બચ્યુ શું ? હદ તો ત્યાં સુધી કે જેનાથી જલન અને હસદ થઈ જાય છે તેની સારી વાતોમાં પણ ખામીઓ કાઢવામાં આવે છે ! તેની ઈજ્જતને ઉછાળવા માટે મોકાની શોધમાં રહેવામાં આવે છે.

*કુછ લોગ હૈં જો રહતે હૈં બસ ઈસ ફિરાક઼મેં*
*કમિયાં કિસીમેં પાએં તો બે આબરૂ કરેં*

## ॥ હસદની સરળ શબ્દોમાં વ્યાખ્યા ॥

જે વ્યક્તિથી હસદ કરવામાં આવે તેની નેઅમતો એટલે કે મિલ્કત, સંપત્તિ બરબાદ થઈ આપણને પ્રાપ્ત થઈ જાય તેનું નામ 'હસદ' છે.

મુસલમાન વાંચકો ! આ વ્યાખ્યાથી સ્પષ્ટ થયું કે કોઈની પાસે નેઅમત (મિલ્કત) જોઈ તમન્ના કરવી કે કાશ ! આ નેઅમતો મને પ્રાપ્ત થઈ જાય. દા.ત. કોઈ વ્યક્તિની ખ્યાતિ અથવા ઈજ્જતથી નફરત કરી ઈચ્છા કરવી કે આ વ્યક્તિ કોઈ પણ રીતે બદ્નામ, કુખ્યાત થઈ જાય અને તેની જગ્યાએ ઈજ્જત અને ખ્યાતિ મને હાંસલ થઈ જાય. એવી જ રીતે કોઈ ધનિક, માલદાર વ્યક્તિથી તમન્ના કરવી કે તેનું કોઈ પણ રીતે નુકસાન થઈ જાય અને તે નિર્ધન (ગરીબ) બની જાય અને હું તેની જગ્યાએ માલદાર બની જાઉં. આ પ્રમાણેની આરઝૂ રાખવી 'હસદ' છે. આજના પ્રગતિશીલ યુગમાં આ રોગ ઘણો ફેલાયેલ છે. આજે બીજાનો કારોબાર ઠપ કરવા માટે ઘણી મહેનત કરવામાં આવે છે, તેના માલસામાનની ખામીઓ દર્શાવી તે દુકાનદાર પર ભાત ભાતના આક્ષેપો લગાડવામાં આવે છે અને આ રીતે હસદના કારણે જૂઠ, ગીબત અને ચુગલી જેવા ગુનાહો કરવામાં આવે છે. અફસોસ ! હવે મોટા ભાગે મુસલમાનોમાં ભાઈચારો નાબૂદ થઈ રહ્યો છે. પહેલાંના મુસલમાનો કેટલા સારા હતા તેને આપણે એક હિકાયતથી સમજીએ.

આ'લા હઝરતના ખલીફા, કુતુબે મદીના હઝરત અલ્લામા મુહમ્મદ ઝિયાઉદ્દીન અહમદ કાદરી રઝવી رحمۃ اللہ علیہ તુર્કીઓના જમાનાથી મદીના શરીફમાં નિવાસી થઈ ગયા હતા. લગભગ સિત્તોતેર વરસ ત્યાં રહ્યા અને છેવટે વિસાલ થતાં "જન્નતુલ બક઼ીઅ"માં દફન કરવામાં આવ્યા. એક દિવસ કોઈ વ્યક્તિએ તેમનાથી (આ'લા હઝરતના ખલીફા ઝિયાઉદ્દીનને) પૂછયું, હે મારા સરદાર ! પહેલાંના મદીના શરીફના નિવાસીઓને તમે કેવા જોયા ? આપે ફર્માવ્યું, એક માલદાર હાજી સાહબ ગરીબોમાં કપડાં વહેંચવાના હેતુથી ખરીદી કરવા માટે એક કાપડના વેપારીની દુકાને પહોંચ્યા અને કાપડની મોટી સંખ્યામાં માંગણી કરી. દુકાનદારે કહ્યું, હું તમારો ઓર્ડર તો પૂરી કરી શકું છું પરંતુ મારી એક દરખાસ્ત છે કે તમે સામેની દુકાનેથી ખરીદી કરી લો. કેમ કે અલ્હમ્દુલિલ્લાહ ! આજે મારો વકરો સારો થઈ ગયો છે અને તે બિચારા પડોશી દુકાનદારનો ધંધો આજે ઓછો થયો છે. ખલીફએ આ'લા હઝરત અલ્લામા ઝિયાઉદ્દીન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ ફર્માવ્યું, પહેલાંના મદીનાવાસીઓ આ પ્રમાણેના હતા. અલ્લાહ તઆલાની તેઓ પર રહમત થાય અને તેઓના સદક઼ામાં આપણી મગફેરત ફર્માવે. *(કન્ઝુલ ઈમાન, ઓકટોબર-૨૦૦૮, પેજ-૧૧)*

*દિલસે દુન્યા કી ઉલ્ફત નિકાલો ! ઈસ તબાહીસે મૌલા બચા લો !*
*મુઝકો દીવાના અપના બનાલો, યા નબી તાજદારે મદીના !*

અલ્લામા ગઝાલી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ મિનહાજુલ આબેદીનમાં લખે છે કે હસદથી પાંચ ખરાબીઓ પેદા થાય છે :-

**(૧)** બંદગીમાં ખરાબી : રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "હસદ નેકીઓને એવી રીતે બરબાદ કરે છે જેવી રીતે આગ સૂકી લાકડીઓને સળગાવી રાખ કરી નાખે છે." *(ઈસ્લામી અખ્લાક઼ો આદાબ, પેજ-૧૯૦)*

મુસ્લિમભાઈ બહેનો ! શું આપણે કોઈક વાર વિચાર્યું ! વિચારો કે લઈ દઈને થોડીક નેકીઓ હોય છે તે પણ હવે હસદને ભેટ થઈ જાય તો બચ્યું શું ? વિચારો ! વિચારવાની વાત છે કે હજુ શ્વાસોનો સિલસિલો બંધ નથી થયો માટે પોતાની નેકીઓને સુરક્ષિત રાખવાની ફિકર કરો.

**(૨)** હસદથી બીજી વસ્તુ ગુનાહ અને બુરાઈઓ પેદા થાય છે. હઝરત વહબ બિન મુનબ્બિહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હસદ કરનારની ત્રણ નિશાનીઓ છે, જ્યારે સામે આવે

છે ત્યારે ચાપલૂશી (ખુશામત) કરે છે, પીઠ પાછળ ગીબત કરે છે અને જ્યારે બીજા પર મુસીબત આવે છે ત્યારે ખુશ થાય છે. હું કહું (હઝરત વહબ બિન મુનબ્બિહ) છું કે હસદના ખરાબ હોવાની સૌથી મોટી સાબિતી એ છે કે અલ્લાહ તઆલાએ આપણને હસદ કરનારના ફિત્નાથી પનાહમાં રહેવાનો હુકમ આપ્યો.

જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

**(તર્જુમો)** : ''અને હસદ કરનારની બુરાઈથી પનાહમાં રાખ ! જ્યારે તે હસદ કરવા પર ઉતરી આવે.'' *(પા. ૩૦)*

**(૩)** હસદથી ત્રીજી વસ્તુ જે ઉદ્‌ભવે છે તે બેચૈની અને વિના ધ્યેયે ગમ ફિકરનું લાગુ થવું છે. બલ્કે દુઃખ અને ફિકરની સાથે સ્વાસ્થયનો ભાર વધી જાય છે અને નાફર્માનીની ઈચ્છા થાય છે (એટલે કે કોઈ વ્યક્તિને ખુશ અને આનંદી જોઈ હસદ કરનારના પેટમાં ચૂક આવે છે.)

**(૪)** હસદથી ચોથી ખરાબી એ પેદા થાય છે કે હૃદય આંધળુ થઈ જાય છે અને અલ્લાહ તઆલાના હુકમને સમજવાની ક્ષમતા નાબૂદ થઈ થઈ જાય છે.

**(૫)** હસદથી પાંચમી ખરાબી એ પેદા થાય છે કે ઈન્સાન બેઈજ્જત અને બદ્‌નામ થઈ જાય છે. પોતાના કોઈ હેતુમાં સફળ નથી થતો અને પોતાના કોઈ શત્રુ પર વિજય નથી મેળવી શકતો.

હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કીનો રાખવાવાળો દીનદાર (ધર્મ પર ચાલનાર) નથી થઈ શકતો, ચુગલખોરને શાંતિ અને સુઃખ નસીબ નથી થતું અને હસદ કરનાર ખુદાની મદદથી વંચિત રહે છે. હું (હાતિમ અસમ) કહું છું, હસદ કરવાવાળો વ્યક્તિ પોતાના ધ્યેયમાં કેવી રીતે સફળ થઈ શકે છે જ્યારે કે તેનો હેતુ હોય છે કે ખુદા તઆલાએ આપેલી નેઅમતો લોકોથી બરબાદ થઈ મને પ્રાપ્ત થઈ જાય ! હસદ કરનાર પોતાના દુશ્મનો પર કેવી રીતે વિજય મેળવી શકે છે ?! કેમ કે તેના દુશ્મન તો અલ્લાહના નેક બંદાઓ હોય છે. *(મિન્હાજુલ આબેદીન, પેજ–૧૨૪)*

હવે તમે સંપૂર્ણ ઈમાનદારીથી બતાવો કે તેનાથી વધીને કોણ મૂર્ખ અને બુડથલ હોઈ શકે છે જે તે વ્યક્તિથી હસદ કરે જેના ઉપર અલ્લાહ તઆલા પોતાની નેઅમતોની વર્ષા કરે ! હસદ કરવાથી પોતાને પરેશાન અને બીજાના દિમાગને ઉલઝનોમાં નાખવા સિવાય શું હાથ આવે છે ? જ્યારે આપણા હસદ કરવાથી કોઈ ફાયદો નથી તો પછી હસદ કરી જહન્નમના ગરમ ગરમ અંગારાઓના શિકાર થવું દિમાગનું પાગલપણુ નથી તો શું છે ? પરંતુ અફસોસ !

*બુગ્ઝો કીના કી ઘુટન સે તો સભી વાકિફ હૈં*
*ફિર ભી લોંગો સે યે લા'નત નહીં છોળી જાતી*

બુદ્ધિનો તકાઝો તો એ છે કે અલ્લાહ તઆલાથી દુઆ કરવી જાઈએ, હે અલ્લાહ ! ફલાણા મુસ્લિમભાઈને હમેશાં સુખી રાખ અને જેવી રીતે તેને ભાતભાતની નેઅમતો આપી છે એવી રીતે મને પણ અતા ફર્માવ !


*યા રબ ! મેરે ભી ચમને નજમ કો ગુલઝારે ઈરમ કર*
*અય અબરે કરમ ! ખુશ્ક ઝરાઅત પે કરમ કર*

શરીઅતમાં આ રીતને હસદ નહીં પરતુ ''રશ્ક'' અને ''ગિબ્તા'' કહેવામાં આવે છે અને આ જાઈઝ છે. સાફ અને સાચી વાત એ છે કે જે વ્યક્તિને પોતાના ધર્મની ફિકર હશે અને પોતાના દીનથી સાચી મહોબ્બત હશે તો હસદથી દૂર રહેવાનો જરૂર પ્રયત્ન કરશે, કારણ કે હસદ દીનને બરબાદ કરી દે છે અને સાચા મો'મિન માટે દીનની તબાહી સૌથી મોટી મુસીબત છે.

સુન્ની ભાઈઓ બહેનો ! ચાલો આપણે સરવરે કાયનાત મુહમ્મદ મુસ્તફા ﷺની હદીષોનું વાંચન કરીએ અને હસદની બીમારીથી સુરક્ષિત થઈ જઈએ. હઝરત જુમરહ બિન ષઅલ્બા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, લોકો તે સમય સુધી હમેશાં સારી હાલતમાં રહેશે જ્યાં સુધી એક બીજાથી હસદ નહીં કરે. *(જહન્નમ કે ખતરાત, પેજ–૧૧૧)*

અને હઝરત જુબૈર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, આગલી ઉમ્મતોની બીમારી તમારામાં પ્રવેશી ગઈ છે, તે બીમારી હસદ અને કીનો છે. આ (બીમારી) મૂંડવાવાળી છે, હું એ નથી કહેતો કે તે વાળોને મૂંડે છે બલ્કે તે દીનને મૂંડે છે ! *(મિશ્કાત શરીફ, પેજ–૪૨૮)*

અલ્લાહ તઆલા સર્વ મુસ્લિમ ભાઈઓને બહેનોને હસદથી બચાવે અને ઈમાન પર મૌત નસીબ ફર્માવે.



# કા'બા શરીફનું ગુસ્લ
## ઈતિહાસની રોશનીમાં

મૂળ લેખક
શફીક અહમદ ફારૂકી–મદીના મુનવ્વરા
અનુવાદક
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

### શાહી વઝીફો

બનૂ શયબામાં ચાવીના માટે લાયકાત કેવળ ઉમરવાળા હોવું છે. ખાનદાનમાં જે સૌથી મોટી ઉમરવાળો હોય તેને આગલાના વફાત થતાં ચાવી તબદીલ થતી રહે છે. તેમને દેશના ખજાનામાંથી વાર્ષિક ત્રીસ હજાર સઊદી રિયાલ વઝીફા પેટે મળે છે. તદ્ઉપરાંત કા'બાના ગિલાફના પાંચ લાખ સઊદી રિયાલ પણ મળે છે જેના બદલામાં કા'બાનો ગિલાફ સઊદી હુકૂમતના હસ્તક ચાલ્યો જાય છે જેને હુકૂમત સુરક્ષિત કરી આપે છે.

### વર્તમાનકાળના ચાવી ધરાવનાર

વર્તમાનકાળમાં ચાવી ધરાવવાનું સન્માન શયબી ખાનદાનના અબ્દુલ અઝીઝ અબ્દુલ્લાહ શયબી છે જેમની ઉંમર અત્યારે લગભગ..... વર્ષ છે. અત્યારથી લગભગ..... વર્ષ પહેલાં તેમને આ સન્માન માજી ચાવી ધરાવનાર..... થી હાંસલ થતું હતું. .....જેનો મતલબ એ થયો કે તે લગભગ..... વર્ષથી આ મહાન સ્થાને બિરાજમાન છે.

### ચાવી ધરાવવાની પાત્રતા

કશાય સંકોચ વિના કહી શકાય છે કે અલ્લાહ તઆલાએ જેવી રીતે બૈતુલ્લાહનું સ્થાન પૃથ્વીના કેન્દ્ર પર પસંદ ફર્માવ્યું, કા'બાના બાનીઓની પસંદગી ફર્માવી અને કા'બાના મુતવલ્લીઓ માટે જે તિહામી કૂબીલાની પસંદગી કરી, બરાબર એ જ પ્રમાણે પોતાના આ મુક઼દ્દસ ઘરની ચાવી ધરાવવાના માટે પણ જે વંશ કુરૈશ ખાનદાનનો પસંદ કર્યો તે જ ચાવી ધરાવવાને પાત્ર ઠર્યો. એ જ કારણે ફતહે મક્કાના પ્રસંગે આપના હાથમાં ચાવી જોઈને જેવી હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે ચાવીના માટે દરખાસ્ત મૂકી તો તરત જ આ આયતે મુબારકા નાઝિલ થઈ :–

إِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمٰنٰتِ إِلٰى أَهْلِهَا

એટલે કે
બેશક ! આ અલ્લાહનો હુકમ છે કે (ચાવી)ની અમાનત તેના લાયક (શયબી ખાનદાન)ના હવાલે કરી દેવામાં આવે. જેથી આપ ﷺએ એ ચાવી ઉષ્માન બિન તલ્હા અને શયબા બિન ઉષ્માનને સંયુક્ત રીતે હવાલે કરી દીધી.

મોહતરમ છે તે ખાનદાન અને પાકીઝા કુંબો જેને અલ્લાહ તબારક વ તઆલાએ આ મહાન મન્સબના લાયક ઠરાવ્યો અને પોતાના પવિત્ર ઘરની ચાવીની અમાનતને કયામત સુધીના માટે તેમના હવાલે કરી દેવા હુકમનામુ બહાર પાડયું.

### કા'બાના ગુસ્લ માટે આબે ઝમઝમની પસંદગી

જેવી રીતે કા'બાનું ગુસ્લ આ હઝરત ﷺની સુન્નતે પાક છે એવી જ રીતે એના માટે આબે ઝમઝમની પસંદગી પણ આપ ﷺના અનુસરણ પર આધારિત છે. ખૂદ આપ ﷺના ક઼લ્બે અત્હરને ધોવાના માટે જિબ્રઈલે અમીને અલ્લાહના હુકમથી એ જ આબે ઝમઝમની વ્યવસ્થા કરી હતી.

સૂરએ આલે ઈમરાનમાં જેવી રીતે અલ્લાહ તબારક વ તઆલાએ કા'બા શરીફની ફઝીલત બયાન કરી છે તેવી જ રીતે એ પણ ઈર્શાદ ફર્માવ્યો છે કે فِيهِ اٰيٰتٌ بَيِّنٰتٌ એટલે એમાં અલ્લાહ તઆલાની ઉઘાડી નિશાનીઓ છે.

આ ઉઘાડી આયતોમાં મકામે ઈબ્રાહીમ અલ ખલીલ, ઝમઝમ, હજરે અસ્વદ, ખૂદ બૈતુલ્લાહની ભૂમિમાં તેની દિશાઓ અને કા'બાના રુકનો સામેલ છે.

ઝમઝમ ઉઘાડી નિશાની છે તેનું અસ્તિત્વ માનવીય કારનામુ નથી જેવું કે એનું વર્ણન આગળ આવશે. પાણીનું આ અતિપૂરાણુ ઝરણુ છે તે પાછલાં પાંચ હજાર વરસો કરતાં અધિક સમયથી વહે છે. જ્યાં સુધી તેના

શ્રોત (Springs)ને સંબંધ છે તે ત્રણ બાજુથી આવે છે. એક બૈતુલ્લાહ ખાનાએ કા'બાની નીચેથી બીજુ સફા પહાડ બાજુથી અને ત્રીજુ મરવા પહાડની બાજુથી આવે છે. તેમજ સૌથી વધુ પાણી તે શ્રોતથી આવે છે જે ખાનાએ કા'બા તરફથી આવી રહેલું છે. જયારે કે બૈતુલ્લાહથી આ ઝરણાનું પાણી કેવળ ૨૦ મિટર છે.

અજબની વાત છે કે ઝમઝમના કૂવાની ઊંડાઈ (Depth) લગભગ ૩૦ મિટર છે. તેના વ્યાસ (Diameter) વિવિધ છે. કૂવામાં પાણીનું લેવલ લગભગ ૪ મિટર છે, આખુ વરસ તો આ લેવલ ન વધે છે ન ઘટે છે, પરંતુ હજ્જના દિવસોમાં જ્યારે હાજી સાહેબાનનો સૌથી મહાન મજમો મક્કા મુકર્રમામાં થાય છે તો તે પાણીમાં વધારો થઈ જાય છે !

સામાન્ય દિવસોમાં કૂવાથી પાણી કાઢવાના માટે ૨૦ હોર્સપાવરનો પમ્પ વપરાય છે જેનાથી એક મિનિટમાં લગભગ ૭૫૦ લિટર પાણી નીકળે છે, જ્યારે કે આ પમ્પ દરરોજ છ સાત કલાક ચલાવવામાં આવે છે. હજ્જના સમયમાં પાણીની જરૂરત વધી જવાના કારણે પમ્પ પણ જરૂરતના પ્રમાણે વધુ વાર સુધી ચલાવવામાં આવે છે, પરંતુ પાણીમાં કદી કમી તથા ખલેલ થવાનો અંદેશો નથી આવતો.

ઝમઝમના પાણીના વૈજ્ઞાનિક પરીક્ષણો અસંખ્ય નિષ્ણાતોએ કર્યાં છે જેના પરિણામે એ વાત જાહેર થઈ છે કે ઝમઝમનું પાણી વિવિધ પ્રકારના તત્વોવાળુ છે જે તમામ માનવ તંદુરસ્તીના માટે ખૂબ જ ફાયદામંદ છે. ઝમઝમના પાણીનો એક અન્ય ગુણ પણ નોંધપાત્ર છે કે જો બોટલ વગેરેમાં વરસો વરસ સુધી પણ રાખવામાં આવે તો પણ ન તેનો સ્વાદ બદલાય છે ન તો રંગ તથા ગંધમાં કોઈ ફેરફાર થાય છે ન તો એમાં જીવજંતુ પડે છે.

રિસાલતકાળથી આજ સુધી મુસલમાનોના પરીક્ષણો તથા અનુભવો સાક્ષી છે કે લોકોએ એક એક મહિના સુધી ખાવા નથી ખાધુ બલ્કે ઝમઝમના પાણી પર ટકી રહેતા હતા ! છતાં ન તેમને ભૂખે સતાવ્યા અને તો તેમને કોઈ શારીરિક કમજોર નડી.

જ્યારે કે તેની નજીકના કૂવાઓ 'બીરે દાઉદિયા' જે હરમની અંદર બાબે ફહદની તરફ ભોંયતળિયામાં છે તેનું પાણી વૈજ્ઞાનિક પરીક્ષણો, સ્વાદ તથા સર્વ ગુણોમાં ઝમઝમના પાણીથી તદન વિરુદ્ધ છે. ઉપર દર્શાવેલ ભૌતિક ખૂબીઓ એની જગાએ છે પરંતુ ઝમઝમનું વિશિષ્ટ પાસુ એ પણ છે જેને વર્ણન કરતાં આપ صلى الله عليه وسلمએ ફર્માવ્યું هی هزمة جبرئيل وسقيا اسماعيل એટલે ઝમઝમનું પાણી ખૂબ ધરાઈ ધરાઈને પીયા કરો કેમ કે એ જિબ્રઈલની પાંખ અથવા એડીના ઘા વડે નીકળેલું તથા ઈસ્માઈલની સબીલનું પાણી છે. *(અખ્બારે મક્કા, અઝરકી)*

આપ صلى الله عليه وسلمનો નિર્દેશ ઝમઝમની શરૂઆતના એ પ્રસંગ પ્રતિ સંબંધિત છે જયારે હઝરત ઈબ્રાહીમ عليه السلام અલ્લાહ તઆલાના હુકમથી પોતાની ચહીતી પત્ની હઝરત હાજરા અને પોતાની દુઆઓનું ફળ તથા હઝરત હાજરાના એકના એક નવ જન્મેલ પુત્ર હઝરત ઈસ્માઈલને એ સમયે ઝમઝમના સ્થળ પાસે એકલા છોડીને ચાલ્યા ગયા જ્યારે કે ત્યાં વિરાન રણમાં ન કોઈ માણસ હતું ન માનવ પુત્ર, ન પડછાયો ન છાંયડો હતો, અને ન ખાવામાં કોઈ ચીજ અને પીવા માટે પાણી હતું બસ એ જ ઉજ્જડ મેદાન અને આ બે કુદ્સી મહેમાન ! એવી હાલતમાં જ્યારે હઝરત ઈસ્માઈલ عليه السلامને તરસ લાગી અને ભૂખી પ્યાસી મમતાના સીનામાં દૂધ પણ સૂકાઈ ચૂક્યુ તો પુત્રના ધ્રુસ્કાં સાથેના રૂદનને લીધે તેમને એ ડર સતાવવા લાગ્યો કે આ નાનુ બાળક જિંદગીનો એક માત્ર સહારો ક્યાંક તરસથી મૃત્યુ ન પામે, જેથી જલ્દીથી બાળકને એક પથ્થરના છાંયડામાં સૂવાડીને હઝરત હાજરા સફા પર્વત તરફ દોડયાં અને ઉપર ચઢીને ચો તરફ નજર દોડાવી. પાણીનો કોઈ ઝરીયો જોવા ન મળ્યો તો જલ્દી જલ્દી ઉતર્યાં અને એવી જગાએ જ્યાંથી બાળક નજરોથી અદશ્ય થઈ રહ્યો હતો તો દોડીને ઉપર ચઢયાં અને બાળકને હાથપગ હલાવતો જોયો તો સામેની પહાડી મરવાની તરફ ચાલી નીકળ્યાં. મરવા પર ચઢીને ચારેવ તરફ જોયું. પાણી અહીં પણ ક્યાંય ન હતું પછી ઉતર્યાં. બેચૈનીમાં આ જ રીતે સફાથી મરવા અને મરવાથી સફાના સાથે ચક્કર કેવી આજમાઈશના ચક્કર હતા. આ સાતમો ચક્કર હતો, મરવા પર પહોંચીને હવે જેવી બાળક પર નજર દોડાવી તો ઈસ્માઈલ عليه السلامની તદન નજીક જ એ જ ફરિશ્તો

મૌજૂદ હતો જેને ઈબ્રાહીમ علیہ السلامની પાસે પહેલાં પણ જોઈ ચૂક્યાં હતાં. હાંફતાં કાંપતાં પુત્રની પાસે પહોંચ્યાં તો જોયું કે હઝરત ઈસ્માઈલના પગો તરફના ભાગેથી સાફ સુથરુ પાણીનું એક ઝરણુ વહી રહ્યું છે. પાણી ફેલાવીને દૂર જવા લાગ્યું તો તેને ભેગુ કરવાના માટે જલ્દી જલ્દી રેતીની પાળ બાંધી લીધી. પરંતુ પાણીનો ફોર્સ રેતીની સામાન્ય પાળીને વહાવીને લઈ જતુ હતું. આપ પાળને ઠીક કરતાં રહેતાં અને પાણીને કહેતાં જતાં 'ઝમઝમ' થોભી જા ! અનાયાસે આપોઆપ હઝરત હાજરાની જીભેથી નીકળનારા આ જ તે શબ્દો હતા જે આજે દીને ઈબ્રાહીમના ઈતિહાસનો એક મહત્વનો મહાન શાનવાળો હિસ્સો છે સારાંશ કે એ જ સમયથી એ ઝરણા તથા પાણીના સંગ્રહનું નામ ઝમઝમ છે. હઝમતુ જિબ્રઈલ તથા સક્યાએ ઈસ્માઈલ. (જિબ્રઈલની પાંખ મારવાની જગા અને હઝરત ઈસ્માઈલની તૃપ્ત થવાની જગા)

સફા તથા મરવા વચ્ચે હઝરત હાજરાની બેચૈની સાથેની દોડના તે સાત ચક્કર કોણે જોયા હતા, સિવાય એના જે સર્વ કાંઈ જોનારો અને સાંભળનારો છે તે જ ખાલિકે કાઈનાત અને રબ્બે કદીર ! જો આ યાદગાર ચક્કરોને જો અલ્લાહ તઆલા સઈના રૂપે મુસલમાનો પર વાજિબ ન ઠરાવત અને પોતાના આ ઘરની હજ્જ તથા ઝિયારતને ફર્ઝ ન ઠરાવત તો હઝરત હાજરાની આ સફળ કોશિશ તથા ઝમઝમનો હાલ કોને યાદ રહેતો ?! તે ઝમઝમ જે પ્રારંભમાં આ બે કુદ્સી મહેમાનોનો કફીલ (આધાર) રહ્યો અને ત્યાર બાદ જેનાથી હિજાઝવાસીઓ સદીઓ સુધી ફયૂઝયાબ થતા રહ્યા અને પછી લાખો હિજાઝવાસીઓ તથા ઝિયારત કરનારાઓ આખુ વરસ જેને સંપૂર્ણ તૃપ્ત થઈને વાપરે છે અને તોહફા રૂપે લઈ જઈને દુનિયાભરના મુસલમાનોમાં વહેંચે છે. આ ક્રમને પણ સદીઓ વહી ચૂકી છે.

આં હઝરત ﷺએ ફતહે મક્કાના પ્રસંગે એક ડોલ પાણી પોતાના દસ્તે મુબારક વડે ઝમઝમના કૂવામાંથી કાઢયું પછી ડોલમાં જ મોઢું લગાડીને એક ઘૂંટડો પાણી પીધું પછી બીજો ઘૂંટડો લઈને પરત એ જ ડોલમાં નાખી દીધો અને ફર્માવ્યું કે હવે એને કૂવામાં પાછુ રેડી દો. સહાબાએ કિરામનું બયાન છે કે આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું તો એ સમયે એવી ખુશ્બુ મહેકી જે એનાથી અગાઉ અમે સુંઘી ન હતી. *(અખ્બારે મક્કા)*

આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે :– **ماء زمزم لما شرب له** 'ઝમઝમનું પાણી દરેક તે હાજતને પૂર્ણ કરનાર છે જેના માટે એને પીવામાં આવે." *(કુતુબે અહાદીષ, અખ્બારે મક્કા, અઝરકી)*

બેશક ! આબે ઝમઝમ હઝમતે જિબ્રઈલ પણ છે અને સક્યા ઈસ્માઈલ પણ છે. પરંતુ આ બનાવ પછી એ નબુવ્વતનો ફયૂઝાન પણ છે અને મુસલમાનો માટે એક અકલ્પ્ય નેઅમત પણ છે. આપ ﷺનો ઈર્શાદ છે :–

- ✪ ઝમઝમ બરકતવાળુ પાણી છે, ભૂખમાં ખોરાક છે, બીમારીમાં શિફા છે. *(મુસ્લિમ)*
- ✪ કયામતથી પહેલાં અલ્લાહ તઆલા મીઠા પાણીને ઉઠાવી લેશે, અલ્બત્ત કેવળ ઝમઝમનું પાણી રહેશે. *(અખ્બારે મક્કા અઝરકી)*
- ✪ જો તમે એને પનાહના માટે પીશો તો અલ્લાહ તમને પનાહ આપશે. *(દારકુત્ની)*
- ✪ આપણામાં અને મુનાફિકોમાં એ ફરક છે કે મુનાફિક કદી પણ પેટ ભરીને ઝમઝમ નથી પી શકતો જ્યારે આપણે ખૂબ જ ધરાઈને પીએ છીએ. *(ઈબ્ને માજહ)*
- ✪ ઝમઝમ પીવાથી નિફાક જતો રહે છે એનાથી માથાનો દુઃખાવો દૂર થઈ છે અને દૃષ્ટિ તેજ થાય છે. *(અખ્બારે મક્કા)*
- ✪ ઝમઝમ દુનિયાના પાણીઓમાં સૌથી શ્રેષ્ઠ છે. *(ઈબ્ને માજહ, તિબરી)*
- ✪ ઉલમા કહે છે કે ઝમઝમનું પાણી જન્નતના પાણીથી બેહતર છે, એટલા માટે કે જિબ્રઈલે અમીને બચપનમાં જ્યારે હુઝૂર ﷺના દિલને ચાક કર્યું તો સર્વ સામાન જન્નતથી લાવ્યા અને ઝમઝમનું પાણી દુનિયાથી લેવામાં આવ્યું.
- ✪ આપ ﷺ જયારે આબે ઝમઝમ પીતા તો ઉભા રહીને પીતા અને જ્યારે પીવા લાગતા તો આ દુઆ પઢતા :–

**اَللّٰهُمَّ اِنِّی اَسْئَلُكَ عِلْمًا نَافِعًا وَّرِزْقًا وَّاسِعًا وَّشِفَاءً مِّنْ كُلِّ دَآءٍ**

–(બુખારી કિતાબુલ અશરબા) સંપૂર્ણ

## બરકાતે ખ્વાજાની ટપાલ.......

### ★ શાદીખાના આબાદી ★

**ભરૂચ**થી જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળાની યાદી મુજબ ભરૂચ અલ ફલાહ સોસાયટી નિવાસી દાઊદભાઈ માસ્તર ઝંઘારવાળાના નેક ફરઝંદ મુહમ્મદ ઈમ્તિયાઝની શાદી નબીપુર નિવાસી અબ્દુલભાઈ બાબરીયાની સુપુત્રી અફસાનાબાનુ સાથે તા. ૪/૧/૨૦૦૯ રવિવારના રોજ રાખવામાં આવેલ જેની ખુશીમાં જનાબ દાઉદભાઈ તરફથી 'બરકાતે ખ્વાજા (માસિક)'ને રૂા.૧૦૦ અર્પણ કરેલ છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા દુલ્હા દુલ્હનની જોડી સલામત રાખે. મુબારકબાદ ! *–તંત્રી*

**દયાદરા** : અમારા મોહતરમ કાકા જનાબ ઈબ્રાહીમ ઈસ્માઈલ પટેલના નેક ફરઝંદ મુહમ્મદ હુસૈનની શાદી તા. ૨૫/૧/૨૦૦૯ના રોજ શાહીનાબાનુ (D/o. હાફેઝ ઈકબાલ ભૂરા–કુરચણ) સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! રબ તઆલા જોડાને બંને જહાનમાં આબાદ રાખે. મુબારકબાદ ! *–તંત્રી*

### ★ બીરપુર શરીફમાં ૪૯૦મો ઉર્સે દરિયાઈ ★

પીરે તરીકૃત શાહઝાદાએ દરિયાઈ દુલ્હા હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા એફ. દરિયાઈની યાદી જણાવે છે કે રબીઉલ આખર ચાંદ ૭ થી ૧૩ સુધી (તા. ૭ માર્ચથી ૧૦ માર્ચ સુધી) બીરપુર જિ. ખેડા મુકામે વલીએ કામિલ હઝરત કાઝી મેહમૂદ દરિયાઈ દુલ્હા رضی اللہ عنہનો ઉર્સ મનાવાશે. જ્યાં હજારો ચાહકો અકીદતમંદો પોતાની મુરાદો પામવા તથા બીમારીઓ, શૈતાન, જિન, જાદૂને દૂર કરવા આવે છે અને મુરાદો પામી પોતાની જોલીઓ ભરીને પરત થાય છે. ઉર્સના દિવસે ૧૧મા ચાંદે ઈશા બાદ કુર્આનખ્વાની, સંદલ શરીફ, ગિલાફપોશી, કુલ, ફાતિહા બાદ દુઆઓ થશે તો બુઝુર્ગોના ચાહકોને હાજર રહી ફયૂઝયાબ થવા અપીલ છે.

### ★ તલબાએ ગુજરાત કી ઔરસે......★

મોહતરમ વ મુકર્રમ ફખ્રે સહાફત જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, સલામ મસ્નૂન બઅદહૂ અર્ઝ હૈ કે હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાલે (પ્રેસ્ટન, યુ.કે.)કી ઔરસે ભેજા હુવા "ફતાવા રઝવિય્યહ"કા સેટ મિલ ગયા. ઉસ સેટ કી આમદ પર તલબાએ ગુજરાતને બેપનાહ ફરહત વ મુસર્રત કા ઈઝહાર કિયા. ફિકહે હનફી કે ઈસ અઝીમ શાહકાર ઔર આ'લા હઝરત رضی اللہ عنہકે ઈસ ફતાવા ગુહરબાર કી શિદતસે ઝરૂરત મહસૂસ કરતે થે, આપને ખાલિસન લિવજહિલ્લાહ હમારી ઝરૂરત કો ઈસ ગિરાં કદર ખિદમતસે પૂરા ફર્માયા, લેહાઝા હમ જામિઆ અશ્રફિયા–મુબારકપુર કે તમામ તલબાએ ગુજરાત દિલ કી અઠાહ ગહરાઈઓંસે આપ કી બારગાહમેં હદિયાએ તશ્કુર પેશ કરતે હૈં ઔર દુઆ કરતે હૈં કે અલ્લાહ તઆલા આપ કી ઈસ ખિદમત કા દારૈનમેં બેહતરીન અજર અતા ફર્માએ ઔર આપસે દીનો સુન્નિયત કી હિફાઝત વ સીયાનત ઔર દા'વતો તબ્લીગ કી ખિદમત લે. આમીન ષુમ્મ આમીન.
*–અલ્તાફ ચાંચવેલી ગુજરાતી, જામિઆ અશ્રફિયા (મુબારકપુર, યુ.પી.)*

### ★ દારુલ ઉલૂમ કાદરીયા ગરીબ નવાઝ (લેડી સ્મિથ) ખાતે ઈલ્મે નહ્વ પર મુકાબલો ★

દા.ઉ. કાદરીયા ગરીબ નવાઝ (લેડી સ્મિથ, સા. આફ્રિકા)માં તા. ૨૪/૧/૨૦૦૯ના હઝરત મૌલાના સૈયદ અલીમુદ્દીન અસ્દક મિસ્બાહીની સદારતમાં તેમના વાલિદ કુત્બે વક્ત સૈયદ શાહ મુઈનુદ્દીન અહમદ અસ્દકી ગૌષી رحمۃ اللہ علیہની યાદમાં આલિમ કલાસના તલ્બા વચ્ચે 'ઈલ્મે નહવ'ના વિષય પર મુકાબલો રચાયો જેમાં પ્રથમ નંબર લાવનારાઓ ગૃપ Aમાં સગીર નઝીર (ટાન્ઝાનિયા) જમાઅતે ષાનિયા–૯૫% તથા ગૃપ Bમાં હાફેઝ અબ્દુલ ગફ્ફાર (ઝાંબિયા) જમાઅતે ષાલેષા–૯૦% અને ગૃપ Cમાં હાફેઝ ઈમરાન ઝંઘારવી (ભાણા કોંગોવાલા–દયાદરા) ખામેસા–૧૦૦%. દરેક ગૃપમાં ૧ થી ૩ નંબર લાવનારાઓને ઈનામો અપાયાં હતાં. *–રજૂ. હાફેઝ ઈમરાન ઝંઘારવી (લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

**ભૂલ સૂધારો :** 'બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુ. ૦૯, ટાઈટલ–૨, નીચેથી લીટી નં. ૪માં તા. ૧૪–૧–૨૦૦૯ કરવી. તેમજ પેજ–૩૪, પ્રથમ પેરેગ્રાફ લીટી નં. ૧માં હિ.સ. ૫૭ને બદલે ૦૭ અને લીટી નં. ૭માં હિ.સ. ૫૮ને બદલે ૦૮ કરવું. એ જ પ્રમાણે "કા'બા શરીફનું ગુસ્લ" કિતાબ જેમને મળી હોય તેમણે પણ કિતાબના પેજ નં. ૧૮ તથા ૧૯માં હિ.સ. માં આ જ પ્રમાણે સુધારો કરી લેવો.

# કલામે ઈમામ ઈમામુલ કલામ

**અઝ : આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં** رحمۃ اللہ علیہ

**વસ્ફે રુખ ઉનકા કિયા કરતે હૈં,**
**શરહે વશશમ્સો દ્ોહા કરતે હૈં**
**ઉન્કી હમ મદહો ષના કરતે હૈં,**
**જિનકો મહમૂદ કહા કરતે હૈં**

**તૂ હૈ ખુર્શિદે રિસાલત પ્યારે,**
**છુપ ગએ તેરી ઝિયાસે તારે**
**અંબિયા ઔર હૈં સબ મહ પારે,**
**તુઝ સે હી નૂર લિયા કરતે હૈં**

**અપને મૌલા કી હૈ બસ શાને અઝીમ,**
**જાનવર ભી કરેં જિનકી તા'ઝીમ**
**સંગ કરતે હૈં અદબ સે તસ્લીમ,**
**પેળ સજદેમેં ગિરા કરતે હૈં**

**ઉંગલિયાં પાઈ વો પ્યારી પ્યારી,**
**જિનસે દરયાએ કરમ હૈ જારી**
**જોશ પર આતી હૈ જબ ગમ ખ્વારી,**
**તિશ્ને સૈરાબ હુવા કરતે હૈં**

**ટૂટ પળતી હૈં બલાએં જિન પર,**
**જિનકો મિલતા નહીં કોઈ યાવર**
**હર તરફ્સે વોહ પુર અરમાં ફિરકર,**
**ઉનકે દામન મેં છુપા કરતે હૈં**

**લબ પે આ જાતા હૈ જબ નામેં જનાબ,**
**મુંહમેં ઘુલ જાતા હૈં શહદે નાયાબ**
**વજ્દ મેં હોકે હમ અય જાં બેતાબ,**
**અપને લબ ચૂમ લિયા કરતે હૈં**

**અપને દિલકા હૈ ઉન્હીં સે આરામ,**
**સૌંપે હૈં અપને ઉન્હીં કો સબ કામ**
**લૌ લગી હૈ કે અબ ઉસ દરકે ગુલામ,**
**ચારાએ દર્દે "રઝા" કરતે હૈં**

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે *મઅલ્લાહ લી* હૈ

વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અલીમો અલી હૈ

હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રહ રવે લા મકાં કી ગલી હૈ

નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝઝત મિલી હૈ

તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ

ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ

તેરે ચારોં હમ દમ હૈં યક જાન યક દિલ
અબૂબક્ર ફારૂક઼ ઉષ્માન અલી હૈ

જો મક઼સદ ઝિયારત કા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કિજીયે યે કસ્દે દિલી હૈ

તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહખ્વાં હર નબીયો વલી હૈ

શફાઅત કરે હશ્ર મેં જો **"રઝા"** કી
સિવા તેરે કિસ કો યે કુદરત મિલી હૈ

★★★

## *લેખ હરીફાઈમાં ભાગ લેવા વિનંતિ*

*:: હરીફાઈનો વિષય ::*

**વહાબીથી નિકાહ શા માટે નહીં ?!**

**નોંધ :** આ વિષયે દારુલ ઉલૂમ, મદરસા તથા સ્કૂલ કોલેજના તલબાને વિનંતિ કરવામાં આવે છે કે નિકાહ સંબંધે ઈસ્લામનો શું હુકમ છે તથા વહાબીથી કયા કારણે નિકાહ થશે નહીં તેમજ આ સંબંધે પબ્લિક તથા પીર તથા મોલ્વીઓનો શું રોલ હોવો જોઈએ જેથી લોકો રિશ્તો કરવામાં કાળજી રાખે. આ વિષયે લેખ **૧૦-૪-૨૦૦૯** સુધીમાં મોકલી આપવા વિનંતિ છે. *–તંત્રી*

## નુઝહતુલ કારી શરહે બુખારીના ગુજરાતી અનુવાદકને ખૂબ ખૂબ મુબારકબાદ !

:: રજૂકર્તા ::
**મૌલાના સાદિક દહેગામી સાબરી**
*મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા*

| | |
|---|---|
| **હજારો સાલ નરગીસ અપની બે નૂરી પે રોતી હૈ** | **કાંટોમેં જો ખિલતા હૈ શોલોમેં જો પલતા હૈ** |
| **બડ઼ી મુશ્કિલ સે હોતા હૈ ચમન મેં દીદાવર પૈદા** | **વહી ફૂલ ગુલશન કી તક઼દીર બદલતા હૈ** |

આસ્માની કિતાબો બાદ જેને સર્વ શ્રેષ્ઠ કિતાબ કહેવામાં આવે છે તે બુખારી શરીફ છે અને તે અરબી ભાષામાં છે. જેના તર્જુમા ઘણી ભાષાઓમાં થયા અને બદ્મઝહબ ગૈર મુક઼લ્લિદ વહાબીઓ જેવા લોકોએ પોતાના મસ્લકને સાબિત કરવા ખોટા તર્જુમા અને મનઘડત અયોગ્ય તશરીહ (સમજૂતીઓ) લખી ઘણા ખોટા મસ્અલાઓ ઉભા કર્યા, એવા સંજોગોમાં જરૂરત હતી એવી શરહની જેમાં યોગ્ય તર્જુમા અને તશરીહ હોય જેનાથી બાતિલ ફિર્ક઼ાઓએ ઊભા કરેલ ખોટા મસ્અલાઓનો રદ થતો હોય. સુન્ની દુનિયા આ ભવ્ય કાર્ય માટે તરસી રહી હતી એવામાં ખુદાનો ફઝ્લ થયો કે ફક઼ીહે આ'ઝમ, સૂફીએ બાસફા, મુફતીએ હિંદુસ્તાન **હઝરત અલ્લામા વ મૌલાના મુફતી શરીફુલ હક઼્ક઼ رحمۃ اللہ علیہ સાહબે** કમર કસી અને **'નુઝહતુલ ક઼ારી શરહે બુખારી'** નામી કિતાબનો અનમોલ તોહફો (ઉર્દૂમાં) ઉમ્મતે મુસ્લિમાને આપ્યો જેમાં સુંદર તર્જુમો અને લાજવાબ સમજૂતી લખી સુન્નીઓ પર મહાન એહસાન કર્યું. ખુદા મુફતી સાહબની ક઼બ્રે અન્વર પર રાત દિવસ રહમતો બરકતનો વરસાદ વરસાવે. (આમીન)

ગુજરાતી ભાષામાં પણ બુખારી શરીફના તર્જુમા ઘણા વર્ષોથી બદ્મઝહબોએ ફરતા કરી દીધા હતા અને ગુજરાતી સુન્ની અવામ ગુજરાતીમાં બુખારી શરીફ જોવા હસ્રતભરી નિગાહોથી રાહ જોઈ રહી હતી. ઘણા સમયથી સુન્ની દુનિયા ગુજરાતી બુખારી શરીફથી મેહરૂમ હતી એવામાં રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺની રહમતો જોશમાં આવી અને વર્ષોના ખ્વાબને હક઼ીક઼તનું સ્વરૂપ આપ્યું જેને જોવા સુન્ની દુનિયા તડપી રહી હતી તે બુખારી શરીફ **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી (ભાગ–૧)** ગુજરાતી તર્જુમો અને શરહ સાથે આજે આપણા હાથમાં છે. આ મહાન કાર્ય કરનાર તે વ્યક્તિ છે જેના ક઼લમી જેહાદે બાતિલ મઝહબોમાં ભૂકંપો સર્જયા છે, જેને દુનિયા ગુજરાતી રઈસુલ ક઼લમ મુજાહિદે સુન્નિયત અલ્હાજ શબ્બીરભાઈ પટેલ રઝવીના નામથી ઓળખે છે. નિઃશંક ! શબ્બીરભાઈએ નુઝહતુલ ક઼ારી શરહે બુખારીનો ગુજરાતીમાં અનુવાદ કરી જગતભરમાં વસતા ગુજરાતીઓ પર ઘણુ મોટુ એહસાન કર્યું છે જેને સુન્ની દુનિયા ક઼યામત સુધી યાદ રાખશે. શબ્બીરભાઈના આ અઝીમ કારાનામાથી સુન્નિયતમાં ખુશીનો વરસાદ થયો છે. આ બેમિષ્લ અને મહાન કાર્ય પર અનુવાદક તથા પ્રકાશકોને જેટલી શુભેચ્છાઓ પાઠવવામાં આવે તે ઓછી છે. હું મઝહબે અહલે સુન્નત, ઉલમાએ અહલે સુન્નત ખુસૂસન હલ્ક઼એ સાબરીયા ચિશ્તીયા તરફથી લાખો આભાર સાથે નિઃસ્વાર્થ દિલથી ખૂબ ખૂબ મુબારકબાદીઓ આપુ છું.

ખુદા તઆલા બસદક઼એ હબીબે ખુદા ﷺ જનાબ શબ્બીર પટેલને દીનો દુનિયામાં તેની શાને કરીમીના મુતાબિક બેહતરથી બેહતર બદલો અતા ફર્માવે અને તેમના આપેલ અનમોલ તોહફાથી ફાયદો ઉઠાવવાની સુન્નીઓને તૌફીક઼ અતા ફર્માવે. (આમીન) આખિરમાં હું તમામ સુન્ની બિરાદરાને તથા ઉલ્માએ કિરામ અને મહાન સાહેબોની બારગાહમાં નમ્ર અપીલ કરું છું કે આ મહાન કાર્ય પર જનાબ શબ્બીરભાઈને પ્રોત્સાહન આપી આ અઝીમ કિતાબને ઘર ઘર પહોંચાડવા સાથ સહકાર આપશો.

લિ. (ખાકપાએ સાબિરપીયા કલયરી) **સાદિક હસન સાબરી દહેગામી** *(મુદર્રિસ દા.ઉ. નૂરે મુહમ્મદી, દયાદરા)*

**નોંધ** : મોહતરમ મૌલાના સાદિક સાહબ ! પત્ર બદલ આભાર ! જઝાકલ્લાહ ! આપના લક઼બોને લાયક હું નથી, બસ અલ્લાહ આપના બોલને મક઼બૂલ ફર્માવે અને આ અજ્ઞાનીને એ લાયક બનાવે. તથા **''નુઝહતુલ ક઼ારી શરહે બુખારી''**ના નવે નવ ભાગો વહેલી તકે ગુજરાતીમાં આવી જાય એવી દુઆ કરશો. –*તંત્રી*